सिंघी जैन ग्रन्थ माला

[ग्रन्थांक २५]

श्रीमहेश्वरसूरिकृताः

ज्ञानपञ्चमीकथाः

[प्राकृतभाषानिबद्धाः]

SINGHI JAIN SERIES

[NUMBER 25]

NĀṆAPANCHAMĪKAHAO

OF

MAHES'VARASŪRI

कलकत्तानिवासी

साधुचरित-श्रेष्ठिवर्य श्रीमद् डालचन्दजी सिंघी पुण्यस्मृतिनिमित्त

प्रतिष्ठापित एवं प्रकाशित

सिंघी जैन ग्रन्थमाला

[जैन आगमिक, दार्शनिक, साहित्यिक, ऐतिहासिक, वैज्ञानिक, कथात्मक—इत्यादि विविधविषयगुम्फित; प्राकृत, संस्कृत, अपभ्रंश, प्राचीनगूर्जर-राजस्थानी आदि नानाभाषानिबद्ध; सार्वजनीन पुरातन वाङ्मय तथा नूतनसंशोधनात्मक साहित्य प्रकाशिनी सर्वश्रेष्ठ जैन ग्रन्थावलि.]

प्रतिष्ठाता

श्रीमद्-डालचन्दजी-सिंघीसत्पुत्र

स्व० दानशील-साहित्यरसिक-संस्कृतिप्रिय

श्री बहादुर सिंहजी सिंघी

प्रधान सम्पादक तथा संचालक

आचार्य जिनविजय मुनि

(सम्मान्य नियामक—भारतीय विद्या भवन, बंबई)

सर्वथैव संरक्षक

श्री राजेन्द्र सिंहजी सिंघी

तथा

श्री नरेन्द्र सिंहजी सिंघी

*

प्रकाशनकर्ता

सिंघी जैनशास्त्र शिक्षापीठ

भारतीय विद्या भवन

卐 बम्बई 卐

प्रकाशक—जयन्तकृष्ण ह. दवे, एम्.ए. एलएल्.बी. ऑनररी रजिस्ट्रार, भारतीय विद्या भवन, चौपाटीरोड; मुंबई ७.

मुद्रक—रामचंद्र येसू शेडगे, निर्णयसागर प्रेस, २६-२८, कोलभाट स्ट्रीट, काल्बादेवी; मुंबई २.

श्रीमहेश्वरसूरिविरचित

[प्राकृतभाषामय]

नाणपंचमीकहाओ

[ज्ञानपञ्चमीकथाः]

[विस्तृत गुजराती प्रस्तावना पाठभेद परिशिष्टादि विविधवस्तुसमन्वित]

*

संपादक

अध्यापक डॉ. अमृतलाल सवचंद गोपाणी

एम्. ए., पीएच्. डी.

प्राध्यापक–अर्द्धमागधी शिक्षाविभाग

(भारतीयविद्या भवनद्वारा संचालित – मेघजी मथुरादास आर्टस् कॉलेज, अन्धेरी)

प्रकाशनकर्ता

सिंघी जैन शास्त्र शिक्षापीठ

भारतीय विद्या भवन

बंबई

विक्रमाब्द २००५] प्रथमावृत्ति, पंचशत प्रति [१९४९ खिस्ताब्द

ग्रन्थांक २९] 卐 [मूल्य रू. ७-४-०

॥ सिंघीजैनग्रन्थमालासंस्थापकप्रशस्तिः ॥

अस्ति बङ्गाभिधे देशे सुप्रसिद्धा मनोरमा। मुर्शिदाबाद इत्याख्या पुरी वैभवशालिनी ॥ १
बहवो निवसन्त्यत्र जैना ऊकेशवंशजाः। धनाढ्या नृपसम्मान्या धर्मकर्मपरायणाः ॥ २
श्रीडालचन्द इत्यासीत् तेष्वेको बहुभाग्यवान्। साधुवत् सच्चरित्रो यः सिंघीकुलप्रभाकरः ॥ ३
बाल्य एवागतो यश्च कर्तुं व्यापारविस्तृतिम्। कलिकातामहापुर्यां धृतधर्मार्थनिश्चयः ॥ ४
कुशाग्रीयस्वबुद्ध्यैव सद्वृत्त्या च सुनिष्ठया। उपार्ज्य विपुलां लक्ष्मीं कोट्यधिपोऽजनिष्ट सः ॥ ५
तस्य मन्नुकुमारीति सन्नारीकुलमण्डना। अभूत् पतिव्रता पत्नी शीलसौभाग्यभूषणा ॥ ६
श्रीबहादुरसिंहाख्यो गुणवाँस्तनयस्तयोः। अभवत् सुकृती दानी धर्मप्रियश्च धीनिधिः ॥ ७
प्राप्ता पुण्यवता तेन पत्नी तिलकसुन्दरी। यस्याः सौभाग्यचन्द्रेण भासितं तत्कुलाम्बरम् ॥ ८
श्रीमान् राजेन्द्रसिंहोऽस्य ज्येष्ठपुत्रः सुशिक्षितः। यः सर्वकार्यदक्षत्वात् दक्षिणबाहुवत् पितुः ॥ ९
नरेन्द्रसिंह इत्याख्यस्तेजस्वी मध्यमः सुतः। सूनुर्वीरेन्द्रसिंहश्च कनिष्ठः सौम्यदर्शनः ॥ १०
सन्ति त्रयोऽपि सत्पुत्रा आप्तभक्तिपरायणाः। विनीताः सरला भव्याः पितुर्मार्गानुगामिनः ॥ ११
अन्येऽपि बहवस्तस्याभवन् स्वस्रादिबान्धवाः। धनैर्जनैः समृद्धः सन् स राजेव व्यराजत ॥ १२

अन्यच्च –

सरस्वत्यां सदासक्तो भूत्वा लक्ष्मीप्रियोऽप्ययम्। तत्राप्यासीत् सदाचारी तच्चित्रं विदुषां खलु ॥ १३
नाहंकारो न दुर्भावो न विलासो न दुर्व्ययः। दृष्टः कदापि तद्गेहे सतां तद् विस्मयास्पदम् ॥ १४
भक्तो गुरुजनानां स विनीतः सज्जनान् प्रति। बन्धुजनेऽनुरक्तोऽभूत् प्रीतः पोष्यगणेष्वपि ॥ १५
देश-कालस्थितिज्ञोऽसौ विद्या-विज्ञानपूजकः। इतिहासादि-साहित्य-संस्कृति-सत्कलाप्रियः ॥ १६
समुन्नत्यै समाजस्य धर्मस्योत्कर्षहेतवे। प्रचाराय च शिक्षाया दत्तं तेन धनं घनम् ॥ १७
गत्वा सभा-समित्यादौ भूत्वाऽध्यक्षपदान्वितः। दत्त्वा दानं यथायोग्यं प्रोत्साहिताश्च कर्मठाः ॥ १८
एवं धनेन देहेन ज्ञानेन शुभनिष्ठया। अकरोत् स यथाशक्ति सत्कर्माणि सदाशयः ॥ १९
अथान्यदा प्रसङ्गेन स्वपितुः स्मृतिहेतवे। कर्तुं किञ्चिद् विशिष्टं स कार्यं मनस्यचिन्तयत् ॥ २०
पूज्यः पिता सदैवासीत् सम्यग्-ज्ञानरुचिः स्वयम्। तस्मात् तज्ज्ञानवृद्ध्यर्थं यतनीयं मयाऽप्यरम् ॥ २१
विचार्यैवं स्वयं चित्ते पुनः प्राप्य सुसम्मतिम्। श्रद्धास्पदस्वमित्राणां विदुषां चापि तादृशाम् ॥ २२
जैनज्ञानप्रसारार्थं स्थाने शा न्ति नि के त ने। सिंघीपदाङ्कितं जै न ज्ञा न पी ठ मतीष्ठिपत् ॥ २३
श्रीजिनविजयः प्राज्ञो मुनिनाम्ना च विश्रुतः। स्वीकर्तुं प्रार्थितस्तेन तस्याधिष्ठायकं पदम् ॥ २४
तस्य सौजन्य-सौहार्द-स्थैर्यौदार्यादिसद्गुणैः। वशीभूय मुदा येन स्वीकृतं तत्पदं वरम् ॥ २५
कवीन्द्रेण रवीन्द्रेण स्वीयपावनपाणिना। रस-नागाङ्क-चन्द्राब्दे तत्प्रतिष्ठा व्यधीयत ॥ २६
प्रारब्धं मुनिना चापि कार्यं तदुपयोगिकम्। पाठनं ज्ञानलिप्सूनां ग्रन्थानां ग्रथनं तथा ॥ २७
तस्यैव प्रेरणां प्राप्य श्रीसिंघीकुलकेतुना। स्वपितृश्रेयसे ह्येषा प्रारब्धा ग्रन्थमालिका ॥ २८
उदारचेतसा तेन धर्मशीलेन दानिना। व्ययितं पुष्कलं द्रव्यं तत्तत्कार्यसुसिद्धये ॥ २९
छात्राणां वृत्तिदानेन नैकेषां विदुषां तथा। ज्ञानाभ्यासाय निष्कामसाहाय्यं स प्रदत्तवान् ॥ ३०
जलवाय्वादिकानां तु प्रातिकूल्यादसौ मुनिः। कार्यं त्रिवार्षिकं तत्र समाप्यान्यत्र चास्थितः ॥ ३१
तत्रापि सततं सर्वं साहाय्यं तेन यच्छता। ग्रन्थमालाप्रकाशाय महोत्साहः प्रदर्शितः ॥ ३२
नन्द-निध्यङ्क-चन्द्राब्दे जाता पुनः सुयोजना। ग्रन्थावल्याः स्थिरत्वाय विस्तराय च नूतना ॥ ३३
ततः सुहृत्परामर्शात् सिंघीवंशनभस्वता। भा वि द्या भ व ना येयं ग्रन्थमाला समर्पिता ॥ ३४
आसीत्तस्य मनोवाञ्छाऽपूर्वा ग्रन्थप्रकाशने। तदर्थं व्ययितं तेन लक्षावधि हि रूप्यकम् ॥ ३५
दुर्विलासाद् विधेर्हन्त ! दौर्भाग्याच्चात्मबन्धूनाम्। स्वल्पेनैवाथ कालेन स्वर्गं स सुकृती ययौ ॥ ३६
इन्दु-ख-शून्य-नेत्राब्दे मासे आषाढसञ्ज्ञके। कलिकाताख्यपुर्यां स प्राप्तवान् परमां गतिम् ॥ ३७
पितृभक्तैश्च तत्पुत्रैः प्रेयसे पितुरात्मनः। तथैव प्रपितुः स्मृत्यै प्रकाश्यतेऽधुना पुनः ॥ ३८
इयं ग्रन्थावलिः श्रेष्ठा प्रेष्ठा प्रज्ञावतां प्रथा। भूयाद् भूत्यै सतां सिंघीकुलकीर्तिप्रकाशिका ॥ ३९
विद्वज्जनकृताह्लादा सच्चिदानन्ददा सदा। चिरं नन्दत्वियं लोके श्रीसिंघी ग्रन्थपद्धतिः ॥ ४०

॥ सिंघीजैनग्रन्थमालासम्पादकप्रशस्तिः ॥

स्वस्ति श्रीमेदपाटाख्यो देशो भारतविश्रुतः । रूपाहेलीति सन्नाम्नी पुरिका तत्र सुस्थिता ॥ १
सदाचार-विचाराभ्यां प्राचीननृपतेः समः । श्रीमच्चतुरसिंहोऽत्र राठोडान्वयभूमिपः ॥ २
तत्र श्रीवृद्धिसिंहोऽभूद् राजपुत्रः प्रसिद्धिभाक् । क्षात्रधर्मधनो यश्च परमारकुलाग्रणीः ॥ ३
मुञ्ज-भोजमुखा भूपा जाता यस्मिन् महाकुले । किं वर्ण्यते कुलीनत्वं तत्कुलजातजन्मनः ॥ ४
पत्नी राजकुमारीति तस्याभूद् गुणसंहिता । चातुर्य-रूप-लावण्य-सुवाक्-सौजन्यभूषिता ॥ ५
क्षत्रियाणीप्रभापूर्णां शौर्योद्दीप्तमुखाकृतिम् । यां दृष्ट्वैव जनो मेने राजन्यकुलजा त्वियम् ॥ ६
पुत्रः किसनसिंहाख्यो जातस्तयोरतिप्रियः । रणमल्ल इति चान्यद् यन्नाम जननीकृतम् ॥ ७
श्रीदेवीहंसनामाऽत्र राजपूज्यो यतीश्वरः । ज्योतिर्भैषज्यविद्यानां पारगामी जनप्रियः ॥ ८
आगतो मरुदेशाद् यो भ्रमन् जनपदान् बहून् । जातः श्रीवृद्धिसिंहस्य प्रीति-श्रद्धास्पदं परम् ॥ ९
तेनाथाप्रतिमप्रेम्णा स तत्सूनुः स्वसन्निधौ । रक्षितः, शिक्षितः सम्यक्, कृतो जैनमतानुगः ॥ १०
दौर्भाग्यात् तच्छिशोर्बाल्ये गुरु-तातौ दिवंगतौ । विमूढः स्वगृहात् सोऽथ यदृच्छया विनिर्गतः ॥ ११

तथा च—

भ्रान्त्वा नैकेषु देशेषु सेवित्वा च बहून् नरान् । दीक्षितो मुण्डितो भूत्वा जातो जैनमुनिस्ततः ॥ १२
ज्ञातान्यनेकशास्त्राणि नानाधर्ममतानि च । मध्यस्थवृत्तिना तेन तत्त्वातत्त्वगवेषिणा ॥ १३
अधीता विविधा भाषा भारतीया युरोपजाः । अनेका लिपयोऽप्येवं प्रत्न-नूतनकालिकाः ॥ १४
येन प्रकाशिता नैके ग्रन्था विद्वत्प्रशंसिताः । लिखिता बहवो लेखा ऐतिह्यतथ्यगुम्फिताः ॥ १५
स बहुभिः सुविद्वद्भिस्तन्मण्डलैश्च सत्कृतः । जिनविजयनाम्नाऽसौ ख्यातोऽभवद् मनीषिषु ॥ १६
यस्य तां विश्रुतिं ज्ञात्वा श्रीमद्गान्धीमहात्मना । आहूतः सादरं पुण्यपत्तनात् स्वयमन्यदा ॥ १७
पुरे चाहम्मदाबादे राष्ट्रीयशिक्षणालयः । विद्यापीठ इति ख्यात्या प्रतिष्ठितो यदाऽभवत् ॥ १८
आचार्यत्वेन तत्रोच्चैर्नियुक्तः स महात्मना । रस-मुनि-निधीन्द्वब्दे पुरातत्त्वाख्यमन्दिरे ॥ १९
वर्षाणामष्टकं यावत् सम्भूष्य तत् पदं ततः । गत्वा जर्मनराष्ट्रे स तत्संस्कृतिमधीतवान् ॥ २०
तत आगत्य सँल्लग्नो राष्ट्रकार्ये च सक्रियम् । कारावासोऽपि सम्प्राप्तो येन स्वराज्यपर्वणि ॥ २१
क्रमात् ततो विनिर्मुक्तः स्थितः शान्तिनिकेतने । विश्ववन्द्यकवीन्द्रश्रीरवीन्द्रनाथभूषिते ॥ २२
सिंघीपदयुतं जैनज्ञानपीठं तदाश्रितम् । स्थापितं तत्र सिंघीश्रीडालचन्दस्य सूनुना ॥ २३
श्रीबहादुरसिंहेन दानवीरेण धीमता । स्मृत्यर्थं निजतातस्य जैनज्ञानप्रसारकम् ॥ २४
प्रतिष्ठितश्च तस्यासौ पदेऽधिष्ठातृसञ्ज्ञके । अध्यापयन् वरान् शिष्यान् ग्रन्थयन् जैनवाङ्मयम् ॥ २५
तस्यैव प्रेरणां प्राप्य श्रीसिंघीकुलकेतुना । स्वपितृश्रेयसे ह्येषा प्रारब्धा ग्रन्थमालिका ॥ २६
अथैवं विगतं यस्य वर्षाणामष्टकं पुनः । ग्रन्थमालाविकासार्थिप्रवृत्तिषु प्रयस्यतः ॥ २७
बाण-रत्न-नवेन्द्वब्दे मुंबाईनगरीस्थितः । मुंशीति विरुदख्यातः कन्हैयालालधीसखः ॥ २८
प्रवृत्तो भारतीयानां विद्यानां पीठनिर्मितौ । कर्मनिष्ठस्य तस्याभूत् प्रयत्नः सफलोऽचिरात् ॥ २९
विदुषां श्रीमतां योगात् संस्था जाता प्रतिष्ठिता । भारतीयपदोपेतविद्याभवनसञ्ज्ञया ॥ ३०
आहूतः सहकार्यार्थं स मुनिस्तेन सुहृदा । ततः प्रभृति तत्रापि सहयोगं प्रदत्तवान् ॥ ३१
तद्भवनेऽन्यदा तस्य सेवाऽधिका ह्यपेक्षिता । स्वीकृता नम्रभावेन साऽप्याचार्यपदाश्रिता ॥ ३२
नन्द-निध्यङ्क-चन्द्राब्दे वैक्रमे विहिता पुनः । एतद्ग्रन्थावलीस्थैर्यकृत् तेन नव्ययोजना ॥ ३३
परामर्शात् ततस्तस्य श्रीसिंघीकुलभास्वता । भाविद्याभवनायेयं ग्रन्थमाला समर्पिता ॥ ३४
प्रदत्ता दशसाहस्री पुनस्तस्योपदेशतः । स्वपितृस्मृतिमन्दिरकरणाय सुकीर्तिना ॥ ३५
दैवादल्पे गते काले सिंघीवर्यो दिवंगतः । यस्तस्य ज्ञानसेवायां साहाय्यमकरोत् महत् ॥ ३६
पितृकार्यप्रगत्यर्थं यत्नशीलैस्तदात्मजैः । राजेन्द्रसिंहमुख्यैश्च सत्कृतं तद्वचस्ततः ॥ ३७
पुण्यश्लोकपितुर्नाम्ना ग्रन्थागारकृते पुनः । बन्धुज्येष्ठो गुणश्रेष्ठो ह्यर्द्धलक्षं प्रदत्तवान् ॥ ३८
ग्रन्थमालाप्रसिद्ध्यर्थं पितृवत् तस्य कांक्षितम् । श्रीसिंघीबन्धुभिः सर्वं तद्गिराऽनुविधीयते ॥ ३९
विद्वज्जनकृताह्लादा सच्चिदानन्ददा सदा । चिरं नन्दत्वियं लोके जिनविजयभारती ॥ ४०

*
* *

सिंघी जैन ग्रन्थमाला

अद्यावधि मुद्रितग्रन्थनामावलि

१ मेरुतुङ्गाचार्यरचित प्रबन्धचिन्तामणि मूलग्रन्थ.
२ पुरातनप्रबन्धसंग्रह. (बहुविध ऐतिह्यतथ्य परिपूर्ण)
३ राजशेखरसूरिरचित प्रबन्धकोश.
४ जिनप्रभसूरिकृत विविधतीर्थकल्प.
५ मेघविजयोपाध्यायविरचित देवानन्दमहाकाव्य.
६ यशोविजयोपाध्यायकृत जैनतर्कभाषा.
७ हेमचन्द्राचार्यकृत प्रमाणमीमांसा.
८ भट्टाकलङ्कदेवकृत अकलङ्कग्रन्थत्रयी.
९ प्रबन्धचिन्तामणि – हिन्दी भाषान्तर.
१० प्रभाचन्द्रसूरिरचित प्रभावकचरित.
11 Life of Hemachandracharya: By Dr. G. Bühler.
१२ सिद्धिचन्द्रोपाध्यायरचित भानुचन्द्रगणिचरित.
१३ यशोविजयोपाध्यायविरचित ज्ञानबिन्दुप्रकरण.
१४ हरिषेणाचार्यकृत बृहत्कथाकोश.
१५ जैनपुस्तकप्रशस्ति संग्रह-प्रथम भाग.
१६ हरिभद्रसूरिविरचित धूर्ताख्यान.
१७ दुर्गदेवकृत रिष्टसमुच्चय.
१८ मेघविजयोपाध्यायकृत दिग्विजयमहाकाव्य.
१९ कवि अब्दुल रहमानकृत सन्देशरासक.
२० महाकवि भर्तृहरिविरचित शतकत्रयादि-सुभाषितसंग्रह.
२१ शान्त्याचार्यकृत न्यायावतारवार्तिकवृत्ति.
२२ कवि धाहिलरचित पउमसिरीचरिउ. (अपभ्रंश)
२३ महेश्वरसूरिकृत नाणपंचमीकहा.

संप्रति मुद्र्यमाणग्रन्थनामावलि

१ खरतरगच्छगुर्वावलि.
२ कुमारपालचरित्रसंग्रह.
३ विविधगच्छीयपट्टावलिसंग्रह.
४ जैनपुस्तकप्रशस्ति संग्रह, भाग २.
५ विज्ञप्तिमहालेखादि विज्ञप्तिलेखसंग्रह.
६ उद्योतनसूरिकृत कुवलयमालाकथा.
७ उदयप्रभसूरिकृत धर्माभ्युदयमहाकाव्य.
८ कीर्तिकौमुदी आदि अनेक प्रशस्त्यादि संग्रह.
९ जिनेश्वरसूरिकृत कथाकोषप्रकरण.
१० महामुनि गुणपालविरचित जंबूचरित्र (प्राकृत).
११ जयपाहुडनाम निमित्तशास्त्र.
१२ कोऊहलविरचित लीलावतीकथा (प्राकृत).
१३ गुणचन्द्रविरचित मंत्रीकर्मचन्द्रवंशप्रबन्ध.
१४ नयचन्द्रविरचित हम्मीरमहाकाव्य.
१५ भद्रबाहुसंहिता.
१६ महेन्द्रसूरिकृत नर्मदासुन्दरीकथा.
१७ जिनदत्ताख्यानद्वय (प्राकृत).
१८ स्वयंभूविरचित पउमचरिउ (अपभ्रंश).
१९ सिद्धिचन्द्रकृत काव्यप्रकाशखण्डन.
२० जयसिंहसूरिकृत धर्मोपदेशमाला.

मुद्रणार्थ निर्धारित एवं सज्जीकृतग्रन्थनामावलि

१ भानुचन्द्रगणिकृत विवेकविलासटीका. २ पुरातन रास-भासादिसंग्रह. ३ प्रकीर्ण वाङ्मय प्रकाश. ४ सिद्धिचन्द्रोपाध्यायविरचित वासवदत्ताटीका. ५ देवचन्द्रसूरिकृत मूलशुद्धिप्रकरणवृत्ति. ६ रत्नप्रभाचार्यकृत उपदेशमाला टीका. ७ यशोविजयोपाध्यायकृत अनेकान्तव्यवस्था. ८ जिनेश्वराचार्यकृत प्रमालक्ष्म. ९ महानिशीथसूत्र. १० तरुणप्रभाचार्यकृत आवश्यकबालावबोध. ११ राठोडवंशावलि. १२ उपकेशगच्छप्रबन्ध. १३ वर्धमानाचार्यकृत गणरत्नमहोदधि. १४ प्रतिष्ठासोमकृत सोमसौभाग्यकाव्य. १५ नेमिचन्द्रकृत षष्टीशतक (पृथक् पृथक् ३ बालावबोधयुक्त). १६ शीलांकाचार्य विरचित महापुरुषचरित्र (प्राकृत महाग्रन्थ). १७ चंदप्पहचरियं (प्राकृत). १८ नेमिनाहचरिउ (अपभ्रंश महाग्रन्थ). १९ उपदेशपदटीका (वर्धमानाचार्यकृत). २० निर्वाणलीलावती कथा (सं. कथा ग्रन्थ). २१ सनत्कुमारचरित (संस्कृत काव्यग्रन्थ). २२ राजवल्लभ पाठककृत भोजचरित्र. २३ प्रमोदमाणिक्यकृत वाग्भटालंकारवृत्ति. २४ सोमदेवादिकृत विदग्धमुखमण्डनवृत्ति. २५ समयसुन्दरादिकृत वृत्तरत्नाकरवृत्ति. २६ पाण्डित्यदर्पण. २७ पुरातन प्रबन्धसंग्रह-हिन्दी भाषान्तर. २८ भुवनभानुचरित्र बालावबोध. २९ भुवनसुन्दरी चरित्र (प्राकृत कथा) इत्यादि, इत्यादि.

*
* *

सौभाग्यवती श्री कस्तूरीने
स्नेहार्द्रभावे समर्पण

अ. स. गोपाणी

ग्रन्थानुक्रमणिका

स्व० बाबू श्री बहादुर सिंहजी सिंघी

अने

सिंघी जैन ग्रन्थ माला

——[स्मरणाञ्जलि]——

मारा अनन्य आदर्शपोषक, कार्यसाहायक, उत्साहप्रेरक अने सहृदय स्नेहास्पद बाबू श्री बहादुर सिंहजी सिंघी, जेमणे मारी विशिष्ट प्रेरणाथी, पोताना स्वर्गवासी साधुचरित पिता श्री डालचंदजी सिंघीना पुण्य-स्मरण निमित्त, आ **'सिंघी जैन ग्रन्थ माला'** नी कीर्तिकारिणी स्थापना करीने, एना निमित्ते दरवर्षे हजारो रूपिया खर्च करवानी आदर्श उदारता प्रकट करी हती; अने जेमनी आवी असाधारण ज्ञानभक्ति साथे अनन्य आर्थिक उदारवृत्ति जोईने में पण, मारा जीवननो विशिष्ट शक्तिशाली अने बहु ज मूल्यवान् अवशेष उत्तर काळ, ए ग्रन्थमाळाना ज विकास अने प्रकाशने माटे सर्वात्मनाए समर्पित करी दीधो; तथा जेमणे आ ग्रन्थमाळानुं विगत १३–१४ वर्षोमां आवुं सुंदर, समृद्ध अने सर्वादरणीय कार्यफळ निष्पन्न थएलुं जोईने भविष्यमां आना कार्यने वधारे प्रगतिमान् अने वधारे विस्तीर्ण रूपमां जोवानी पोताना जीवननी एकमात्र परम अभिलाषा सेवी हती; अने तदनुसार, मारी प्रेरणा अने योजनाने अनुसरीने, प्रस्तुत ग्रंथमाळानी कार्यव्यवस्था **'भारतीय विद्याभवन'** ने समर्पित करी, आना भावी अंगे निश्चित थया हता; ते पुण्यवान्, साहित्यरसिक, उदारमनस्क, अमृताभिलाषी, अभिनन्दनीय आत्मा हवे आ संसारमां विद्यमान नथी. सन् १९४४ ना जुलाई मासनी ७ मी तारीखे ५९ वर्षनी उमरे ए महान् आत्मा आ लोकमांथी प्रस्थान करी गयो. तेमना एवा भव्य, आदरणीय, स्पृहणीय अने श्लाघनीय जीवनने पोतानी किंचित् स्नेहात्मक 'स्मरणाञ्जलि' समर्पित करवा निमित्ते, तेमनो संक्षिप्त जीवन-परिचय अहिं आपवामां आवे छे.

सिंघीजीना जीवन साथेना मारा खास खास स्मरणोनुं विस्तृत आलेखन में हिंदीमां कर्युं छे अने ते खास करीने सिंघीजीना ज **'स्मारक ग्रंथ'** तरीके प्रगट करवामां आवेला **'भारतीय विद्या'** नामक पत्रिकाना त्रीजा भागनी अनुपूर्तिरूपे प्रसिद्ध करवामां आव्युं छे. सिंघीजी विषे विशेष जाणवानी इच्छावाळा वाचकोने ए 'स्मारक ग्रंथ' जोवानी भलामण छे.

*

बाबू श्री बहादुर सिंहजीनो जन्म बंगालना मुर्शिदावाद जिल्लामां आवेला अजीमगंज नामक स्थानमां, संवत् १९४१ मां थयो हतो. तेओ बाबू डालचंदजी सिंघीना एकमात्र पुत्र हता. तेमनी माता श्रीमती मन्नुकुमारी अजीमगंजना ज बैद कुटुंबना बाबू जयचंदजीनी पुत्री थती हती. श्री मन्नुकुमारीनी एक ब्हेन जगत्सेठने त्यां परणावेली हती अने बीजी ब्हेन सुप्रसिद्ध नाहार कुटुंबमां परणावेली हती. कलकत्ताना स्व० सुप्रसिद्ध जैन स्कॉलर अने आगेवान व्यक्ति बाबू पूरणचंदजी नाहार, बाबू बहादुर सिंहजी सिंघीना मासीआई भाई थता हता. सिंघीजीनो विवाह, बालुचर–जीआगंजना सुप्रसिद्ध धनाढ्य जैन गृहस्थ लक्ष्मीपत सिंहजीनी पौत्री अने छत्रपत सिंहजीनी पुत्री श्रीमती तिलकसुंदरी साथे संवत् १९५४ मां थयो हतो. ए रीते श्री बहादुर सिंहजी सिंघीनो कौटुंबिक संबंध बंगालना खास प्रसिद्ध जैन कुटुंबो साथे गाढ रीते संकळाएलो हतो.

*

बाबू श्री बहादुर सिंहजीना पिता बाबू डालचंदजी सिंघी बंगालना जैन महाजनोमां एक बहु ज प्रसिद्ध अने सच्चरित पुरुष थई गया. तेओ पोताना एकीला जात पुरुषार्थ अने उद्योगथी, एक बहु ज साधारण स्थितिना व्यापारीनी कोटिमांथी म्होटा करोडाधिपतिनी स्थितिये पहोंच्या हता अने साराय बंगालमां एक सुप्रतिष्ठित अने प्रामाणिक व्यापारी तरीके तेमणे विशिष्ट ख्याति प्राप्त करी हती. एक वखते तेओ, बंगालनो सौथी मुख्य व्यापार जे जूटनो गणाय छे तेना, सौथी म्होटा व्यापारी थई गया हता. तेमना पुरुषार्थथी, तेमनी व्यापारी पेढी जे हरिसिंह निहालचंदना नामे चालती हती ते बंगालमां जूटनो व्यापार करनारी देशी तथा विदेशी पेढीयोमां सौथी म्होटी पेढी गणाती थई हती.

बाबू डालचंदजी सिंघीनो जन्म संवत् १९२१ मां थयो हतो, अने १९३५ मां तेमनुं श्री मन्नुकुमारी साथे लग्न थयुं. १४–१५ वर्षनी उमरमां डालचंदजीए पोताना पितानी दुकाननो कारभार, जे ते वखते बहु ज साधारण रूपमां चालतो हतो, ते हाथमां लीधो. तेओ अजीमगंज छोडी कलकत्ते आव्या अने त्यां पोतानी होशियारी अने खंत वडे ए कारभारने धीमे धीमे खूब ज वधार्यो अने अंते तेने एक सौथी म्होटी 'फर्म'ना रूपमां स्थापित कर्यो. कलकत्तामां ज्यारे 'जूट सेलर्स एसोसिएशन'नी स्थापना थई त्यारे बाबू डालचंदजी सिंघीने तेना सौथी पहेला प्रेसीडेन्ट बनाववामां आव्या हता. जूटना व्यापारमां आवी रीते सौथी म्होटुं स्थान मेळवीने पछी तेमणे पोतानुं लक्ष्य बीजा बीजा उद्योगो तरफ पण दोर्युं. एक तर-

फ तेमणे मध्यप्रांतोमां आवेला कोरीया स्टेटमां कोलसानी खाणोना उद्योगनो पायो नांख्यो अने बीजी तरफ दक्षिणना शकति अने अकलतरानां राज्योमां आवेली चूनाना पत्थरोनी खाणोना, तेम ज बेळगाम, सावंतवाडी, इचलकरंजी जेवा स्थानोमां आवेली 'बोक्साइट' नी खाणोना विकासनी शोध करवा पाछळ पोतानुं लक्ष्य परोव्युं. कोलसाना उद्योग अर्थे तेमणे **'मेसर्स डालचंद बहादुरसिंह'** ए नामथी नवी पेढीनी स्थापना करी जे आजे हिंदुस्थानमां एक अग्रगण्य पेढी गणाय छे. ए उपरांत तेमणे बंगालना चोवीस परगणा, रंगपुर, पूर्णीया अने मालदहा विगेरे जिल्लाओमां, म्होटी जमीनदारी पण खरीद करी अने ए रीते बंगालना नामांकित जमीनदारोमां पण तेमणे पोतानुं खास स्थान प्राप्त कर्युं. बाबू डालचंदजीनी आवी सुप्रतिष्ठा केवळ व्यापारिक क्षेत्रमां ज मर्यादित न्होती. तेओ पोतानी उदारता अने धार्मिकता माटे पण एटला ज सुप्रसिद्ध हता—तेमनी परोपकारवृत्ति पण तेटली ज प्रशंसनीय हती. परंतु, परोपकारसुलभ प्रसिद्धिथी तेओ प्रायः दूर रहेता हता. घणा भागे तेओ गुप्तरीते ज अर्थिजनोने पोतानी उदारतानो लाभ आपता. तेमणे पोताना जीवनमां लाखोनुं दान कर्युं हशे पण तेनी प्रसिद्धि के नोंध तेमणे भाग्ये ज करवा इच्छी हशे. तेमना सुपुत्र बाबू श्री बहादुर सिंहजीए प्रसंगोपात्त चर्चा करतां जणाव्युं हतुं, के तेओ जे कांई दान आदि करता, तेनी खबर तेमने पोताने (पुत्रने) पण भाग्ये ज थती. आथी तेमना जाहेर दानो अंगेनी मात्र नीचेना २–४ प्रसंगोनी ज माहिती मळी शकी हती.

सन १९२६ मां 'चित्तरंजन' सेवा सदन माटे कलकत्तामां फाळो करवामां आव्यो त्यारे एक वार खुद महात्माजी एमना मकाने गया हता अने ते वखते तेमणे वगर माग्ये ज महात्माजीने ए कार्य माटे १०००० रुपिया आप्या हता.

१९१७ मां कलकत्तामां 'गवर्न्मेंट हाउस'ना मेदानमां, लॉर्ड कार्माइकलना आश्रय नीचे रेडक्रॉस माटे एक मेळावडो थयो हतो तेमां तेमणे २१००० रुपिया आप्या हता. तेम ज प्रथम महायुद्ध वखते तेमणे ३,००,००० रुपियाना 'वॉर बॉण्डस्' खरीद करीने ए प्रसंगे सरकारने फाळामां मदद करी हती. पोतानी छेल्ली अवस्थामां तेमणे पोताना निकट कुटुंबीजनो—के जेमनी आर्थिक स्थिति बहु ज साधारण प्रकारनी हती तेमने—रुपिया १२ लाख व्हेंची आपवानी व्यवस्था करी हती जेनो अमल तेमना सुपुत्र बाबु बहादुर सिंहजीये कर्यो हतो.

बाबू डालचंदजीनुं गार्हस्थ्य जीवन बहु ज आदर्शरूप हतुं. तेमना धर्मपत्नी श्रीमती मन्नुकुमारी एक आदर्श अने धर्मपरायण पत्नी हता. पति-पत्नी बंने सदाचार, सुविचार अने सुसंस्कारनी मूर्ति जेवा हता. डालचंदजीनुं जीवन बहु ज सादुं अने साधुत्व भरेलुं हतुं. व्यवहार अने व्यापार बंनेमां तेओ अत्यंत प्रामाणिक अने नीतिपूर्वक वर्तनारा हता. स्वभावे तेओ खूब ज शान्त अने निरभिमानी हता. ज्ञानमार्ग उपर तेमनी ऊंडी श्रद्धा हती. तत्त्वज्ञानविषयक पुस्तकोनुं वाचन अने श्रवण तेमने अत्यंत प्रिय हतुं. क्रिष्ण नगर कॉलेजना एक अध्यात्मलक्षी बंगाली प्रोफेसर नामे बाबू ब्रजलाल अधिकारी—जेओ योगविषयक प्रक्रियाना अच्छा अभ्यासी अने तत्त्वचिंतक हता—तेमना सहवासथी बाबू डालचंदजीने पण योगनी प्रक्रिया तरफ खूब रुचि थई गई हती अने तेथी तेमणे तेमनी पासेथी ए विषयनी केटलीक खास प्रक्रियाओनो ऊंडो अभ्यास पण कर्यो हतो. शारीरिक स्वास्थ्य अने मानसिक पावित्र्यनो जेनाथी विकास थाय एवी, केटलीक व्यावहारिक जीवनने अत्यंत उपयोगी, यौगिक प्रक्रियाओनो तेमणे पोताना पत्नी तेम ज पुत्र, पुत्री आदिने पण अभ्यास करवानी प्रेरणा करी हती.

जैन धर्मना विशुद्ध तत्त्वोना प्रचार अने सर्वोपयोगी जैन साहित्यना प्रसार माटे पण तेमने खास रुचि रहेती हती अने पंडितप्रवर श्री सुखलालजीना परिचयमां आव्या पछी, ए कार्य माटे कांईक विशेष सक्रिय प्रयत्न करवानी तेमनी सारी उत्कंठा जागी हती. कलकत्तामां २–४ लाखना खर्चे आ कार्य करनारुं कोई साहित्यिक के शैक्षणिक केन्द्र स्थापित करवानी योजना तेओ विचारी रह्या हता, ए दरम्यान सन् १९२७ (वि. सं. १९८४) मां कलकत्तामां तेमनो स्वर्गवास थयो.

*

बाबू डालचंदजी सिंघी, पोताना समयना बंगालनिवासी जैन समाजमां एक अत्यंत प्रतिष्ठित व्यापारी, दीर्घदर्शी उद्योगपति, म्होटा जमीनदार, उदारचित्त सद्‌गृहस्थ अने साधुचरित सत्पुरुष हता. तेओ पोतानी ए सर्व संपत्ति अने गुणवत्तानो समग्र वारसो पोताना एक मात्र पुत्र बाबू बहादुर सिंहजीने सोंपता गया, जेमणे पोताना ए पुण्यश्लोक पितानी स्थूल संपत्ति अने सूक्ष्म सत्कीर्ति—बंनेने घणी सुंदर रीते वधारीने पिता करतांय सवाई श्रेष्ठता मेळववानी विशिष्ट प्रतिष्ठा प्राप्त करी.

बाबू श्री बहादुर सिंहजीमां पोताना पितानी व्यापारिक कुशळता, व्यावहारिक निपुणता अने सांस्कारिक सन्निष्ठा तो संपूर्ण अंशे वारसागतरूपे उतरेली हती ज, परंतु ते उपरांत तेमनामां बौद्धिक विशदता, कलात्मक रसिकता अने विविध विषयग्राहिणी प्राञ्जल प्रतिभानो पण उच्च प्रकारनो सन्निवेश थयो हतो अने तेथी तेओ एक असाधारण व्यक्तित्व धरावनार महानुभावोनी पंक्तिमां स्थान प्राप्त करवानी योग्यता मेळवी शक्या हता.

तेओ पोताना पिताना एकमात्र पुत्र होवाथी तेमने पिताना विशाळ कारभारमां नानपणथी ज लक्ष्य आपवानी फरज पडी हती अने तेथी तेओ हाईस्कूलनो अभ्यास पूरो करवा सिवाय कॉलेजनो विशेष अभ्यास करवानो अवसर मेळवी शक्या न हता. छतां तेमनी ज्ञानरुचि बहु ज तीव्र होवाथी, तेमणे पोतानी मेळे ज, विविध प्रकारना साहित्यना वांचननो अभ्यास

खूब ज वधार्यो हतो अने तेथी तेओ इंग्रेजी उपरांत, बंगाली, हिंदी, गुजराती भाषाओ पण खूब सरस जाणता हता अने ए भाषाओमां लखाएलां विविध पुस्तकोना वाचनमां सतत निमग्न रहेता हता.

नानपणथी ज तेमने प्राचीन वस्तुओना संग्रहनो भारे शोख लागी गयो हतो अने तेथी तेओ जूना सिक्काओ, चित्रो, मूर्तिओ अने तेवी बीजी बीजी चीजोनो संग्रह करवाना अत्यंत रसिक थई गया हता. झवेरातनो पण ते साथे तेमनो शोख खूब वध्यो हतो अने तेथी तेओ ए विषयमां पण खूब ज निष्णात थई गया हता. एना परिणामे तेमणे पोतानी पासे सिक्काओ, चित्रो, हस्तलिखित बहुमूल्य पुस्तको विगेरेनो जे अमूल्य संग्रह भेगो कर्यो हतो ते आजे हिंदुस्थानना गण्यागांठ्या एवा संग्रहोमां एक महत्त्वनुं स्थान प्राप्त करे तेवो छे. तेमनो प्राचीन सिक्काओनो संग्रह तो एटलो बधो विशिष्ट प्रकारनो छे के जेथी आखी दुनियामां तेनुं त्रीजुं के चोथुं स्थान आवे तेम छे. तेओ ए विषयमां एटला निपुण थई गया हता के म्होटा म्होटा म्युजियमोना क्युरेटरो पण वारंवार तेमनी सलाह अने अभिप्राय मेळववा अर्थे तेमनी पासे आवता जता.

तेओ पोताना एवा उच्च सांस्कृतिक शोखने लईने देश-विदेशनी आवी सांस्कारिक प्रवृत्तियो माटे कार्य करती अनेक संस्थाओना सदस्य विगेरे बन्या हता. दाखला तरीके–रॉयल एशियाटिक सोसायटी ऑफ बेंगाल, अमेरिकन ज्यॉग्राफिकल सोसायटी न्युयॉर्क, बंगीय साहित्यपरिषद् कलकत्ता, न्युमिस्मेटिक सोसायटी ऑफ इन्डिया विगेरे अनेक प्रसिद्ध संस्थाओना तेओ उत्साही सभासद हता.

साहित्य अने शिक्षण विषयक प्रवृत्ति करनारी जैन तेम ज जैनेतर अनेक संस्थाओने तेमणे मुक्त मने दान आपी ए विषयोना प्रसारमां पोतानी उत्कट अभिरुचिनो उत्तम परिचय आप्यो हतो. तेमणे आवी रीते केटकेटली संस्थाओने आर्थिक सहायता आपी हती तेनी संपूर्ण यादी मळी शकी नथी. तेमनो स्वभाव आवां कार्योमां पोतांना पिताना जेवो ज प्रायः मौन धारण करवानो हतो अने ए माटे पोतानी प्रसिद्धि करवानी तेओ आकांक्षा न्होता राखता. तेमनी साथे कोई काई वखते प्रसंगोचित वार्तालाप थतां आवी बाबतनी जे आडकतरी माहिती मळी शकी तेना आधारे तेमनी पासेथी आर्थिक सहायता मेळवनारी केटलीक संस्थाओनां नामो विगेरे आ प्रमाणे जाणी शकायां छेः–

हिंदु एकेडेमी, दोलतपुर (बंगाल), रु० १५०००)	कलकत्ता–मुर्शिदाबादना जैन मन्दिरो, ११०००)
तरक्की-उर्दू बंगाला, ५०००)	जैनधर्म प्रचारक सभा, मानभूम, ५०००)
हिंदी साहित्य परिषद् भवन (इलाहाबाद), १२५००)	जैन भवन, कलकत्ता, १५०००)
विशुद्धानंद सरस्वती मारवाडी हॉस्पीटल, कलकत्ता, १००००)	जैन पुस्तक प्रचारक मंडल, आगरा, ७५००)
एक मेटर्निटीहोम, कलकत्ता, २५००)	जैन मन्दिर, आगरा, ३५००)
बनारस हिंदु युनिवर्सिटी, २५००)	जैन हाइस्कूल, अंबाला, २१००)
जीयागंज हाइस्कूल, ५०००)	जैन गुरुकुल, पालीताणा, ११०००)
जीयागंज लंडन मिशन हॉस्पीटल, ६०००)	जैन प्राकृत कोश माटे, २५००)

ए उपरांत हजार–हजार पांचसो–पांचसोनी नानी रकमो तो तेमणे सेंकडोनी संख्यामां आपी छे जेनो सरवाळो दोढ बे लाख जेटलो थवा जाय.

*

साहित्य अने शिक्षणनी प्रगति माटे सिंघीजीनो जेटलो उत्साह अने उद्योग हतो तेटलो ज सामाजिक प्रगति माटे पण ते हतो. अनेकवार तेमणे आवी सामाजिक सभाओ विगेरेमां प्रमुख तरीके भाग लईने पोतानो ए विषेनो आन्तरिक उत्साह अने सहकारभाव प्रदर्शित कर्यो हतो. जैन श्वेतांबर कॉन्फरन्सना सन् १९२६ मां मुंबईमां भराएला खास अधिवेशनना तेओ प्रमुख बन्या हता. उदयपुर राज्यमां आवेला केसरीयाजी तीर्थना वहीवटना विषयमां स्टेट साथे जे झघडो उभो थयो हतो तेमां तेमणे सौथी वधारे तन, मन अने धननो भोग आप्यो हतो. आ रीते तेओ जैन समाजना हितनी प्रवृत्तियोमां यथायोग्य संपूर्ण सहयोग आपता हता परंतु ते साथे तेओ सामाजिक मूढता अने सांप्रदायिक कट्टरताना पण पूर्ण विरोधी हता. बीजा बीजा धनवानो के अंगेवानो गणाता रूढीभक्त जैनोनी माफक, तेओ संकीर्ण मनोवृत्ति के अन्धश्रद्धा-पोषक विकृत भक्तिथी सर्वथा पर हता. आचार, विचार के व्यवहारमां तेओ बहु ज उदार अने विवेकशील हता.

तेमनुं गृहस्थ तरीकेनुं जीवन पण बहु ज सादुं अने सात्त्विक हतुं. बंगालना जे जातना नवाबी गणाता वातावरणमां तेओ जन्म्या हता अने उछर्या हता ते वातावरणनी तेमना जीवन उपर कशी ज खराब असर थई न हती अने तेओ लगभग ए वातावरणथी तद्दन अलिप्त जेवा हता. आटला म्होटा श्रीमान् होवा छतां, श्रीमंताईना खोटा विलास के मिथ्या आडंबरथी तेओ सदा दूर रहेता हता. दुर्व्यय अने दुर्व्यसन प्रत्ये तेमनो भारे तिरस्कार हतो. तेमनी स्थितिना धनवानो ज्यारे पोताना मोज-शोख, आनन्द-प्रमोद, विलास-प्रवास, समारंभ-महोत्सव इत्यादिमां लाखो रुपिया उडावता होय छे त्यारे सिंघीजी तेनाथी तद्दन विमुख रहेता हता. तेमने शोख मात्र सारा वाचननो अने कलामय वस्तुओ जोवा–संग्रहवानो हतो. ज्यारे जुओ

त्यारे, तेओ पोतानी गादी उपर बेठा बेठा-साहित्य, इतिहास, स्थापत्य, चित्र, विज्ञान, भूगोल के भूगर्भविद्याने लगतां सामयिको के पुस्तको वांचता ज सदा देखाता हता. पोताना एवा विशिष्ट वाचनना शोखने लीधे तेओ इंग्रेजी, बंगाळी, हिंदी, गुजराती आदिमां प्रकट थता उच्च कोटिना, उक्त विषयोने लगता विविध प्रकारनां सामयिक पत्रो अने जर्नल्स् आदि नियमित मगावता रहेता हता. आर्ट, आर्किऑलॉजी, एपीग्राफी, न्युमिस्मॅटिक, ज्योग्राफी, आइकोनोग्राफी, हिस्टरी अने माइनिंग आदि विषयोना पुस्तकोनी तेमणे पोतानी पासे एक सारी सरखी लाइब्रेरी ज बनावी लीधी हती.

तेओ स्वभावे एकान्तप्रिय अने अल्पभाषी हता. नकामी वातो करवा तरफ के गप्पा सप्पा मारवा तरफ तेमने बहु ज अभाव हतो. पोताना व्यावसायिक व्यवहारनी के विशाळ कारभारनी बाबतोमां पण तेओ बहु ज मितभाषी हता. परंतु ज्यारे तेमना प्रिय विषयोनी—जेवा के स्थापत्य, इतिहास, चित्र, शिल्प आदिनी—चर्चा जो नीकळी होय तो तेमां तेओ एटला निमग्न थई जता के कलाकोना कलाको वही जता तो पण तेओ तेथी थाकता नहीं के कंटाळता नहीं.

तेमनी बुद्धि अत्यंत तीक्ष्ण हती. कोई पण वस्तुने समजवामां के तेनो मर्म पकडवामां तेमने कशी वार न लागती. विज्ञान अने तत्त्वज्ञाननी गंभीर बाबतो पण तेओ सारी पेठे समजी शकता हता अने तेमनुं मनन करी तेमने पचावी शकता हता. तर्क अने दलीलमां तेओ म्होटा म्होटा कायदाशास्त्रीयोने पण आंटी देता. तेम ज गमे तेवो चालाक माणस पण तेमने पोतानी चालाकीथी चकित के मुग्ध बनावी शके तेम न हतुं.

पोताना सिद्धान्त के विचारमां तेओ खूब ज मक्कम रहेवानी प्रकृतिना हता. एक वार विचार नक्की कर्या पछी अने कोई कार्यनो स्वीकार कर्या पछी तेमांथी चलित थवानुं तेओ बिल्कुल पसंद करता नहीं.

व्यवहारमां तेओ बहु ज प्रामाणिक रहेवानी वृत्तिवाळा हता. बीजा बीजा धनवानोनी माफक व्यापारमां दगा फटका के साच-झूठ करीने धन मेळववानी तृष्णा तेमने यत्किंचित् पण थती न हती. तेमनी आवी व्यावहारिक प्रामाणिकताने लईने इंग्लेंडनी मर्केन्टाइल बेंकनी डायरेक्टरोनी बॉर्डे पोतानी कलकत्तानी शाखानी बॉर्डमां, एक डायरेक्टर थवा माटे तेमने खास विनंति करी हती के जे मान ए पहेलां कोई पण हिंदुस्थानी व्यापारीने मळ्युं न्होतुं.

प्रतिभा अने प्रामाणिकता साथे तेमनामां योजनाशक्ति पण घणी उच्च प्रकारनी हती. तेमणे पोतानी ज स्वतंत्र बुद्धि अने कुशळता द्वारा एक तरफ पोतानी घणी मोटी जमीनदारीनी अने बीजी तरफ कोलीयरी विगेरे माइनींगना उद्योगनी जे सुव्यवस्था अने सुघटना करी हती ते जोईने ते ते विषयना ज्ञाताओ चकित थता हता. पोताना घरना नानामां नाना कामथी ते छेक कोलीयरी जेवा म्होटा कारखाना सुधीमां—के ज्यां हजारो माणसो काम करता होय—बहु ज नियमित, व्यवस्थित अने सुयोजित रीते काम चाल्यां करे तेवी तेमनी सदा व्यवस्था रहेती हती. छेक दरवानथी लई पोताना समोवडीया जेवा समर्थ पुत्रो सुधीमां एक सरखुं उच्च प्रकारनुं शिस्त-पालन अने शिष्ट-आचरण तेमने त्यां देखातुं हतुं.

सिंघीजीमां आवी समर्थ योजकशक्ति होवा छतां—अने तेमनी पासे संपूर्ण प्रकारनी साधनसंपन्नता होवा छतां—तेओ धमालवाळा जीवनथी दूर रहेता हता अने पोताना नामनी जाहेरातने माटे के लोकोमां म्होटा माणस गणावानी खातर तेओ तेवी कशी प्रवृत्ति करता न हता. रावबहादुर, राजाबहादुर के सर-नाईट विगेरेना सरकारी खिताबो धारण करवानी के काउन्सीलोमां जई ऑनरेबल मेंबर बनवानी तेमने क्यारेय इच्छा थई न हती. एवी जातनी आडम्बरवाळी प्रवृत्तिमां पैसानो दुर्व्यय करवा करतां तेओ सदा साहित्योपयोगी अने शिक्षणोपयोगी कार्योमां पोताना धननो सद्व्यय करता हता. भारतवर्षनी प्राचीन कळा अने तेने लगती प्राचीन वस्तुओ तरफ तेमनो उत्कट अनुराग हतो अने तेथी ते माटे तेमणे लाखो रुपिया खर्च्यां हता.

*

सिंघीजी साथेनो मारो प्रत्यक्ष परिचय सन् १९३० मां शरु थयो हतो. तेमनी इच्छा पोताना सद्गत पुण्यश्लोक पिताना स्मारकमां जैन साहित्यनो प्रचार अने प्रकाश थाय तेवी कोई विशिष्ट संस्था स्थापन करवानो हतो. मारा जीवनना सुदीर्घकालीन सहकारी, सहचारी अने सन्मित्र पंडितप्रवर श्री सुखलालजी, जेओ बाबू श्री डालचंदजीना विशेष श्रद्धाभाजन होई श्री बहादुर सिंहजी पण जेमनी उपर तेटलो ज विशिष्ट सद्भाव धरावता हता, तेमना परामर्श अने प्रस्तावथी, तेमणे मने ए कार्यनी योजना अने व्यवस्था हाथमां लेवानी विनंति करी अने में पण पोताने अभीष्टतम प्रवृत्तिना आदर्शने अनुरूप उत्तम कोटिना साधननी प्राप्ति थती जोई तेनो सहर्ष अने सोल्लास स्वीकार कर्यो.

सन् १९३१ ना प्रारंभ दिवसे, विश्ववंद्य कवीन्द्र श्री रवीन्द्रनाथ टागोरना विभूतिविहारसमा विश्वविख्यात शान्तिनिकेतनना विश्वभारती-विद्याभवनमां 'सिंघी जैन ज्ञानपीठ' नी स्थापना करी अने त्यां जैन साहित्यना अध्ययन-अध्यापन अने संशोधन-संपादन आदिनुं कार्य चालु कर्युं. आ विषेनी केटलीक प्राथमिक हकीकत, आ ग्रंथमाळाना सौथी प्रथम प्रकट थएला 'प्रबन्धचिन्तामणि' नामना ग्रंथनी प्रस्तावनामां में आपेली छे, तेथी तेनी अहिं पुनरुक्ति करवानी जरूर नथी.

सिंघीजीए मारी प्रेरणाथी, **'सिंघी जैन ज्ञानपीठ'** नी स्थापना साथे, जैन साहित्यना उत्तमोत्तम ग्रन्थरत्नोने आधुनिक शास्त्रीय पद्धतिये सुन्दर रीते संशोधित-संपादित करी-करावी प्रकट करवा माटे अने तेम करी जैन साहित्यनी सार्वजनिक प्रतिष्ठा स्थापित करवा माटे, आ **'सिंघी जैन ग्रन्थमाळा'** प्रकट करवानी विशिष्ट योजनानो पण स्वीकार कर्यो अने ए माटे आवश्यक अने अपेक्षित अर्थव्यय करवानो उदार उत्साह प्रदर्शित कर्यो.

प्रारंभमां, शान्तिनिकेतनने लक्षीने एक ३ वर्षनो कार्यक्रम घडी काढवामां आव्यो अने ते प्रमाणे त्यां कामनो प्रारंभ करवामां आव्यो. परंतु ए ३ वर्षना अनुभवना अंते शान्तिनिकेतन मने मारा पोताना कार्य अने स्वास्थ्यनी दृष्टिये बराबर अनुकूळ न लागवाथी, अनिच्छाए मारे ए स्थान छोडवुं पड्युं अने अमदावादमां, गुजरात विद्यापीठना सामिप्यमां 'अनेकान्तविहार' बनावी त्यां आ कार्यनी प्रवृत्ति चालु राखी. आ ग्रन्थमाळामां प्रकट थएला ग्रन्थोनी उत्तम प्रशंसा, प्रसिद्धि अने प्रतिष्ठा थएली जोईने सिंघीजीनो उत्साह खूब वध्यो अने तेमणे ए अंगे जेटलो खर्च थाय तेटलो खर्च करवानी अने जेम बने तेम वधारे संख्यामां ग्रन्थो प्रकट थएला जोवानी पोतानी उदार मनोवृत्ति मारी आगळ वारंवार प्रकट करी. हुं पण तेमना एवा अपूर्व उत्साहथी प्रेराई यथाशक्ति आ कार्यने वधारे ने वधारे वेग आपवा माटे प्रयत्नवान् रहेतो.

*

सन १९३८ ना जुलाईमां, मारा परम सुहृद् श्रीयुत कन्हैयालाल माणेकलाल मुंशीनो – जेओ ते वखते मुंबईनी कॉंग्रेस गवर्नमेंटना गृहमंत्रीना उच्च पद पर अधिष्ठित हता – अकस्मात् एक पत्र मने मळ्यो जेमां एमणे सूचव्युं हतुं के 'सेठ मुंगालाल गोएनकाए बे लाख रूपियानी एक उदार रकम एमने सुप्रत करी छे जेनो उपयोग भारतीय विद्याओना कोई विकासात्मक कार्य माटे करवानो छे अने ते माटे विचार-विनिमय करवा तेम ज तदुपयोगी योजना घडी काढवा अंगे मारी जरूर होवाथी मारे तरत मुंबई आववुं विगेरे'. तदनुसार हुं तरत मुंबई आव्यो अने अमे बन्ने य साथे बेसी ए योजनानी रूपरेखा तैयार करी; अने ते अनुसार, संवत् १९९५ नी कार्तिक सुदी पूर्णिमाना दिवसे श्री मुंशीजीना निवासस्थाने 'भारतीय विद्याभवन' नी, एक म्होटा समारंभ साथे स्थापना करवामां आवी.

भवनना विकास माटे श्रीमुंशीजीनो अथाग उद्योग, अखंड उत्साह अने उदार आत्मभोग जोई, मने पण एमना कार्यमां यथायोग्य सहकार आपवानी पूर्ण उत्कंठा थई अने हुं तेनी आंतरिक व्यवस्थामां प्रमुखपणे भाग लेवा लाग्यो. भवननी विविध प्रवृत्तिओमां साहित्य प्रकाशन संबंधी जे एक विशिष्ट प्रवृत्ति स्वीकारवामां आवी हती ते मारी आ ग्रंथमाळाना कार्यसाथे एक प्रकारे परस्पर सहायक स्वरूपनी ज प्रवृत्ति होवाथी, मने ए पूर्व-अंगीकृत कार्यमां बाधक न थतां उलटी साधक ज जणाई अने तेथी में एमां यथाशक्ति पोतानी विशिष्ट सेवा आपवानो निर्णय कर्यो. सिंघीजीने ए बधी वस्तुस्थितिनी जाण करवामां आवतां तेओ पण भवनना कार्यमां रस धरावता थया अने एना संस्थापक-सदस्य बनी एना कार्य माटे पोतानी पूर्ण सहानुभूति प्रकट करी.

जेम में उपर जणाव्युं छे तेम, ग्रंथमाळाना विकास माटे सिंघीजीनो उत्साह अत्यंत प्रशंसनीय हतो अने तेथी हुं पण मारा स्वास्थ्य विगेरेनी कशी दरकार राख्या वगर, ए कार्यनी प्रगति माटे सतत प्रयत्न कर्या करतो हतो. परंतु ग्रन्थमाळानी व्यवस्थानो सर्व भार, मारा एकलाना पंड उपर ज आश्रित थईने रहेलो होवाथी, मारुं शरीर ज्यारे ए व्यवस्था करतुं अटकी जाय, त्यारे एनी शी स्थिति थाय तेनो विचार पण मने वारंवार थया करतो हतो. बीजी बाजु सिंघीजीनी पण उत्तरावस्था होई तेओ वारंवार अस्वस्थ थवा लाग्या हता अने तेओ पण जीवननी अस्थिरतानो आभास अनुभववा लाग्या हता. एटले ग्रन्थमाळाना भावी विषे कोई स्थिर अने सुनिश्चित योजना घडी काढवानी कल्पना हुं कर्या करतो हतो.

भवननी स्थापना थयां पछी ३–४ वर्षमां ज एनां कार्यनी विद्वानोमां सारी पेठे प्रसिद्धि अने प्रतिष्ठा जामवा लागी हती अने विविध विषयना अध्ययन-अध्यापन अने साहित्यना संशोधन–संपादननुं कार्य सारी पेठे आगळ वधवा लाग्युं हतुं, ए जोई सुहृद्वर श्रीमुंशीजीनी खास आकांक्षा थई के सिंघी जैन ग्रन्थमाळानी कार्यव्यवस्थानो संबंध पण जो भवन साथे जोडी देवामां आवे तो तेथी परस्पर बंनेना कार्यमां सुंदर अभिवृद्धि थवा उपरांत ग्रन्थमाळाने स्थायी स्थान मळशे अने भवनने विशिष्ट प्रतिष्ठानी प्राप्ति थशे; अने ए रीते भवनमां जैन शास्त्रोना अध्ययननुं अने जैन साहित्यना प्रकाशननुं एक अद्वितीय केन्द्र बनी रहेशे. श्रीमुंशीजीनी ए शुभाकांक्षा, ग्रन्थमाळा विषेनी मारी भावी चिंतानी योग्य निवारक लागी अने तेथी हुं ते विषेनी योजनानो विचार करवा लाग्यो. यथावसर सिंघीजीने में श्री मुंशीजीनी आकांक्षा अने मारी योजना सूचित करी. तेओ भा. वि. भ. ना स्थापक-सदस्य हता ज अने तदुपरान्त श्रीमुंशीजीना खास स्नेहास्पद मित्र पण हता; तेथी तेमने पण ए योजना वधावी लेवा लायक लागी. पण्डितप्रवर श्रीसुखलालजी जेओ आ ग्रन्थमाळाना प्रारंभथी ज अंतरंग हितचिंतक अने सक्रिय सहायक रह्या छे तेमनी साथे पण ए योजना संबंधे में उचित परामर्श कर्यो अने संवत् २००१ ना वैशाख सुदमां (मे सन १९४३) सिंघीजी कार्यप्रसंगे मुंबई आवेला त्यारे, परस्पर निर्णीत विचार विनिमय करी, आ ग्रन्थमाळानी प्रकाशनसंबंधी सर्व व्यवस्था भवनने स्वाधीन करवामां आवी. सिंघीजीए, ए उपरान्त, ते अवसरे मारी प्रेरणाथी भवनने

परंतु तेमने पोताना जीवननी अल्पतानो आभास जाणे थई रह्यो होय तेम, वच्चे वच्चे तेओ तेवा उद्गारो पण काढ्या करता हता. ५–७ दिवस रहीने हुं मुंबई आववा नीकळ्यो त्यारे छेल्ली मुलाकात वखते तेओ बहु ज भावभरेले हृदये मने विदाय आपता बोल्या के–'कोण जाणे हवे आपणे फरी मळीशुं के नहिं?' हुं एमना ए दुःखद वाक्यने बहु ज दबाएला हृदये सांभळतो अने उद्वेग पामतो, एमनाथी सदाना माटे छूटो पड्यो. ते पछी तेमनी साथे मुलाकात थवानो प्रसंग ज न आव्यो. ५–६ महिना तेमनी तबियत सारी-नरसी रह्या करी अने आखरे सन् १९४४ ना जुलाईनी ७ मी तारीखे तेओ पोताना विनश्वर देहने छोडी परलोकमां चाल्या गया. मारी साहित्योपासनानो महान् सहायक, मारी अल्पस्वल्प सेवानो महान् परिपोषक अने मारी कर्तव्य निष्ठानो महान् प्रेरक, सहृदय सुपुरुष, आ असार संसारमां मने शून्य हृदय बनावी पोते महाशून्यमां विलीन थई गयो.

सिंघीजीनुं जो के आ रीते नाशवंत स्थूळ शरीर संसारमांथी विलुप्त थयुं छे, परंतु तेमणे स्थापेली आ ग्रन्थमाळा द्वारा तेमनुं यशःशरीर सैंकडो वर्षो सुधी आ संसारमां विद्यमान रही तेमनी कीर्ति अने स्मृतिनी प्रशस्तिनो प्रभावक परिचय भावी प्रजाने सतत आप्या करशे.

*

सिंघीजीना सुपुत्रोनां सत्कार्यो

सिंघीजीना स्वर्गवासथी जैन साहित्य अने जैन संस्कृतिना महान् पोषक नररत्ननी जे म्होटी खोट पडी छे ते तो सहजभावे पूराय तेम नथी. परंतु मने ए जोईने हृदयमां ऊंची आशा अने आश्वासक आल्हाद थाय छे के तेमना सुपुत्रो–श्री राजेन्द्र सिंहजी, श्री नरेंद्र सिंहजी अने श्री वीरेन्द्र सिंहजी पोताना पिताना सुयोग्य सन्तानो होई पितानी प्रतिष्ठा अने प्रसिद्धिना कार्यमां अनुरूप भाग भजवी रह्या छे अने पितानी भावना अने प्रवृत्तिने उदारभावे पोषी रह्या छे.

सिंघीजीना स्वर्गवास पछी ए बंधुओए पोताना पिताना दान-पुण्य निमित्त अजीमगंज विगेरे स्थानोमां लगभग ५०–६० हजार रूपिया खर्च कर्या हता. ते पछी थोडा ज समयमां, सिंघीजीना वृद्धमातानो पण स्वर्गवास थई गयो अने तेथी पोताना ए परम पूजनीया दादीमाना पुण्यार्थे पण ए बंधुओए ७०–७५ हजार रुपियानो व्यय कर्यो. 'सिंघी जैन ग्रन्थमाळा' नो सघळो भार पण ए सिंघी बंधुओए, पिताजीए निर्धारेल विचार प्रमाणे, पूर्ण उत्साहथी उपाडी लीधो छे, अने ते उपरान्त कलकत्ताना इन्डीयन रीसर्च इन्स्टीट्यूटने बंगालीमां जैन साहित्य प्रकट करवा माटे सिंघीजीना स्मारकरूपे ५००० रुपियानी प्रारंभिक मदद आपी छे.

सिंघीजीना ज्येष्ठ चिरंजीव बाबू श्री राजेन्द्र सिंहजीये, मारी इच्छा अने प्रेरणाना प्रेमने वश थई, पोताना पुण्यश्लोक पितानी अज्ञात इच्छाने पूर्ण करवा माटे, ५० हजार रूपियानी नादर रकम भारतीय विद्याभवनने दान करी, अने तेना वडे कलकत्तानी उक्त नाहार लाईब्रेरी खरीद करीने भवनने एक अमूल्य साहित्यिक निधिरूपे भेट करी छे. भवननी ए भव्य लाईब्रेरी **'बाबू श्री बहादुर सिंहजी सिंघी लाईब्रेरी'** ना नामे सदा ओळखाशे अने सिंघीजीना पुण्यार्थे ए एक म्होटी ज्ञानपरब बनशे. बाबू श्री नरेन्द्र सिंहजीये, बंगालनी सराक जातिना सामाजिक अने धार्मिक उत्थान निमित्ते पोताना पिताए जे प्रवृत्ति चालु करी हती, तेने अपनावी लीधी छे अने तेना संचालननो भार प्रमुखपणे पोते उपाडी लीधो छे. सन १९४४ नवेंबर मासना कलकत्तामां दिगंबर समाज तरफथी उजवाएला 'वीरशासन जयन्ती महोत्सव'ना प्रसंगे तेना फाळामां एमणे ५००० रूपिया आप्या हता तेम ज कलकत्तामां जैन श्वेतांबर समुदाय तरफथी बांधवा धारेला "जैन भवन" माटे ३१००० रूपिया दान करी पोतानी उदारतानी शुभ शरुआत करी छे. भविष्यमां 'सिंघी जैन ग्रन्थमाळा' नो सर्व आर्थिक भार आ बन्ने बंधुओए उत्साह पूर्वक स्वीकारी लेवानी पोतानी प्रशंसनीय मनोभावना प्रकट करीने, पोताना पिताना ए परम पुनीत यशोमन्दिरने उत्तरोत्तर उन्नत स्वरूप आपवानो शुभ संकल्प कर्यो छे. तथास्तु.

भारतीय विद्या भवन, मुंबई
डीसेंबर, १९४८

–जिनविजय मुनि

प्रास्ताविक वक्तव्य

[जैन प्राकृत वाङ्मयनी संक्षिप्त रूपरेखा]

सिंघी जैन ग्रन्थमालाना २५ मा मणितरीके, महेश्वरसूरिरचित 'नाणपंचमी कहाओ' (ज्ञानपञ्चमी कथाओ) नामनो जे आ विशिष्ट प्राकृत कथाग्रन्थ विद्वानोना करकमलमां उपस्थित थाय छे, ते प्राकृत भाषा अने जैन कथासाहित्य – बंनेना अभ्यासनी दृष्टिए खास उपयोगी कही शकाय तेवो छे.

१ श्रमण भगवान् श्रीमहावीरना निर्वाण कालथी लई, विक्रमना १८ मा सैकाना अन्त सुधीना, २३०० – २४०० वर्ष जेटला व्यतीत थएला दीर्घ समय दरम्यान, जैन आचार्यो अने विद्वानोए प्राकृत भाषामां जे विपुल वाङ्मय निर्माण कर्युं छे, ते कालविभागनी दृष्टिये मुख्यपणे बे भागमां व्हेंची शकाय तेवुं छे – एक प्राचीन कालीन अने अन्य उत्तर कालीन. लगभग विक्रमना दशमा सैकाना अंत सुधीमां रचाएल साहित्यनी गणना प्राचीनकालीन विभागमां करवा जेवी छे, अने ते पछीना समयमां रचाएल साहित्यनी गणना उत्तरकालीन विभागमां करवा जेवी छे.

२ जिनेश्वरीय 'कथाकोशप्रकरण'नी प्रस्तावनामां, में केटलाक विस्तार साथे, ए बतावबानो प्रयत्न कर्यो छे, के जिनेश्वर सूरिना गुरु वर्द्धमानाचार्यना क्रियोद्धार समयथी, श्वेतांबर जैन संप्रदायना यति – मुनिवर्गमां एक नवीन युगनो – नूतन संगठननी प्रवृत्तिनो – प्रारंभ थयो हतो. ए प्रवृत्तिना केन्द्रस्थाने तो चैत्यवास विरुद्ध वसतिवास विषेनी विचारणा मुख्य हती, परंतु जेम जेम ए विचारणाए श्वेतांबर यति – मुनि वर्गमां व्यापक वाद – विवादनुं स्वरूप धारण करवा मांड्युं, तेम तेम संप्रदायना धार्मिक तेम ज सामाजिक एवा अनेक विधि – विधानो अने क्रिया – कर्मोना प्रश्नो पण तेमां उपस्थित थता गया. एना परिणामे संप्रदायमां परापूर्वथी चालता आवेला त्यागी वर्गना गण – गच्छोमां अने ते साथे गृहस्थ वर्गना ज्ञाति – कुलोमां पण, नवा – जूना विचारोनो संघर्ष थवा लाग्यो अने तेना लीधे समाजनी सामूहिक गतिनो प्रवाह एक जुदा – नवा ज मार्गे वळवा लाग्यो.

३ त्यागी वर्गमां उपस्थित थएला केटलाक क्रियाकाण्डविषयक विचार – भेदोना लीधे नवा नवा गणो – गच्छोनो प्रादुर्भाव थयो; अने ए गण – गच्छनायकोए पोत – पोताना गणनी प्रतिष्ठा तेम ज अनुयायिओनी संख्या वधारवानी दृष्टिये, भिन्न भिन्न स्थलोमां सविशेष परिभ्रमण करवा मांड्युं. तेमणे पोताना उच्च चारित्र्य, उत्तम पाण्डित्य अने ज्योतिर्विद्यादि सम्बद्ध चमत्कारिक प्रभावदर्शक शक्तिसामर्थ्यना बळे, राज्याधिकारी वर्ग तेम ज धनिक वर्गने पोताना तरफ आकर्षी, स्थले स्थले पोताना पक्षनां चैत्यो, उपाश्रयो विगेरे धर्मस्थानोनी स्थापना कराववा मांडी. भावुक बालवयस्क गृहस्थपुत्रोने, सांसारिक विटंबनाओना भयावह स्वरूपो उपदेशी, तेमनामां संसारथी विरक्त थवानी भावना जागृत करीने तेमने पोताना शिष्यो बनाववा मांड्या. आवी रीते वधती जती शिष्यसंख्याने, कार्यक्षम अने ज्ञानसमृद्ध बनाववा माटे, आगम, न्याय, साहित्य, व्याकरण आदि विषयोना विशिष्ट ज्ञाता विद्वानोनो संयोग अने सहकार मेळववानी तेमणे व्यवस्था करवा – कराववाना प्रयत्नो प्रारंभ्या. योग्य स्थानोमां, खास स्वाध्याय पीठो स्थापवामां आव्या, अने त्यां विशिष्ट विषयोना ज्ञाता अने योग्य उपाध्यायो नियुक्त करवामां आव्या. अध्यापको अने अध्ययनार्थिओने आवश्यक तेम ज उपयोगी एवा विविध विषयोना शास्त्रोना – संग्रहवाळा ज्ञानभंडारो स्थापित करवामां आव्या.

४ जे समयने अनुलक्षीने आ विधान करवामां आवे छे ते समयमां – अर्थात् विक्रमना ११ मा अने १२ मा सैकामां, श्वेतांबर जैन संप्रदायमां, आ प्रकारनी नूतन जागृति अने प्रवृत्तिनो विशिष्ट वेग उत्पन्न थयो. प्रादेशिक विभागनी दृष्टिए जोतां, मुख्य करीने आ प्रवृत्तिना प्रचारकेन्द्रो गुजरातनां अणहिलपुर, खंभात अने भरुच; राजस्थाननां भिन्नमाल, जावालिपुर, नागपुर, अजयमेरु, चित्रकूट अने आघाटपुर; तेम ज मालवानां उज्जैन, ग्वालियर अने धारा आदि नगरो हतां. ते समयमां गुजरातमां चालुक्यो, मालवामां परमारो अने राजस्थानमां गुहिलोतो तेम ज चाहमानो मुख्य राज्यकर्ताओ हता. ए राज्यकर्ताओनो जैन धर्म अने जैन समाज तरफ बहु ज सहानुभूति अने समादर भरेलो व्यवहार होवाथी, जैन त्यागियो अने जैन गृहस्थोने पोतपोताना व्यवहार अने व्यवसाय कार्यमां, पोताना करवा माटे घणी सरलता अने सफलता मळवानी परिस्थिति निर्मित थई हती. ते समयनो जैन गृहस्थवर्ग हजारो मण धान्य अने कृषिकर्ममां जेम अग्रस्थान धरावतो हतो तेम राज्यकारभारमां पण बहु ज अग्रभाग भजवतो त्रण लाख रुपिया खर्चे ... दरेक अधिकारस्थानो पर जैनोनी विशिष्ट संख्या, अधिकारिरूपे सत्ता भोगवती हती. भोग ए निमित्ते अन्य कोईये आप्यो ... महामात्यनां पदो पण शोभावता अने राष्ट्रसंरक्षणनां महादंडनायकनां जेवां पदो

अक्टोबर-नवेंबर मासनां तेमनी ... उच्च उपदेशोए, ए क्षात्रवंशीय वणिकवर्गमां प्रजाभुत्र अने प्राणिरक्षानां

जान्युआरी १९४४ ना प्रारंभमां हुं तेमने मळवा फरी ... अधिकारियोना हाथे राज्यनी उन्नति अने प्रजानी प्रगति स्थिर-

बेसीने ३ कलाक सुधी ग्रन्थमाळा, लाईब्रेरी, जैन इतिहासना ...

५ देशमां तेम ज राज्यमां, जैन गृहस्थ वर्गनी आ रीते आर्थिक अने सामाजिक बन्ने दृष्टिये, सुस्थिति होवाथी जैन त्यागी वर्गनो पण सर्वसाधारण प्रजामां सारो प्रभाव हतो अने जैनेतर समाज पण तेने आदर अने उच्चभावथी सत्कारतो. राजदरबारमां पण जैन आचार्यो अने विद्वानोना त्यागी जीवननी अने ते साथे विद्योपासनानी पण सारी प्रतिष्ठा मनाती अने तेथी अनेक राजवंशी जनो पण एमना भक्त अने उपासक थवामां पोतानुं कल्याण समजता.

६ जनसमूहमां जैन यतिवर्ग तरफ आ रीते सद्भाव अने सन्माननी लागणी वधवाथी, ए यतिवर्गने पण पोतानी आन्तरिक शक्तिने विशेषभावे वधारवानी अने व्यक्तित्वने विकसाववानी भावना बलवती थवा लागी. 'विद्वान् सर्वत्र पूज्यते' ए उक्तिनी सत्यता समजातां, तेमणे पोतानी विद्याविषयक समृद्धि वधारवा तरफ सविशेष लक्ष्य आपवा मांड्युं. जैन सिद्धान्तोना अध्ययन–अध्यापन उपरांत, अन्य दार्शनिक साहित्यनुं; तेम ज व्याकरण, काव्य, अलंकार, छन्दःशास्त्र अने ज्योतिःशास्त्र आदि सार्वजनिक साहित्यनुं पण; विशेषभावे तेमणे आकलन करवा मांड्युं अने तत्तद्विषयोना नवा नवा ग्रन्थो पण रचवा मांड्या. अने ए रीते जैन विद्वानोनी विद्यासमृद्धि वधवा लागी. ए विद्वान् यतिवर्गनुं मुख्य कर्तव्य धर्मोपदेश आपवानुं होवाथी, ए कार्यमां विशिष्ट साहायक थाय तेवा प्रकारना साहित्यनी– अर्थात् कथात्मक ग्रन्थोनी– रचना तरफ पण तेमनुं सविशेष लक्ष्य खेंचायुं.

७ एम तो जैन वाङ्मयमां, धर्मकथानुयोग नामे एक साहित्यिक विभाग, भगवान् महावीरना प्रवचनोना एक अंग तरीके, छेक प्राचीन कालथी ज चाल्यो आवे छे अने तेना आधार अने अनुसन्धानरूपे अनेक पूर्वाचार्यो द्वारा समये समये, नाना मोटा एवा अनेक धर्मकथाविषयक स्वतंत्र ग्रन्थोनी केटलीये रचनाओ थती रही छे; परंतु जे समयने अनुलक्षीने, आ वर्णन करावामां आवे छे ते समयमां, आ प्रकारना धर्मकथाविषयक साहित्यनी सृष्टि घणा ज विशाल अने विविध प्रमाणमां थवा लागी हती. विक्रमना दशमा सैका पूर्वेना जैन कथाग्रंथोनी संख्या, ज्यारे मात्र हाथनी आंगळीनी रेखाथी गणी शकाय तेटली नानी हती त्यारे आ पछीना २–३ सैकामां एटले के वि. सं. १०५० थी लई वि. सं. १३५० वच्चेना ३०० वर्षोमां ए संख्या वधीने सेंकडोनी संख्याथी गणी शकाय तेटली मोटी थई.

८ पूर्वकालीन वसुदेवहिंडी, तरंगवती, पउमचरिय, हरिवंसचरिय, समराइच्चकहा, कुवलयमालाकहा, चउपन्न-महापुरिसचरिय, णेमिणाहचरिय विगेरे केटलांक मुख्य चरित्रग्रन्थो तेम ज उपदेशमाला, उपदेशपद, धर्मोपदेशमाला आदि थोडाक कथासंग्रहात्मक ग्रन्थोमांनां कथासूत्रोना आधारे, ए समयमां विद्वानोए भिन्न भिन्न प्रकारना अनेक स्वतंत्र चरित्रग्रन्थो तेम ज कथाग्रन्थोनी घणा विशाल प्रमाणमां रचनाओ करवानो प्रखर प्रयास आदर्यो हतो.

९ ए नूतन रचनाओमां, ऋषभादि २४ तीर्थंकरोना हजारो ग्रंथाग्र प्रमाणवाळां जुदां जुदां अनेक नवां चरित्रो; भरत, सनत्कुमार, ब्रह्मदत्त, राम, कृष्ण, पांडव, नल विगेरे चक्रवर्ति के तेमना जेवा प्रसिद्धिवाळा राजाओनां विविध जातिनां आख्यानो; ते उपरांत अन्यान्य अनेक साधु अने साध्वी जनोना, राजाओ अने राणीयोना, ब्राह्मणो अने श्रमणोना, सेठो अने सेठाणीयोना, धनिको अने दरिद्रोना, चौरो अने जुगारियोना, धूर्तो अने गणिकाओना, धर्मशील अने अधर्मियोना, पुण्यवान् अने पापात्माओना–इत्यादि नाना प्रकारना मनुष्योना जीवनने उद्देशीने लखाएला अनेकानेक कथाग्रन्थोनो समावेश थाय छे. जैन विद्वानोमां जाणे ए समयमां कथासाहित्यनी रचना करवामां परस्पर मोटी स्पर्धा थई रही हती. अमुक गच्छवाला, अमुक विद्वाने, अमुक नामनो कथाग्रंथ बनाव्यो छे, ए जाणी–वांचीने बीजा गच्छवाला विद्वानो पण, ए ज प्रकारना बीजा कथाग्रन्थो रचवा उत्सुक थता. आ रीते चन्द्रगच्छ, नागेन्द्रगच्छ, राजगच्छ, चैत्रगच्छ, पूर्णतल्लगच्छ, वृद्धगच्छ, धर्मघोषगच्छ, हर्षपुरीयगच्छ आदि भिन्न भिन्न गच्छो, के जे ए बे सैकाओमां विशेष प्रसिद्धि पाम्या हता अने प्रभावशाली थया हता, ते दरेक गच्छमांना विशिष्ट विद्वानोए, आ प्रकारना चरित्रो अने कथाग्रन्थोना प्रणयनमाटे प्राणवान् प्रयत्न कर्यो हतो. ऋषभादि तीर्थंकरो, भरतादि चक्रवर्तियो, राम कृष्णादि अर्धचक्रियो आदि शलाकापुरुष तरीके गणाती केटलीक व्यक्तियोना चरित्रप्रसंगोने अवलंबीने तो, बब्बे त्रण त्रण विद्वानो द्वारा, एक ज पेढी दरम्यान, बब्बे त्रण त्रण चरित्रोनी रचनाओ सम–समयमां निर्मित थई.

१० आ रीते पुराण-प्रसिद्ध व्यक्तियोनां चरित्रो सिवाय, जैन धर्मना सिद्धान्तो, आचारो अने विचारोना प्रचारने उद्देशीने नाना–मोटा अनेक कथाग्रन्थोनी सृष्टि थई. ए कथाग्रन्थोमां, जैन सिद्धान्त प्रतिपादित ज्ञान, दर्शन अने चारित्रस्वरूप मोक्षमार्गना ए त्रण मूल तत्त्वो; अहिंसा, सत्य, अस्तेय, ब्रह्मचर्य अने अपरिग्रह स्वरूप पांच सार्वभौम व्रतो; दान, शील, तप अने भाव एम चतुर्विध आचरणीय धर्मो–इत्यादि विषयोना स्वरूप अने गुणवर्णनने उद्देशीने अनेक स्त्री–पुरुषोनी नाना प्रकारनी जीवनघटनाओ आलेखती कथाओनी संकलना थएली छे. ए बधी कथाओनी संख्या हजारोनी गणतरीथी गणाय तेटली विशाळ छे. ए ग्रंथोमां केटलाक तो एवा संग्रहग्रन्थो पण छे जेमां सो, बसो, त्रणसो, के तेथी य वधारे पांचसो–पांचसो जेटली कथाओ एकत्र ग्रथित करवामां आवेली छे. आ संक्षिप्त निर्देश उपरथी वाचकने कल्पना आवी शकशे के जैन कथासाहित्य केटलुं विशाळ अने वैविध्यवाळुं छे,

[णाणपंचमी कहा अने महेश्वर सूरि]

११ ए जातना विशाल जैन कथासाहित्यमांनो महेश्वरसूरि नामना आचार्ये बनावेलो प्रस्तुत "णाणपंचमी कहा" पण एक सुन्दर कथाग्रन्थ छे. एमां जैन प्रक्रिया प्रमाणे ज्ञाननुं माहात्म्य बतावबा तेम ज ज्ञाननुं आराधन करवाना फळनुं वर्णन करवानी दृष्टिये, भविष्यदत्तादिनी दश कथाओ कहेवामां आवी छे. सरस अने सुललित प्राकृत गाथाओमां रचाएल आ उपयोगी ग्रन्थ, प्राध्यापक डॉ० अमृतलाल स. गोपाणी द्वारा सुसंपादित थई प्रथम ज वार प्रसिद्धि पामे छे.

१२ आ ग्रन्थना रचयिता महेश्वर सूरि अने तेमनो समय; ग्रन्थनो उद्दिष्ट विषय अने ग्रन्थगत कथापरिचय; आ विषयना अन्य कथाग्रन्थो अने तेमनी साथे आनी तुलना; तेम ज आ ग्रन्थनी विशिष्ट वर्णनशैली, भाषामधुरता, सुभाषितोक्ति आदि विषयक ग्रन्थना बहिरंग अने अन्तरंग विवेचन साथे सम्बन्ध धरावता विविध विषयोनुं ऊहापोह करतुं जे विस्तृत वर्णन, प्राध्यापक गोपाणीये पोतानी प्रस्तावनामां आप्युं छे तेथी विज्ञ वाचकोने ग्रन्थनुं संपूर्ण हार्द बहु ज सारी रीते अवगत थई शके तेम छे.

१३ ग्रन्थकार महेश्वर सूरिना सम्बन्धमां, विद्वान् संपादके जे ऊहापोह कर्यो छे, ते परथी जणाय छे के, प्रस्तुत ग्रन्थना अन्ते ग्रन्थकारे पोताने मात्र सज्जन उपाध्यायना शिष्य तरीकेना सूचवेला उल्लेख सिवाय बीजी कशी हकीकत तेमना विषयमां जाणवामां आवती नथी. ए समयना बीजा बीजा अनेक कथाकारोए जेम पोताना ग्रन्थोमां, स्वकीय गच्छ, गुरु, समय, स्थान आदिना विषयमां थोडो-घणो उल्लेख करेलो मळी आवे छे, तेवो कशो विशेष उल्लेख, आ महेश्वर सूरिये, पोतानी प्रस्तुत कृतिमां करेलो नथी. तेथी एमना समय अने स्थान आदिना विषयमां कशी विशेष कल्पना करवी शक्य नथी. परंतु पाटणना संघवीना भंडारमां, एक ताडपत्रीय पुस्तिका छे, जे वि. सं. ११९१ मां, सिद्धराज जयसिंहना समयमां धवलक्क (आधुनिक धोळका) मां लखाएली छे, तेमां एक ६४३ गाथानी 'पुप्फवइ' नामे प्राकृत गाथाबद्ध कथा लखेली छे, जे ए ज महेश्वर सूरिनी कृति होय एम लागे छे. ए कथाना प्रारंभमां कथाकारे उपोद्घातरूपे जे ३-४ गाथाओ लखी छे तेमां नीचे प्रमाणेनी पंक्तियो मळी आवे छे.

> नमिऊण अभयसूरिं भत्तीए सुयगुरुं जुगपहाणं ।
> सेयंवरकुलतिलयं तवलच्छी-सरस्सई-निलयं ॥
> सज्जण गुरुस्स सीसो..........पुप्फवईयं कहं कहइ ॥

आ पंक्तियोमां उपलब्ध थती २ जी गाथानो पाठ खंडित छे कारण के पुस्तिकानुं प्रथम पत्र जमणी बाजूए तूटी गएलुं होवाथी तेटला अक्षरो जता रह्या छे. ए जता रहेला पाठमां कथाकारनो नामनिर्देश होवानो संभव छे. कारण के गाथाना प्रथम पादमां 'सज्जन गुरुना शिष्य' ए शब्दो मळे छे अने छेल्ला पादमां 'पुप्पवतीनी कथा कहे छे' ए वाक्य मळे छे; एटले जता रहेला बीजा-त्रीजा पादमां कथाकारनो नामनिर्देश होवानी संभावना छे. ते सज्जनगुरुना शिष्य छे एम तो उपलब्ध वाक्य स्पष्टपणे जणावे छे ज, एटले ए अनुमान करवामां असंगति नथी देखाती के एना कर्ता पण ए महेश्वर सूरि ज हशे. अने जो ए संभावना बराबर होय तो महेश्वर सूरिना प्रगुरुनो नामनिर्देश पण ए पुप्फवतीकथामांथी वधारानो मळी आवे छे. ए प्रगुरुनुं नाम अभयसूरि एवुं आपवामां आव्युं छे अने तेमने श्वेतांबरकुलतिलक अने युगप्रधानना विशेषणथी उल्लेखवामां आव्या छे. परंतु आ अभयसूरि कोण अने क्यारे थई गया ते प्रश्न पण पाछो विचारवानो रहे छे ज. कारण के अभयसूरि के अभयदेव नामना पण अनेक प्रसिद्ध आचार्यो थई गया छे तेथी कया अभयसूरिना शिष्य सज्जनगुरु के सज्जन उपाध्याय हता तेनो पुरावो न मेळवी शकाय त्यां सुधी महेश्वर सूरिनो निश्चित समय न जाणी शकाय.

१४ प्रस्तुत 'नाणपंचमी कहा'नी जूनामां जूनी उपलब्ध प्रति जे जेसलमेरमां छे तेनी लख्या साल ११०९ जणाववामां आवी छे. परंतु मारी तपास दरम्यान मने जणायुं हतुं के ते मिति कोईए पाछळथी ते ऊपर लखेली हती. मूल आखा ग्रन्थनी लिपि करतां ए पंक्तिना अक्षरो तद्दन जुदी जातना-एटले के मूळ प्रतिलिपि करनार लहियाना हस्ताक्षरो करतां तद्दन अन्य कोई व्यक्तिना लखेला अने पाछळना समयना छे. ए प्रतिना आद्यन्त पृष्ठनी फोटो कॉपी जे मारी पासे छे तेनी प्रतिकृति आ साथे आपवामां आवी छे, ते परथी वाचको ए वस्तु प्रत्यक्षरूपे जोई शकशे. शा हेतुसर कोईये आ पंक्ति लखी हशे तेनी कल्पना थती नथी. मूळ प्रति जूनी छे एमां तो शंका नथी ज. ११०९ मां नहीं लखाई होय, तो पण एनी लिपि आदि जोतां ए ज सैकामां ए लखाएली छे एम मानवामां तो कशी ज भ्रांति नथी जणाती.

१५ महेश्वर सूरिये आ कथाओनुं सूचक वस्तु कोई प्राचीन ग्रन्थमांथी लीधुं छे के तेमनुं स्वतंत्र कल्पित छे ते बतावनारुं कोई विशिष्ट प्रमाण जाणवामां नथी आव्युं. एमांना छेल्ला भविष्यदत्ताख्यान सिवाय बीजां आख्यानो प्रायः तेमनां ज कल्पित होवानो विशेष संभव लागे छे. 'भविष्यदत्ताख्यान' ऊपर धनपाल विगेरे बीजा विद्वानोए पण रचनाओ करेली छे तेथी कदाच ए आख्याननी कथा जूनी पण होय. प्रारंभना उपोद्घातात्मक भागमां, ३० मी

गाथामां, ए पोते एम सूचवे छे के 'पंचमी' ना तपना प्रभावथी सौभाग्यप्राप्ति, सुकुलजन्म, व्याधिमुक्ति, प्रियसंयोग, बन्धमोचन आदि जे जे सुखो प्राणियोने, जे जे रीते मळ्यां छे ते हुं पोतानी बुद्धिना वैभव अनुसार अहिं कहीश. ए परथी एम जो कल्पना करवामां आवे के ए कथाओनी वस्तुकल्पना प्रायः महेश्वर सूरिनी पोतानी ज कल्पित करेली हशे, तो ते असंभवित नहि लेखाय.

१६ महेश्वर सूरिए प्रस्तुत ग्रन्थनी रचना करवामां जे एक विलक्षण पद्धति स्वीकारी छे ते पण ध्यान खेंचे तेवी बाबत छे. आखो ग्रन्थ २००० गाथाओमां पूर्ण करवानो तेमणे प्रथम संकल्प कर्यो हतो अने तेमां १० जुदी जुदी कथाओ गुंथवानी योजना घडी काढी हती. एमांनी पहेली अने छेल्ली ए बे कथाओ बराबर ५००-५०० गाथामां आलेखवानी अने बाकीनी ८ कथाओ बराबर १२५-१२५ गाथाओमां ग्रथित करवानी परिमाणबद्धता एमणे मनमां निश्चित करी हती. स्तुतियो अने तत्त्वविषयना तो एवा केटलाक प्राचीन ग्रन्थो भारतीय साहित्यमां मळी आवे छे जेमांना जुदा जुदा विषयना अनेक प्रकरणो ५, ८, १६, २०, २४, ३२, ५० के १०० जेटला नियत अने समान संख्यक श्लोको के पद्योमां रचवामां आवेलां होय छे; परंतु कथाग्रन्थोमां एकसरखां नियत संख्यावाळां पद्योमां जुदी जुदी वस्तुघटनावाळी कथाओनी रचना करवानी आवी कल्पना तो आ ग्रन्थमां ज जोवा मळे छे.

१७ महेश्वर सूरीनी आ कृतिना अध्ययनथी जणाय छे, के ते एक बहु ज सरस प्रतिभाशाली अने भाषाप्रभुत्ववान् कवि छे. संस्कृत अने प्राकृत बन्ने भाषाओना ते निष्णात विद्वान् छे. जो के एमना समयमां संस्कृत अने प्राकृत बन्ने भाषाओमां साहित्यिक रचनाओ थती हती, परंतु जैन सिवायना अन्य विद्वानो-जेओ मुख्य करीने ब्राह्मणवर्गना हता अने जेमनी संख्या घणी म्होटी हती तेओ-म्होटा भागे संस्कृत भाषाना ज विशेष अनुरागी हता अने तेथी संस्कृतमां थएली रचनाओने ज प्रायः तेओ आदरनी दृष्टिये देखता. प्राकृत भाषा तरफ तेमनी उपेक्षा अने अनादर भावना ज विशेष रहेती हती. एथी जे विद्वानोने, पोतानी रचनाओनी विद्वद्वर्गमां प्रतिष्ठा अने ख्याति थती जोवानी इच्छा रहेती, तेओ पोतानी विशिष्ट रचनाओ प्रायः संस्कृतमां ज विशेषभावे करवा प्रवृत्त थता. जेम आधुनिक भारतीय विद्वानोना मनमां, इंग्रेजी भाषानी जे वधारे महत्ता देखाय छे अने इंग्रेजीमां लखाता पुस्तकोनी जे वधारे प्रतिष्ठा अंकाय छे तेम ज पोतानी भारतीय भाषा तरफ जे उपेक्षा के लघुतावृत्ति दृष्टिगोचर थाय छे, तेम ए समयमां संस्कृत अने प्राकृत भाषा विषे ब्राह्मणादि विदग्धजनोनी मनोवृत्ति प्रवर्तती हती.

१८ ब्राह्मणोने जेम प्राकृत तरफ उपेक्षाबुद्धि के अल्पादरवृत्ति रहेती हती तेम जैनोने संस्कृत तरफ तेवा प्रकारनो कोई अनादरभाव तो हतो ज नहि; परंतु संस्कृत ए एक मात्र विशिष्ट प्रकारना रूढिप्रिय अने जातिगर्विष्ठ वर्गनी प्रिय भाषा मनाती हती अने तेना साहित्यनो उपभोक्ता प्रजानो मात्र अमुक ज स्वल्प वर्ग देखातो हतो, तेथी जनसमस्तने धर्मोपदेशद्वारा सन्मार्गमां प्रवर्तावबानी आकांक्षावाळा जैन श्रमण वर्गने, तेना माटे विशेष आदरभाव न हतो. कारण के जनपदनी जीवन्त भाषा तो प्राकृत हती अने ते प्राकृत द्वारा ज बहुजनवर्ग पोतानो सर्व जीवनव्यवहार चलावतो हतो. ए जनवर्ग जे भाषाने समजी शके ते ज भाषामां जैन श्रमणो सर्वत्र पोतानो धर्मोपदेश करवानुं परम कर्तव्य मानता अने एथी जैनो सदैव तत्कालीन देशभाषा प्राकृतने प्राधान्य आपता.

१९ जैन धर्मोपदेशकोनी ए चिरागत परिपाटीने अनुसरवानी दृष्टिये ज, महेश्वर सूरि पण, पोताना प्रस्तुत कथग्रन्थनी रचना प्राकृतमां करवानुं जणावे छे. ते कहे छे के 'संस्कृतमां करेली कवितानो अर्थ अल्पबुद्धिवाळा समजी शकता नथी तेथी बधा जनोने सुखेथी जेनो बोध थाय ए हेतुथी आ रचना प्राकृतमां करवामां आवे छे' (गाथा ३). वळी ते कहे छे के 'जेने परनो उपकार करवानी बुद्धि होय तेणे तो ते ज भाषानो व्यवहार करवो जोईये जेनाथी बाल आदि सर्व जनोने बोध थाय' (गाथा ५). परंतु ए साथे महेश्वर सूरिने प्राकृत भाषानी कवितानी हृदयंगमतानी पण एटली ज विशिष्ट अनुभूति छे अने तेथी ते उद्घोषपूर्वक कहे छे के-'गूढार्थ तेम ज देशी शब्दोथी रहित अने सुललित पदोथी ग्रथित एवुं रम्य प्राकृत काव्य कोना हृदयने नहिं गमे तेम छे ?' (गाथा ४). महेश्वर सूरिनुं आ कथन जेम प्रकटरूपे प्राकृत काव्यनी हृदयंगमतानुं सूचन करे छे तेम अप्रकटरूपे तेमनी पोतानी कवितानी गुणवत्तानुं पण सूचन करे छे; अने ए सूचननी प्रतीति विज्ञ वाचकने प्रस्तुत ग्रन्थनी एवी अनेक गाथाओना पाठथी थई शकशे जेमां महेश्वर सूरिनी सुन्दर सदुक्तियो, ललित पदपंक्तियो अने वेधक भावभंगियो भरेली छे. ग्रन्थ संपादक प्राध्यापक गोपाणीये पोतानी प्रस्तावनामां ग्रन्थमांनी एवी केटलीक सरस, सुमधुर, काव्यमय अने हृदयंगम उक्तियोनो परिचय आपवानो उचित प्रयत्न कर्यो छे, तेथी ए विषे विशेष उल्लेख करवानी आवश्यकता नथी रहेती.

[जैन विद्वानोने संस्कृत भाषाना उपयोगनी भासेली आवश्यकता]

२० ए तो हवे निर्विवाद रीते सिद्ध थई गयुं छे के प्राकृत भाषाना भंडारने समृद्ध करवामां सर्वश्रेय जैन श्रमणोने छे. अने जैनोनो ए भाषा तरफ उत्कट अनुराग होय ते पण स्वाभाविक ज छे. कारण के जेम ब्राह्मणोने मन संस्कृत ए देवगिरा छे तेम जैनोने मन प्राकृत ए देववाणी छे. श्रमणभगवान् ज्ञातपुत्र [illegible]वीरे पोतानो समग्र धर्मोपदेश पोतानी देश्य भाषा-जनपदीय भाषा (प्राकृत) मां ज आप्यो [illegible] अने तेथी [illegible] प्रवचनोने तेमनी शिष्य

सन्ततिये देशभाषा (प्राकृत) मां ज ग्रथित कर्यां हतां. एटले ए पुरातन जैन समुदायनी आदरबुद्धि प्राकृत तरफ सविशेष होय ते स्वाभाविक छे; अने तेथी ज प्राचीन समयना मोटा भागना जैन आचार्यो, पोतानी शास्त्ररचना प्राकृत भाषामां ज करवा प्रयत्नशील थया हता. परंतु, कालपरिवर्तन थतां, गुप्तोना साम्राज्य समय दरम्यान, भारतवर्षमां संस्कृतनुं प्रभुत्व अने व्यापकत्व खूब ज वध्युं अने भारतना दक्षिणापथ अने उत्तरापथ एम बन्ने प्रदेशोमां ते एक सरखी सुप्रतिष्ठित समग्र खण्ड व्यापी राष्ट्रभाषा बनी. गुप्त राजाओना संस्कृतिप्रेमे अने औदार्यभावे, ब्राह्मणवर्गने पोताना अध्ययन-अध्यापनात्मक शिक्षणकार्यमां, अत्यंत उत्साह प्रदान कर्युं अने तेथी तेमणे धर्मशास्त्र, पुराण, दर्शन, व्याकरण, काव्य, नाटक, ज्योतिष, वैद्यक विगेरे सर्व विषयोना सेंकडो नवा नवा ग्रन्थोनी रचना करीने संस्कृत भाषाना भंडारने अत्यंत समृद्ध बनाव्यो. आ रीते राष्ट्रमां संस्कृतनी प्रभुता अने सार्वजनीनतानो प्रभाव वधतो जोई, जैन विद्वानोने पण एनो समादर करवो अत्यावश्यक लाग्यो अने एमणे पण प्राकृतनी साथे संस्कृतमां य पोतानुं साहित्य निर्माण करवानो उपक्रम आरंभ्यो.

२१ श्वेतांबर जैन संप्रदायमां ए उपक्रमनो आरंभ करनार, घणुं करीने, सौथी प्रथम उमास्वाति आचार्य थया, जेमणे जैन प्रवचनना सर्व तत्त्वो, सिद्धान्तो अने पारिभाषिक पदार्थोने संस्कृतनी सूत्रात्मक शैलीमां ग्रथित करी, स्वोपज्ञ भाष्य साथेना 'अर्हत्प्रवचनैकदेशयतत्त्वार्थाधिगम' नामना, सूत्रग्रन्थनी सुन्दर रचना करी. सांप्रदायिक प्रवाद तो एवो छे के तेमणे सर्व मळीने नाना मोटा ५०० प्रकरणोनी रचना करी हती; परंतु वर्तमानमां तो तेमनी अन्य एक ज 'प्रशमरति प्रकरण' नामनी उत्तम कृति उपलब्ध थाय छे जे संस्कृत आर्या छन्दोनी बनेली छे.

२२ उमास्वाति पछी बीजा आचार्य सिद्धसेन दिवाकर थया जेमणे प्राकृतमां गाथाबद्ध 'सन्मतितर्क' नामना प्रौढतम जैन दार्शनिक ग्रन्थनी रचना करवा साथे, जैन न्यायनी परिभाषा स्थिर करवा माटे 'न्यायावतार' नामना एक संक्षिप्त प्रकरण ग्रन्थनी, तेम ज भिन्न भिन्न दार्शनिक विषयोनी चर्चा करनारी प्रौढ भावभंगी भरेली केटलीक 'द्वात्रिंशिका' नामक कृतियोनी संस्कृतमां उत्कृष्ट रचना करी. जैन ऐतिहासिक अनुश्रुतियो प्रमाणे तो, आचार्य सिद्धसेने समग्र जैन प्रवचननी संस्कृतमां अवतारणा करवानी मनोवृत्ति बतावी हती अने तेना लीधे पुराणप्रेमी स्थविरवर्गे तरफथी तेमने आक्षेपात्मक तिरस्कार पण सहन करवो पड्यो हतो, तेम ज छेवटे ते माटे प्रायश्चित्त पण लेवुं पड्युं हतुं. ए गमे तेम होय, पण ब्राह्मणोना सांस्कृतिक अने धार्मिक वर्चस्वने कारणे, तेमनी श्रद्धापात्र अने उपास्य गिरा संस्कृतने जैनोए पण अपनाववी पडी अने प्राकृतनी साथे संस्कृतमां पण तेमणे पोतानी ग्रन्थरचना करवी शरु करी.

२३ प्रारंभमां तो केटलाक दार्शनिक अने सैद्धान्तिक विचारोने आलेखता प्रकरणग्रन्थो ज संस्कृतमां रचावा शरु थया. ते पछी जूना आगमोनी व्याख्याओ संस्कृतमां रचावा लागी. महान् ग्रन्थकार आचार्य हरिभद्र सूरिये, ए बन्ने जातनी प्रवृत्तिमां, एक पुरस्कर्ता अने प्रेरक तरीके सौथी विशेष भाग भजव्यो होय एम तेमनी रचनाओ जोतां स्पष्ट जणाय छे. ते पछी अन्य अन्य आचार्योए पण, आगमोनी व्याख्याओ तेम ज स्तुति–स्तोत्रादि जेवा अन्यान्य विविध विषयनी नानी-मोटी कृतियो, संस्कृतमां रचवानो प्रयास चालू राख्यो. परंतु जैन श्रमणोने सदा अने सर्वत्र जेना वाचननी नियत आवश्यकता रहेती हती तेवा धर्मोपदेश माटे अति उपयोगी जणाता कथाग्रन्थो तो प्रायः प्राकृतमां ज रचाता रह्या हता.

२४ पादलिप्त सूरीनी तरंगवई कहा, विमलसूरिना हरिवंस अने पउमचरिय, संघदासगणिनी वसुदेवहिंडी हरिभद्रसूरिनी समराइच्चकहा, उद्योतनसूरिनी कुवलयमालाकहा, शीलाचार्यनुं चउपन्नमहापुरिसचरिय, विजयसिंहसूरिनी भुवनसुन्दरीकहा तथा नेमिनाहचरिउ विगेरे प्रसिद्ध अने प्रौढ कोटिना बधा कथाग्रन्थो प्राकृतमां ज रचाया छे.

२५ संस्कृत भाषामां सौथी प्रथम कथाग्रन्थ रचनार, कदाच महाकवि सिद्धर्षि छे, जेमणे पोतानी 'उपमिति भवप्रपंचा' नामनी उत्कृष्ट रूपक कथा संस्कृत गद्य-पद्यमां (वि. सं. ९६२ मां) निबद्ध करी. ए कथा पोते प्राकृतमां न रचतां शामाटे संस्कृतमां रचवानुं पसन्द करे छे, तेनो खुलासो पण तेमणे ए ग्रन्थनी आदिमां कर्यो छे; जे परथी ए वस्तुनो पण निर्देश मळी शके छे के जैन विद्वानोने प्राकृत साथे संस्कृतमां पण सर्व प्रकारनुं जैन साहित्य सर्जन करवानी आवश्यकता केम प्रतीत थई. महाकवि सिद्धर्षि पोतानी कथाना उपोद्घातमां कहे छे के–

संस्कृता प्राकृता चेति भाषे प्राधान्यमर्हतः। तत्रापि संस्कृता तावद् दुर्विदग्धहृदि स्थिता ॥
बालानामपि सद्बोधकारिणी कर्णपेशला। तथापि प्राकृता भाषा न तेषामभिभासते ॥
उपाये सति कर्तव्यं सर्वेषां चित्तरञ्जनम्। अतस्तदनुरोधेन संस्कृतेयं करिष्यते ॥

अर्थात्—संस्कृत अने प्राकृत बन्ने भाषाओ (साहित्यसर्जनमां) समान प्राधान्य भोगववा लायक छे, परंतु जे दुर्विदग्ध (विशिष्ट प्रकारना स्वग्रहथी आविष्ट) जनो छे तेमना हृदयमां संस्कृते स्थान जमावेलुं छे. प्राकृत भाषा, जे बालजनोने पण सद्बोध करावनारी होई कानने पण मधुर लागे तेवी छे, छतां, ते तेमने (दुर्विदग्ध जनोने) तेवी प्रिय नथी लागती. एटले जो उपाय होय तो बधाना चित्तनुं रंजन करवुं जोईये, एवी इच्छाथी हुं आ

कथानी रचना संस्कृतमां करूं छुं. सिद्धर्षिनुं आ कथन बहु ज वास्तवदर्शि छे एमां शंका नथी. संस्कृतमां ए कथानी रचना थवाथी जेटली ए विद्वत्प्रिय थई छे अने जेटली एनी ख्याति थई छे तेटली, जो एनी रचना प्राकृतमां थई होत तो, कदाच न पण थात. तेम ज कथानी अद्भुत संकलना करवामां अने आन्तरिक भावोनुं मार्मिक निरूपण करवामां जे सफळता कविने संस्कृतभाषा द्वारा मळी छे ते सफळता प्राकृतभाषा द्वारा न पण मळत.

२६ सिद्धर्षि पछी संस्कृतमां जैन कथा लखनार महाकवि धनपाल छे जेमणे धाराधिपति परमार नरेश्वर भोजराजाना समयमां, बाणभट्टनी सुप्रसिद्ध संस्कृत गद्य कथा 'कादंबरी'नी स्पर्धा करे तेवी 'तिलकमञ्जरी' नामनी उत्कृष्ट गद्य कथा निर्मित करी. ते पछी संस्कृतमां सुमहान् चरितग्रन्थ रचनार, आचार्य हेमचन्द्र थया. तेमणे अत्यंत प्रौढ, प्राञ्जल अने प्रकृष्ट शैलीमां 'त्रिषष्टिशलाकापुरुषचरित' नामना सैंकडो कथाओना संग्रहवाळा आकर ग्रन्थनी रचना करी. तेमना समय दरम्यान, तेम ज ते पछी तो बीजा अनेक विद्वानोए संस्कृतमां चरितग्रन्थो के कथाग्रन्थोनी रचना करवानो, खूब ज मोटा प्रमाणमां प्रयास आरंभ्यो जेना परिणामे एक–पछी–एक सैंकडो नवा ग्रन्थो निर्मातां गया. हेमचन्द्रसूरिना समय पछी तो, जैन विद्वानोनुं वळण, वधारे ने वधारे संस्कृतमां ज साहित्यरचना करवा तरफ ढळतुं गयुं अने प्राकृत भाषा तरफनुं आकर्षण ओछुं थतुं गयुं; अने तेना परिणामे प्राकृतमां रचाएला जेटला जूना कथाग्रन्थो हता, प्रायः ते बधाना ज संस्कृतमां रूपान्तरो थयां † अने ए रीते जैनोनुं संस्कृत वाङ्मय पण प्राकृतना जेवुं ज असंख्य कथाग्रन्थोथी बहु ज समृद्ध बन्युं.

२७ परंतु, गुणवत्ता अने उपयोगितानी दृष्टिये, ए प्राचीन प्राकृतमय जैन कथासाहित्य, केवळ जैन संस्कृतिना गौरवनी दृष्टिये ज नहि, परंतु अखिल भारतीय संस्कृतिना इतिहासनी दृष्टिये पण, घणुं महत्त्वनुं अने अनन्य कोटिनुं छे. ओछामां ओछुं, विक्रमनी प्रथम शताब्दीथी लईने १५ मी शताब्दीना अन्तसुधीना १५०० वर्षो वच्चेना, भारतीय संस्कृतिना विविध अंग-उपांगोना इतिहासालेखनमां आधारभूत थाय तेवी प्रामाणिक अने मौलिक सामग्री, बहु ज विशाळ परिमाणमां, ए ग्रंथोमां ग्रथित थएली पडी छे. उदाहरण तरीके, कोई संशोधनप्रिय अभ्यासी विद्वान् प्रस्तुत 'नाणपंचमीकहा' नुं ज, जो ए दृष्टिये अवलोकन करवा इच्छे, तो एमांथी तत्कालीन एवी सामाजिक, धार्मिक, आर्थिक अने राजतांत्रिक आदि अनेक प्रकारनी परिस्थितियोने सूचवनारी असंख्य उपयोगी नोंधो मळी आवे तेम छे. प्राध्यापक गोपाणीये पोतानी प्रस्तावनामां एवी केटलीक नोंधो तरफ जे अंगुलीनिर्देश कर्यो छे ते उपरथी अभ्यासी जनोने एनो कांईक आभास थई शकशे.

२८ जैन सांप्रदायिक परंपरानी दृष्टिये अवलोकतां जणाय छे के महेश्वर सूरि कांईक स्वतंत्र प्रकृतिना लेखक होय एम लागे छे. प्रस्तुत ग्रन्थमां लेखके पोतानी कवित्वशक्ति के उपदेशककलानी प्रौढिनुं प्रदर्शन कराववानी दृष्टिये केटलांक एवां विधानो पण करेलां लागे छे जे जैन निर्ग्रन्थ प्रवचननी रूढिथी संगत नथी देखातां. उदाहरण तरीके, जयसेन राजानी जे पहेली कथा छे, तेमां एक धर्म नामना मुनिनी आंतर कथा आपेली छे–(जुओ, पृ. ६–९). ए कथामां एवुं वर्णन करेलुं मळे छे के धर्ममुनि केवलज्ञान धारक हता अने भव्यजनोने प्रतिबोध आपवानी दृष्टिये तेओ पोतानी आकाशगामिनी विद्याना प्रभावथी आकाशमां उड्डयन करी ज्यां त्यां विचरता हता, इत्यादि. मारी समज प्रमाणे एक केवलज्ञानी मुनि आ रीते आकाशमां उड्डयन करी ज्यां त्यां विचरता फरे अने लोकोने उपदेश आपता फरे, ए जैन शैलीथी बहु ज विचित्र लागे छे. केवलज्ञानीना आकाश गमननो निर्देश अन्यत्र क्यांय थयो होय ते मारी जाणमां नथी. जैन विद्वानो ए विषयमां कांई तात्त्विक चर्चा करे तो ते रसदायक थशे.

२९ आ ग्रन्थमां जे पंचमी तपनुं माहात्म्य वर्णवामां आव्युं छे ते स-निदान एटले के अमुक प्रकारना ऐहिक फळनी प्राप्तिनी आकांक्षा ने उद्देशीने करवामां आव्युं छे. आ जातनुं स–निदान तप जैन शास्त्रकारोए हेय कोटिनुं गण्युं छे अने तेथी आ प्रकारनो उपदेश न थवो जोईये एम केटलाक आचार्योनो ए विषेनो विरोधात्मक विचार ते काळे चालतो पण होवो जोईये. एथी ए विचारना प्रतिषेधरूपे महेश्वर सूरिये ग्रन्थना अन्तमां पोताना विचारनी समर्थक केटलीक युक्तियो (जुओ गाथा ४८८ थी ४९३ सुधी) आपीने कह्युं छे के "आ रीते ठीक समजीने अने दुर्विदग्धोनां वचनोने अवगणीने शुद्धभावथी आ पंचमी तिथिनी तपस्या करवी जोईये." अने ते साथे अन्ते, प्रायः सर्व जैन ग्रन्थकारो जेम कहेता आव्या छे तेम महेश्वर सूरिए ए पण कह्युं छे के–"आ कथानकनी रचनामां शब्दगत के अर्थगत जे कांई दूषण माराथी थयुं होय तो ते सर्व, विद्वानोए क्षम्य गणी तेने शोधी लेवानी विज्ञप्ति छे." तथास्तु.

भाद्रपद पूर्णिमा, संवत् २००४ }
भारतीयविद्या भवन, मुंबई. }

–जिनविजय

---

† प्रस्तुत ग्रन्थमां, अन्तिम १० मुं आख्यान जे 'भविष्यदत्त कथानक' रूपे छे तेनुं पण संस्कृतमां विस्तृत रूपान्तर, विक्रमना १८ मा शतकना मध्य भागमां थई गएला प्रसिद्ध विद्वान् महोपाध्याय मेघविजय गणिए 'भविष्यदत्त चरित्र' नामथी बनाव्युं छे. मेघविजयोपाध्याये ए कथानकने खूब ज पल्लवित कर्युं छे. ए चरितनां २१ अधिकारो पाडवामां आव्या छे अने लगभग २१०० जेटला श्लोकोमां एनुं आलेखन करवामां आव्युं छे.

'नाणपंचमी कहा'ना प्राचीनतम ताडपत्रीय पुस्तकना आद्यन्त पत्रनी प्रतिकृति

प्रस्तावना

ज्ञानपंचमी माहात्म्यदर्शक कथासाहित्य

अत्यारसुधी अप्रकट अने अनेक दृष्टिए अपूर्व एवा अर्थ गंभीर जे कथा – ग्रन्थ विद्वानोना करकमलमां, आ सिंघी जैन ग्रन्थमालाना २३ मा मणकारूपे उपस्थित थाय छे ते कथा – ग्रन्थनुं नाम 'पंचमी कथा' छे. आ ग्रन्थमां पंचमी – माहात्म्यनुं वर्णन प्रधानपणे करवामां आवेलुं छे तेथी तेनुं 'पंचमी माहप्प' एवुं सुसंबद्ध बीजुं नाम पण राखवामां आवेलुं छे.[1] आ कथा – ग्रन्थ बे हजार जेटली गाथामां जैन माहाराष्ट्री प्राकृतमां लखायेलो छे.[2] भाषा उपर क्वचित् अपभ्रंशनी तो क्वचित् अर्धमागधीनी असर पडेली छे पण एकंदरे जैन माहाराष्ट्री प्राकृतमां आ ग्रन्थ लखायेलो छे एम जरूर कही शकाय.[3] ज्ञान पंचमीना व्रतने अनुलक्षी कोईए संस्कृतमां, कोईए प्राकृतमां, कोईए अपभ्रंशमां तो कोईए गूजरातीमां कथाओ लखेली छे. ते बधी कथाओ क्यां तो 'ज्ञान पंचमी माहात्म्य,' 'पंचमीकहा,' 'भविस्सयत्त कहा', 'सौभाग्यपंचमी कथा', 'वरदत्तगुणमंजरी-कथा' इत्यादि नामथी प्रचलित छे. परंतु ते बधीमां महेश्वरसूरिरचित प्रस्तुत कथा उपलब्ध साहित्यमां कदाच जूनामां जूनी होय एम लागे छे.

भिन्नभिन्नकर्तृक पंचमी माहात्म्य कथाओ

महेश्वरसूरिरचित प्रस्तुत 'पंचमी कथा'नी पाटणनी हस्तलिखित प्रतिनी जे प्रतिलिपि छे ते उप-रथी एम स्पष्ट देखाय छे के ते प्रति जेसलमीर भंडारनी १००९ (विक्रम संवत्) वर्षमां लखेली ताडपत्रीय प्रति उपरथी वि. सं. १६५१ मां आषाढ शुक्ल तृतीया ने सोमवारने दिवसे पुष्य नक्षत्रमां तपागच्छाधिराज भट्टारक पंडित श्री आनंदविजय गणि शिष्य. बुद्धिविमल गणीए पूरी करी हती. पण जेसलमीर भांडागारीय ग्रन्थोनी सूची तपासतां मालुम पडे छे के उपर्युक्त ताडपत्रीय प्रतिनो लेखन संवत् ११०९ मुकवामां आव्यो छे अने एना वर्णनमां सूचीकार पंडित ला. भ. गांधीए लख्युं छे "अस्मादेव आदर्शात् सं. १६५१ वर्ष-लिखिते पत्तनीयपुस्तके 'सं. १००९ वर्षे' लेखनमस्य प्रादर्शि[4] ।" आ उपरथी बराबर एक सैकानो तफावत नीकळे छे. जेसलमीर भंडारनी ताडपत्रीय प्रति प्रत्यक्ष तपासतां १००९नी साल नीकळे छे एटले हवे ए बाबत शंकाने स्थान नथी. जेसलमीर भंडारनी सूची बनावनार सूचीकारनो ए प्रमाद दोष होय एम लागे छे. गमे तेम पण ग्रन्थकार श्री महेश्वरसूरिनी प्राचीनता तो स्पष्ट ज देखाय छे. आज कथानी बीजी एक

---

१ जुओ 'जेसलमीर भांडागारीय ग्रन्थोनां सूची' (जे. भा. ग्र. सू.) गायकवाड ओरीएन्टल सीरीझ (गा. ओ. सी.) नं. २१. वडोदरा, १९२३. पृ. ४४. तेने ज्ञान पंचमी कथा' तरीके पण ओळखावेल छे – जुओ 'पत्तनस्थ प्राच्य जैन भांडागारीय ग्रन्थ सूची' – प्रथम भाग (प. भा. ग्र. सू. भा. १) गा. ओ. सी. नं. ७६. वडोदरा, १९३७, प्रास्ता-विक, पृ. ५७.

२ मारी पासे जे प्रतिलिपि छे ते उपरथी तो तेम लागे छे. (मिलियाणं च दसाण वि एत्थ कहाणाण होइ विसेसं । गाहाणं माणेणं दोण्हिसहस्साइं गंथग्गं ॥ १०।५००); परंतु एक ठेकाणे २००४ गाथानो उल्लेख पण मळी आवे छे. ते माटे जुओ खास करीने 'बृहट्टिप्पनिका' (जैन साहित्य संशोधक, वो. १, अं. २) मांनुं नीचेनुं वाक्यः—

'पञ्चमी कथा दशकथानकात्मिका प्रा. महेश्वरसूरीया २००४'

३ जैन माहाराष्ट्री प्राकृत ए नामकरण माटे जुओ याकोबी संपादित 'समराइच्च कहा'नी प्रस्तावना (बीब्लीओथीका इन्डिका सीरीझ, वोल्युम – १६९) पृ. २१ – २२.

४ उपर्युक्त जे. भा. ग्र. सू. पृ. ४४ तथा पृ. ५२.

ताडपत्रीय प्रति सं. १३१३ मां वीसलदेव राज्ये तन्नियुक्त नागडना महामात्यपणामां थयेली उल्लेखायेली छे.[५] पाटणभंडार (नं. १ संघवी पाडा) मां ते छे अने एक त्रीजी ताडपत्रीय प्रति पण त्यां ज छे जे प्रांते किंचित् अपूर्ण छे.[६] आ रीते जेसलमीरमां एक अने पाटणमां बे एम कुल्ले त्रण ताडपत्रीय प्रतिओ जाणवामां छे.

आ महेश्वरसूरि रचित प्राकृत गाथाबद्ध 'पंचमी कहा' पछी धर्कटवंश वणिक् धनपाळ रचित अपभ्रंश भाषा बद्ध 'भविस्सयत्त कहा' आवे छे.[७] आ कथा 'जैन ग्रंथावलि' (जै. ग्रं.) मां महेंद्रसूरि के महेश्वरसूरिने नामे खोटी रीते चडेली छे.[८] 'जैनग्रंथावलि'ना पृ. २५६नी पाद नोंदमां एम लख्युं छे के "आ कथा पंचमी माहात्म्य पर रचेली छे. जेसलमीरनी हिरालाले करेली पोतानी टीपमां तथा लींवडीनी टीपमां एना कर्त्ता महेश्वरसूरि लख्या छे. खंभातना शेठ नगीनदासना भंडारमां महेंद्रसूरिनुं नाम आपीने सदरहु प्रति (भविष्यदत्ताख्याननी) लख्यानो संवत् १२१४ नोंधेलो छे. हालमां पं० श्री आणंदसागरजी जणावे छे के आ सिवाय बीजी एक धनपालकृत पण छे पण ते अमोने उपलब्ध नथी." आ प्रमाणेना वाक्यो 'जैन ग्रंथावलि'ना उपर्युक्त पृष्ठनी पादनोंधमां छे. मने एम लागे छे के आ कृति के जेनुं नाम 'जैन ग्रंथावलि'मां भविष्यदत्ताख्यान छे तथा जेना रचनार एमां महेंद्रसूरि जणाव्या छे अने जेनी प्रतिओ जेसलमीर, लींवडी तथा खंभातमां छे एम तेमां जणाव्युं छे तेमज जेनी गाथा संख्या २००० गणाववामां आवी छे ते बीजो कोई ग्रन्थ नहि पण महेश्वरसूरिकृत 'पंचमी कहा' ज होवी जोईए. मारा आ अनुमानननी पुष्टिमां पं० लालचंद्र भ. गांधीनुं निम्नोक्त वाक्य खास नोंधवा जेवुं छे:—"P. P. १।६७ इत्यत्र 'महेन्द्रसूरिकृतं भविदत्ताख्यानं' दर्शितं तदप्येतदेव **महेश्वरसूरि**रचितं भविष्यदत्तकथावसानं 'पञ्चमीमाहात्म्यं' सम्भाव्यते। लेखकस्खलनातः प्रेक्षकस्यापि स्खलना परम्परयाऽन्यत्रावतीर्णा प्रेक्ष्यते।"[९] पीटर्सनना पहेला रिपोर्टना ६७ नं. मां उल्लेखेल पुस्तक अने 'जैन ग्रंथावलि' निर्दिष्ट पुस्तक बन्ने एकज होय एम लागे छे. एटले महेन्द्र (के महेश्वर) सूरिरचित भविष्यदत्ताख्यान ते बीजुं कांई नहि पण पं. ला. भ. गांधी जणावे छे तेम "महेश्वरसूरिरचितं भविष्यदत्तकथावसानं 'पञ्चमीमाहात्म्यं'" होवुं जोईए. 'जैन ग्रंथावलि'मां महेश्वरसूरि रचित 'भविष्यदत्ताख्यान' (२००० गाथा—लींवडी) नो बीजो उल्लेख पृ. २२८ उपर करे छे ते पण 'पंचमी कहा' विषेनो ज समजवो. आ 'भविस्सयत्त कहा' के जेनुं बीजुं नाम 'सुय पंचमी कहा'[१०] पण छे तेनो रचनार धनपाल छे अने ते धनपाल धर्कट वंशनो हतो. तेनी बावीस संधिओ छे. आ कथा अपभ्रंशमां लखायेली छे अने तेनो नायक भविष्यदत्त राजा छे. ज्ञानपंचमीना फळनुं तेमां वर्णन करेलुं छे. तेनो लेखक धनपाल पोते ज पोतानो परिचय आपतां कहे छे के तेना पितानुं नाम माएसर हतुं अने मातानुं नाम धनश्री हतुं तेनुं पद्य लखाण धवल अने पुष्पदंत कविना लखाण साथे सरखावी शकाय तेवुं छे. तेनी अपभ्रंश हेमचंद्रना अपभ्रंश करतां प्राचीन लागे छे पण ते उपरथी तेनी अने हेमचंद्रनी वच्चे बे सैकानुं अंतर होय एम

---

५ जुओ मोहनलाल दलीचंद देसाई कृत 'जैन साहित्यनो संक्षिप्त इतिहास'—सचित्र (जै. सा. सं. इ.), मुंबई, १९३३, पृ. ४०८ तथा उपर्युक्त प. भा. ग्र. सू. नं. ४०.

६ उपर्युक्त प. भा. ग्र. सू. नं. २९.

७ आ कथा याकोबीए जर्मनीमां सन १९१८मां संपादित करी अने त्यार बाद गा. ओ. सी. मां नं. २० मां स्व. दलाले प्रो. गुणेनी प्रस्तावना अने टिप्पण सहित संशोधित करी बहार पाडी.

८ जुओ श्री जैन श्वेतांबर कोन्फरन्स, मुंबई तरफथी वि. सं. १९६५मां प्रकाशित 'जैनग्रन्थावलि' (जै. ग्र.) पृ. २२८ तथा पृ. २५६.

९ उपर्युक्त जे. भा. ग्र. सू. पृ. ४४.

१० मोहनलाल दलीचंद देसाई कृत 'जैन गूर्जर कविओ' (जै. गू. क.), प्रथमभाग, मुंबई, १९२६, पृ. ३७.

कल्पी तेने दशमी सदीमां मुकवानुं युक्तियुक्त लागतुं नथी.[११] उलटुं, इसवी सननी बारमी सदी आसपास थयो होवानुं सामान्यपणे स्वीकारायुं छे.[१२]

धाराधीश मुंजनो अने भोजनो पण अति मानीतो, सरस्वती विरुदने प्राप्त थयेल, 'पाईयलच्छी', 'तिलकमंजरी' वगेरेनो रचनार विप्र सर्वदेवनो पुत्र धनपाल उपर्युक्त धनपाल करतां बीजो[१३] अने तेना पछी थयो होवानुं मनाय छे.

'भविस्सयत्त कहा'ना रचनार धनपालने विन्टरनित्झ, याकोबीने अनुसरी, दिगंबर जैन श्रावक कहे छे.[१४] धर्कटवंश एज उपकेश—ऊकेश वंश[१५] अने ऊकेश एटले ओसवाळ वंश एवुं पण कथन जोवामां आवे छे.[१६] सारांश ए के विक्रमनी अगीआरमी सदीमां के ते पहेलां थई गयेला श्वेतांबराचार्य श्री महेश्वरसूरि रचित प्राकृत गाथामय पंचमी कथाना दसमा कथानक भविष्यदत्त उपरथी[१७] ईसवी सननी बारमी सदीमां थयेल मनाता धर्कटवंश वणिक् दिगंबर जैन धनपाले 'भविस्सयत्त कहा अथवा सुयपंचमी कहा' अपभ्रंश भाषामां रची.

धनपालनी 'भविस्सयत्त कहा' पछी तेरमी अने चौदमी सदीमां कोइए संस्कृत—प्राकृतादिमां पंचमी कथा विषे कांई लख्युं होय तेवुं जाणवामां नथी. पंदरमी सदीमां विबुध श्रीधर नामना कोई दिगंबर जैन विद्वाने 'भविष्यदत्त चरित' संस्कृतमां लख्युं होवानुं बहार आव्युं छे. आ भविष्यदत्त चरित्र पंचमी व्रतने अनुलक्षीने धनपालना 'भविस्सयत्त कहा'नी पेठे लखवामां आव्युं होय एवो पूरतो संभव छे. भाषा संस्कृत छे. पत्र संख्या ७९नी छे अने लिपिसंवत् १४८६ नो छे. ए उपरथी एम मानी शकाय के ते संवत् १४८६ पहेला थयेल हशे. दिल्हीना धर्मपुरा महोल्लामां आवेला नयामंदिरना भंडारमां आ ग्रन्थनी प्रति छे. जुओ "अनेकांत"—जून, १९४१ —पृष्ठ-३५०.

आ पछी विक्रमनी सोळमी सदीमां सिंहसेन अपरनाम रईधुए (दिगंबर जैन) 'महेसर चरिय,' 'भविस्सयत्त चरियादि' अपभ्रंश भाषामां रचेला जणाय छे.[१८] आ 'भविस्सयत्त चरिय' पंचमी व्रतना फळना दृष्टांत रूपे महेश्वरसूरि, धनपाल, विबुध श्रीधरनी माफक सिंहसेने लख्युं होय ए तद्दन स्वाभाविक छे. आ

---

११ आथी विरुद्ध अभिप्राय माटे जुओ उपर्युक्त पुस्तकनुं पृ. ३८. तथा जै. सा. सं. इ. नुं पृ. ३३० उपरनुं वाक्य "धनपाळ कवि लगभग दसमी सदीमां थयो." एज पुस्तकना पृ. १८८ उपर "आ पैकी भविष्यदत्तकथा परथी धर्कट वणिक् धनपाले अपभ्रंशमां भविस्सयत्त कहा—पंचमी कहा रची जणाय छे" वाक्य-लखेलुं छे. महेश्वरसूरि इ. स ना दशमा सैकामां प्रायः थया एम तो श्री. देसाई तेज पुस्तकना पृ. १८७ उपर कबुल करे छे तो पछी महेश्वरसूरिना 'पंचमी कथां'तर्गत भविष्यदत्त कथानकनो आधार लई 'भविस्सयत्त कहा' लखनार धनपालने दशमी सदीमां क्यांथी मुकाशे?

१२ जुओ उपर्युक्त प. भा. प्र. सू. ना प्रास्ताविक (अंग्रेजी) ना पृ. ६२ उपरनी पहेली पादनोंध.

१३ विन्टरनित्झ कृत 'हिस्टरी ऑफ इन्डीअन लिटरेचर,' वॉ. २. पृ. ५३२ उपरनी चोथी पादनोंध.

१४ उपर्युक्त पुस्तकनुं पृ. ५३२.

१५ उपर्युक्त प. भा. प्र. सू. पृ. ३२७ तथा पृ. ३३९.

१६ उपर्युक्त जै. सा. सं. इ. पृ. ४५३ उपरनी ४४१ नी पादनोंध.

१७ सरखावो उपर्युक्त जै. भा. प्र. सू. ना पृ. ४४ उपरनुं निम्नोक्त वाक्यः—साम्प्रतं प्रसिद्धा धर्कटवणिग्वंशोद्भव-धनपालनिर्मिता.........अपभ्रंशा भविस्सयत्त कहा (पञ्चमीकहा) अस्या एव प्रान्तकथायाः प्रपंचरूपा ॥ अहिंआ एक वात खास स्पष्ट करी लेवा लायक छे. एक 'पंचमी चरिअ' त्रिभुवन स्वयंभु नामना आठमी—नवमी शताब्दिमां (जुओ भारतीय विद्या (त्रैमासिक) भा. १; अं. २; पृ. १७७) थएल मनाता कविए लख्युं होवानो उल्लेख मळी आव्यो छे (जुओ भारतीय विद्या (त्रैमासिक) भा. २; अं. १; पृ. ५९). तो पछी महेश्वरसूरि अने धनपाल पहेलां पण पंचमी व्रत उपर लखायुं होवानुं मानवुं पडे. आ ग्रन्थ जोवा मळ्ये घणी बाबतो उपर प्रकाश पडवा संभव छे.

१८ उपर्युक्त जै. सा. सं. इ. पृ. ५२०

कविनुं नाम 'रईधु' छे. ते हरसिंह सिंघइनो पुत्र अने गुणकीर्त्ति शिष्य यशःकीर्त्तिनो शिष्य हतो. आ यशः-कीर्त्ति ग्वालियरमां ई. स. १४६४ (वि. सं. १५२१) मां राजकर्ता तोमर वंशना कीर्त्तिसिंह राजाना समयनी आसपास विद्यमान होवानुं जणायुं छे तेथी सिंहसेन या रईधुए पण ते ज समय आसपास आ ग्रंथो रच्या होवा जोइए. पोताना ग्रन्थोमां तेणे गुणाकर, धीरसेन, देवनंदि, जिनवरसेन, रविषेण, जिनसेन, सुरसेन, दिनकरसेन, चउमुह, सयंभू, अने पुप्फयंतनो उल्लेख करेल छे.[१९] आज कविना रचेला 'दह लक्खणु जयमाळ' नामना ग्रन्थनी प्रस्तावनामां पंडित प्रेमी जणावे छे के 'रईधु' कविए 'भविस्सचरियादि' ग्रन्थो लख्याना उल्लेख मळी आवे छे. तेओ एम पण जणावे छे के ते सर्व ग्रंथो अपभ्रंशमां होवा संभव छे.[२०] आ 'भविस्सयत्त चरिय' मुद्रित थयुं जाणवामां नथी.

विक्रमनी सत्तरमी सदीना लगभग मध्यभागमां (सं. १६५५ मां) तपागच्छीय कनककुशले संस्कृत भाषामां 'ज्ञान–पंचमी माहात्म्य' पद्यमां लख्युं.[२१] आनी एक प्रति पाटणना संघवी पाडाना भंडारमां तथा लींबडीना ज्ञानभंडारमां बे प्रतिओ छे. रचना संवत् (विक्रमीय) १६५५ लखेल छे. 'जैन ग्रंथावलि' तेनुं श्लोक प्रमाण १५० गणावे छे.[२२] अने लींबडी भंडारनुं सूचीपत्र १५२ श्लोक नोंधे छे;[२३] ज्यारे ए कथाना मुद्रित ग्रंथमां १४० श्लोक छे.[२४] श्रीयुत देसाई पोताना 'जैन साहित्यना संक्षिप्त इतिहास'मां लखे छे के तपागच्छीय कनककुशले सं. १६५५ मां 'वरदत्तगुणमंजरीकथा,' 'सौभाग्यपंचमीकथा' अने 'ज्ञानपंचमीकथा' पर बालावबोध रच्यो छे.[२५] आ वांचतां आपणने से'ज आभास थाय के श्री देसाई आ त्रणेय पुस्तकोने जुदा जुदा समजे छे पण खरी रीते एम नथी. कनककुशले एक ज बालावबोध रच्यो छे अने ते 'ज्ञानपंचमीमाहात्म्य' उपर; अने तेमां दृष्टांतरूपे वरदत्त, गुणमंजरीने लीधा छे तेम ज कनककुशल ते ग्रंथमां निम्नोक्त श्लोक[२६] लखे छे

"जायतेऽधिकसौभाग्यं पञ्चम्याराधनात् नृणाम् ।
इत्यस्या अभिधा जज्ञे लोके सौभाग्यपंचमी ॥"

जे उपरथी एने 'सौभाग्यपंचमी' पण कही शकाय. अर्थात् कनककुशले त्रण बालावबोध नथी रच्या परंतु एक ज बालावबोध रचेल छे.

तपागच्छीय कनककुशल पछी रत्नचंद्र शिष्य माणिक्यचंद्र शिष्य दानचंद्रे विजयसिंहसूरि राज्ये सं. १७०० मां 'ज्ञानपंचमी कथा' ('वरदत्त–गुणमंजरी कथा') रची.[२७] आ कथा मुद्रित थई नथी. तेनी प्रतिओ वगेरे क्यां छे ते कांई जाणवामां आव्युं नथी.

---

१९ उपर्युक्त जै. गू. क. प्रथम भाग, पृ. ८७.

२० जैन ग्रन्थ रत्नाकर कार्यालय तरफथी प्रकाशित आ ग्रंथनी पं. नाथुराम प्रेमीनी प्रस्तावना.

२१ उपर्युक्त जै. ग्र. पृ. २६४ तथा लींबडी जैन ज्ञान भंडारनी हस्तलिखित प्रतिओनुं सूचीपत्र (लीं. भा. ग्र. सू.) –श्री आगमोदय समिति ग्रन्थोद्धार ग्रन्थांक–५८–प्रथम आवृत्ति, मुंबई, इ. स. १९२८, पृ. ६२ तथा उपर्युक्त जै. सा. सं. इ. पृ. ६०४. आ 'ज्ञान पंचमी माहात्म्य,' श्रीविजयधर्मसूरि जैन ग्रन्थमालाना पु. ३७ ना एक भाग रूपे बहार पडेल छे. जुओ 'श्रीपर्वकथा संग्रह' (प. क. सं.), विजयधर्मसूरि जैन ग्रन्थमाला, पु. ३७ संपादक–स्व. मुनिश्री हिमांशुविजय, उज्जैन, वि. सं. १९३३, पृ. ३–१६.

२२ जुओ उपर्युक्त जै. ग्र. पृ. २६४.

२३ जुओ उपर्युक्त लीं. भा. ग्र. सू. पृ. ६२.

२४ जुओ उपर्युक्त प. क. सं. पृष्ठो ३–१६.

२५ जुओ उपर्युक्त जै. सा. सं. इ. पृ. ५९१ तथा ६०४.

२६ जुओ उपर्युक्त प. क. सं. पृ. १५, श्लोक १३६.

२७ जुओ उपर्युक्त जै. सा. सं. इ. पृ. ६०२.

दानचंद्र पछी 'सप्तसंधान' महाकाव्यना लेखक उपाध्याय मेघविजयजीए (अढारमी सदी) पण 'पंचमी कथा' लखी होवानो उल्लेख मळी आवे छे. ते हजु मुद्रित थई जणाती नथी. तेनी प्रति पंन्यास श्रीहंसविजयजी पासे छे एम श्री देसाई पोताना 'जैन साहित्यना संक्षिप्त इतिहास'मां जणावे छे.[२८]

आ पछी ओगणीसमी सदीमां वि. सं. १८२९ थी १८६९ ना गाळामां खरतरगच्छीय क्षमाकल्याण उपाध्याये 'सौभाग्य पंचमी' नामे पंचमी व्रतना माहात्म्य उपर संस्कृतमां गद्य पद्य युक्त कथा रची. आ पुस्तक विजयधर्मसूरि जैनग्रंथमाळा तरफथी प्रकाशित 'पर्वकथासंग्रह' नामना ग्रन्थथी भिन्न परंतु तेज नामधारी एक बीजा 'पर्वकथासंग्रह' नामना पत्राकारे मुद्रित पुस्तकमां प्रथम कथारूपे स्थान पामेली छे. तेना संपादक मणिसागरजी छे अने जैन छापखाना–कोटा (राजपुताना) तरफथी प्रसिद्ध थयेली छे. आ क्षमाकल्याण उपाध्याय खरतरगच्छीय जिनलाभसूरिना शिष्य अमृतधर्मना शिष्य हता. श्री. देसाई नोंधे छे के तेमणे चातुर्मासिक होलिका आदि दश पर्व कथा रची हती.[२९] परंतु त्यां आगळ तेओ ए दश पर्व कथाओमां 'सौभाग्य पंचमी'नो उल्लेख स्पष्ट रीते करता नथी. जो के क्षमाकल्याण उपाध्याये 'सौभाग्य पंचमी' रची हती ए निर्विवाद छे. लींबडी भंडारमां आनी एक प्रति छे.[३०] 'जैन ग्रंथावलि'मां क्षमाकल्याण कृत 'सौभाग्य पंचमी' विषे स्पष्ट उल्लेख नथी. 'अक्षयतृतीया कथा,' 'अट्ठाई व्याख्या,' 'चातुर्मासिक पर्व कथा,' 'पौष दशमी कथा,' 'मेरु त्रयोदशी कथा,' 'मौन एकादशी कथा (प्रा),' 'रजः पर्व कथा,' 'होलिका कथा' अने 'रोहिणी कथा' वगेरेनो ग्रन्थ तरीके 'जैनग्रंथावलि'मां उल्लेख छे पण कर्त्तानुं नाम नथी लखेल; अने ए बधानी प्रतिओ अमदावादना डेलाना भंडारमां छे एम त्यां लखेलुं छे.[३१] आ बधा पर्वोनो सरवाळो करतां नव पर्व थाय छे; अने श्री. देसाई दश पर्वकथाओ लखी होवानो उल्लेख करे छे. ते उपरांत 'जैन ग्रंथावलि'मां तेज पृष्ठ उपर 'ज्ञान पंचमी' कथानो उल्लेख छे. कर्त्तानुं नाम नथी अने प्रति अमदावादना डेलाना भंडारमां छे एम जणाव्युं छे.[३२] तो कदाच आ 'ज्ञान पंचमी कथा' क्षमाकल्याण रचित होवा संभव छे; कारण के ए रीते श्रीदेसाईनो क्षमाकल्याणे दश पर्वकथाओ लखी होवानो उल्लेख तेमज लींबडी भंडारमांथी मळी आवती क्षमाकल्याण रचित 'ज्ञानपंचमी कथा'वाळो उल्लेख ए बन्ने बावतो साची ठरे. 'जैन ग्रंथावलि' त्रण ज्ञान पंचमी कथाओ नोंधे छे.[३३] तेमांथी एक तो स्पष्ट रीते कनककुशल रचित लखेल छे. बीजी में कल्पना करी छे तेम क्षमाकल्याण रचित होय अने त्रीजी सौंदर्यगणि रचित पाटणना संघवीपाडाना भंडारमां छे एम सूचवी पादनोंधमां शंका करी छे के सौंदर्यगणि नामना कोई आचार्य थया जाणवामां नथी. एकज लेखक रचित एकज ग्रंथनी बे प्रतिओ होवा पण संभव छे. सौंदर्यगणिए पोतानुं नाम पोतानी मालीकी सूचववा त्यां लख्युं होय अने भूलथी एने नामे ए कृति मात्र त्यां लखेल नाम उपरथी चडावी देवामां आवी होय एम पण बने. क्षमाकल्याणकृत 'सौभाग्य पंचमी' (मुद्रित) तपासवाथी मालुम पडे छे के एमणे पद्यो तो कनककुशल रचित 'ज्ञान पंचमी माहात्म्य' मांथी लीधा छे अने गद्यविभाग पोते रच्यो होय एम देखाय छे, जो के आ गद्यविभाग पण कनककुशल रचित 'ज्ञान पंचमी माहात्म्य'ना भावने बराबर अनुसरे छे.

---

२८ जुओ उपर्युक्त पुस्तकनुं पृ. ६५३.

२९ जुओ उपर्युक्त जै. सा. सं. इ. पृ. ६७६.

३० जुओ उपर्युक्त लीं. भा. प्र. सू. नुं परिशिष्ट नं. १ पृ. ४.

३१ जुओ उपर्युक्त जै. ग्र. पृ. २६४.

३२ जुओ उपर्युक्त ग्रन्थनुं उपर्युक्त पृ.

३३ जुओ उपर्युक्त ग्रन्थनुं उपर्युक्त पृ.

त्यार वाद विक्रमनी वीसमी सदीमां आजथी लगभग ओगणीश वर्ष पहेलां एटले वि. सं. १९८२ मां दिगंबर जैन विद्वान ब्रह्मचारी रायमल्ले संस्कृतमां 'भविष्यदत्त–चरित' लख्यानुं वांच्युं छे. पत्र संख्या ४५नी गणावी छे अने लिपि संवत् १९८२ मुकेल छे. हिन्दीमां तेना उपर भगवतदासे टीका पण करेली छे.[३४] आ ग्रन्थ पण नाम उपरथी तो पंचमी व्रत उपर ज लागे छे. जोवाथी वधारे मालुम पडे. हजु ते प्रकट थयो होय एवुं जाणवामां नथी. उपर्युक्त दिल्हीमां धर्मपुरा महोल्लाना नया मंदिरना भंडारमां तेनी प्रति छे.

अहिं सुधी तो आपणे पंचमी माहात्म्य उपर संस्कृत, प्राकृत, अपभ्रंशादि भाषामां कोणे क्यारे लख्युं ते संबंधे चर्चा करी. हवे आपणे ते संबंधे जूनी गूजरातीमां कोणे क्यारे शुं लख्युं छे तेनो पण विचार करी लइए.

सत्तरमी सदीना अंतभागमां एटले के लगभग वि. सं. १६८५ मां तपागच्छीय हीरविजयसूरि–मेह-मुनि–कल्याणकुशल शिष्य दयाकुशले 'ज्ञान पंचमी–नेमिजिनस्तवन' जूनी गूजरातीमां लख्युं.[३५] आदिमां तेमां लख्युं छे :–

"शारदमात पसाउले निजगुरुचरण नमेवि
पंचमी तपविधि हुं भणुं हिअडे हरप धरेवि."

दयाकुशले उपर्युक्त स्तवन रच्युं तेज अरसामां खरतरगच्छीय जिनचंद्रसूरि–सकलचंद्र उपाध्यायना शिष्य समयसुंदर उपाध्याये वि. सं. १६८५ आसपासमां जेसलमेरमां 'पंचमी वृद्ध (मोटुं) स्त०' (ज्ञान पंचमीपर ३ ढाळ २५ कडीनुं स्तवन) तथा 'पंचमी लघु स्तवन' ५–कडीमां जूनी गूजरातीमां लख्यां.[३६] नमूना नीचे प्रमाणे छे :–

'पंचमी वृद्धस्तवन'नी आदि :–

"प्रणमुं श्री गुरुपाय निर्मलज्ञान उपाय,
पंचमी तप भणुं ए, जनम सफळ गिणुं ए".

'पंचमी लघुस्तवन'नी आदि :–

"पंचमी तप तुमें करोरे प्राणि, निर्मळ पामो ज्ञान".

अंत :–

"पार्श्वनाथ प्रसाद करीने, म्हारी पूरो उमेद रे,
समयसुंदर कहे हुं पण पामुं, ज्ञाननो पंचमो भेद रे."

लगभग आज समये तपागच्छीय सकलचंद्र उपाध्याय शिष्य सूरचंद्र शिष्य भानुचंद्र शिष्य देवचंद्र वीजाए पण 'सौभाग्य पंचमी स्तुति' लखी छे.[३७]

अढारमी सदीना पहेला दसकामां तपागच्छीय विजयसिंह–विजयदेव–संजमहर्ष–गुणहर्ष शिष्य लब्धिविजये 'मौन एकादशी स्तवन' उपरांत 'सौभाग्य पंचमी–ज्ञान पंचमी स्तवन' जूनी गूजरातीमां रच्यानो दाखलो मळे छे :–[३८]

---

३४ जुओ "अनेकांत"–१९४१, जून–पृ. ३५०

३५ जुओ उपर्युक्त जै. गू. क. प्रथम भाग, पृ. २९९.

३६ जुओ उपर्युक्त जै. गू. क. प्रथम भाग, पृ. ३८०.

३७ जुओ उपर्युक्त जै. गू. क. प्रथम भाग, पृ. ५७९.

३८ जुओ जै. गू. क. बीजो भाग, पृ. १२३.

आदि :—

"आदि जिणवर (२) सयल जगजंत
वंछिअ सुहंकर पयकमल नमवि देव सारदा समरिअ,
तिम निअ सहगुरु नामनइं मुझ मन्नि कजि करिअ भमरिअ,
कहिस्युं **सोहग पंचमी नाणपंचमी** तिम्म
आराहतइं दूरि होई नाणावरणी कम्म". १

वि. सं. १७३१ लगभग खरतरगच्छीय जिनरंगे 'सौभाग्य पंचमी' उपर सज्झाय लख्यानुं नोंधायुं छे.[३९]

वि. सं. १७४८ (?) कार्त्तिक सुद ५ सोमवारे आग्रामां तपागच्छीय चारित्रसागर—कल्याणसागर—ऋद्धिसागर शिष्य ऋषभसागरे 'गुणमंजरी वरदत्त चोपाई' जूनी गूजरातीमां लख्यानुं उल्लेखायुं छे[४०] :—

आदि :—

"भाविक जिव उपकार भणि, ज्यूं कह्यो पूरवसूरि,
काति सूदि **पंचमि** तणो, कहिस्युं महिमा पूर." ६

× × ×

अंत :—

"ऋषभसागर निजमति अनुसारैं, ए कही इण प्रकारैं,
भणैं गुणैं ए चरित पवित ई, आनंद हुवैं तस चित्तइंजी" ॥ ९० ॥

वि. सं. १७९९ ना श्रावणसुद ५ रविवारे पालणपुरमां तपागच्छीय विजयप्रभसूरि—प्रेमविजय शिष्य कांतिविजये जूनी गूजरातीमां सौभाग्य पंचमी माहात्म्य—गर्भित श्री 'नेमिजिन स्तवन' रच्युं[४१] :—

आदि :—

"पणमूं पवयण देवी रे सूर वहु सेवित पास,
पंचमी तप महीमा कहुं, देज्यो वचन प्रकाश. १
जे सुणतां दुःख निकसें रे विकसे संपद हेज,
आतम साखि आराधतां साधतां वाधे तेज." २

आ सिवाय ज्ञान पंचमी उपर अथवा तेने लगतां विषय उपर गूजरातीमां वणारसी कृत 'ज्ञान पंचमी चैत्यवंदन,' 'ज्ञान पंचमी उद्यापन विधि स्वाध्याय,' विजयलक्ष्मी सूरि कृत 'ज्ञान पंचमी देववंदन,' 'ज्ञान पंचमी स्वाध्याय' अने गुणविजय कृत 'ज्ञान पंचमी स्तवन' वगेरे वगेरे लखाया छे.[४२]

महेश्वर सूरिओ

'ज्ञान पंचमी कथा' अथवा 'पंचमी माहात्म्य'ना रचनार सज्जन उपाध्यायना शिष्य महेश्वर सूरि वि. सं. ११०९ पछी तो नथी ज थया ए वात निर्विवाद छे कारण के ज्ञान पंचमी कथानी जूनामां

---

३९ जुओ उपर्युक्त जै. गू. क. बीजो भाग, पृ. २७३.
४० जुओ उपर्युक्त जै. गू. क. बीजो भाग, पृ. ३८०.
४१ जुओ उपर्युक्त जै. गू. क. बीजो भाग, पृ. ५३१.
४२ जुओ उपर्युक्त लीं. भां. म. द.

जूनी ताडपत्रीय प्रतिनो लेखन संवत ११०९ छे ते आपणे आगळ जोई गया.[४३] आना अनुसंधानमां ए पण जणाववुं आवश्यक छे के 'जैन ग्रंथावलि' मां उल्लेखेल भविदत्ताख्यान के भविष्यदत्ताख्यानकार महेश्वरसूरि ते बीजा कोई नहि पण 'ज्ञान पंचमी' ना लेखक महेश्वरसूरि; ते पण आगळ आपणे तपासी गया.[४४]

अपभ्रंशभाषामां पांत्रीश गाथामां 'संयममंजरी' ना लखनार एक बीजा महेश्वरसूरिनो उल्लेख अहिं करी लेवो जोइए.[४५]

त्यार बाद एक त्रीजा महेश्वरसूरि ते थई गया के जेणे 'पाक्षिक अथवा आवश्यक सप्तति' उपर १०४० गाथा प्रमाण टीका लखी छे.[४६] आ महेश्वरसूरि वादिदेवसूरिना शिष्य हता अने ए हिसाबे तेमनो अस्तित्वकाळ विक्रमीय तेरमी सदीनो लगभग मध्यभाग संभवे. तेमणे रचेली वृत्तिनुं नाम 'सुख प्रबोधिनी' छे. ए वृत्ति रचवामां तेमने वज्रसेन गणिए सहाय पण करी हती[४७] (जुओ कांतिविजयजी प्रवर्तकनो पुस्तक भंडार, वडोदरा, नं. १०).

चोथा महेश्वरसूरि ते थई गया के जेमणे 'कालिकाचार्य कथा' बावन प्राकृत गाथामां लखी छे.[४८] 'जैन ग्रंथावलि' पृ. २५० नी नोटमां उमेरे छे के "आ महेश्वरसूरि ते कया ते बाबत कांई चोक्कस पूरावो मळी शकतो नथी. पण ते प्राचीन वखतमां थयेला होवा जोइए. तेमना संबंधमां पीटर्सनना बीजा रिपोर्टमां ('जैन साहित्यना संक्षिप्त इतिहास'मां बीजो नहि पण पहेलो रिपोर्ट लख्यो छे) पृ. २९मां सदरहु कथानी नोंध लेतां प्रान्ते "इति श्री पल्लील ('जैन साहित्यना संक्षिप्त इतिहास'मां आ गच्छने पल्लीवाल गच्छ तरीके ओळखावेल छे अने ते साचुं छे)[४९] गच्छे महेश्वरसूरिभिर्विरचिता कालिकाचार्य कथा समाप्ता" आवो उल्लेख छे. संवत् १३६५ नो नोंध्यो छे पण अमारा धारवा मुजब ते प्रति लख्यानो होवो जोइए. आ बाबत 'संयममंजरी'मां पण विशेष खुलासो जोवामां आवतो नथी.

पांचमा महेश्वरसूरि ए थई गया के जेमणे 'विचार रसायन प्रकरण' (अमदावादना डेलाना उपाश्रयनी टीपमां आनुं नाम 'विचारण प्रकरण' जोवामां आवे छे पण ते 'विचार रसायन प्रकरण' ज होय एम संभवे छे) ८७ गाथामां संवत् १५७३मां रच्युं.[५०]

---

४३ जुओ पादनोंध ४. तेओ सज्जन उपाध्यायना शिष्य हता ते माटे जुओ आ 'ज्ञान पंचमी कथा' ना प्रशस्तिगत निम्नोक्त श्लोकोः—

> दोपक्खुज्जोयकरो दोसासंगेण वज्जिओ अमओ ।
> सिरिसज्जणउज्झाओ अउव्वचंदुव्व अक्खत्थो ॥ १०; ४९६ ॥
> सीसेण तस्स कहिया दस वि कहाणा इमे उ पंचमिए ।
> सूरिमहेसरएणं भवियाणं बोहणट्ठाए ॥ १०; ४९७ ॥

४४ जुओ पादनोंध ९.

४५ जुओ उपर्युक्त जै. ग्र. पृ. १९२; उपर्युक्त जै. सा. सं. इ. पृ. ३३१; लीं. भा. ग्र. सू. पृ. १७६; उपर्युक्त प. भा. ग्र. सू. (अंग्रेजी प्रास्ताविक) पृ. ६३; printed in the introduction of भविस्सयत्तकहा (गा. ओ. सी. नं २०).

४६ उपर्युक्त जै. ग्र. पृ. १४३.

४७ उपर्युक्त जै. सा. सं. इ. पृ. ३३६.

४८ उपर्युक्त जै ग्र. पृ. २५०.

४९ उपर्युक्त जै. सा. सं. इ. पृ. ४३१.

५० उपर्युक्त जै. सा. सं. इ. पृ. ५१८; उपर्युक्त जै. ग्र. पृ. १३५.

छठ्ठा महेश्वरसूरि ते देवानंद गच्छना महेश्वरसूरि के जेओ संवत् १६३० मां थई गया.[५२]

सातमा महेश्वरसूरिनो उल्लेख लींबडीनी सूचीमां मळी आवे छे. तेमणे 'शब्द भेद प्रकाश' रच्यो हतो जेनो लेखन संवत् वि. स. १६४४ लींबडी भंडारवाळी प्रतिमां नोंधेलो छे. नव पत्र छे अने ३६६ श्लोक संस्कृतमां छे.[५२]

आठमा महेश्वरसूरि संबंधेनी थोडीक विगत 'जैन ग्रंथावलि'मां मळी आवे छे. तेओ वर्धमान सूरिना शिष्य हता अने १२३ गाथामां 'सिद्धांतोद्धार प्रकरण' रच्युं हतुं एवो उल्लेख तेमां छे.[५३] 'जैन साहित्यना संक्षिप्त इतिहास'मां एम जणाव्युं छे के 'सिद्धांत—विचार' अथवा 'सिद्धांतोद्धार' (पी. १,३३) विमलसूरिना शिष्य चंद्रकीर्त्ति गणिए रच्यो हतो.[५४]

'जैन ग्रंथावलि' तो वीजा वे महेश्वरसूरिओ पण जणावे छे जेमांना एके 'लिंगभेद नाममाळा'[५५] अने बीजाए ३००० श्लोक प्रमाण 'विश्वकोष' रच्यो हतो.[५६] आ रीते दश महेश्वरसूरिओ थया.

अने अगीआरमा महेश्वरसूरि लींबडी भंडारनी सूचि प्रमाणे ए थया के जेमणे संस्कृतमां 'शब्द प्रभेद' नामनो २०० श्लोक प्रमाण ग्रंथ लख्यो. तेना सात पृष्ठ छे.[५७]

आ अगीआर महेश्वरसूरिओ पैकी 'ज्ञानपंचमी कथा'ना लखनार महेश्वरसूरिए बीजो कोई ग्रंथ लख्यो छे के नहि ते तपासवाथी कया महेश्वरसूरि वेवडाणा छे तेनी खबर पडशे. 'पंचमी कथा'ना लखनार महेश्वरसूरिए पोताने माटे सज्जन उपाध्यायना पोते शिष्य हता ते सिवाय कशुं ज प्रशस्तिमां जणाव्युं नथी. छतां पोते विक्रमीय अगीआरमी सदीना प्रथम दशका पहेलां थया हता ए तो आपणे आगळ जोई गया. एटले ज्यां गुरुभेद अने समयभेद स्पष्टपणे बताववामां आव्यो हशे त्यां तो 'पंचमी कहा'ना रचनार महेश्वरसूरि ते ते महेश्वरसूरिथी जुदा एम वेधडकपणे कही शकाशे.

'आवश्यक सप्तति' उपर टीका लखनार महेश्वरसूरि वादिदेव सूरिना शिष्य हता तेथी, 'कालकाचार्य कथा' प्राकृतमां लखनार महेश्वरसूरि पल्लीवाल गच्छमां थई गया तेथी, 'विचार रसायन प्रकरण'नां रचनार महेश्वरसूरि सं. १५७३ मां विद्यमान हता तेथी, देवानंद गच्छना महेश्वरसूरि गच्छभेदे तथा सं. १६३० मां थई गया तेथी, 'सिद्धांतोद्धार प्रकरण'ना रचनार महेश्वरसूरि वर्धमानसूरिना शिष्य हता तेथी, अने 'शब्द भेद प्रकाश,' 'लिंगभेद नाम माळा,' 'विश्वकोष,' अने 'शब्द प्रभेद' ना लखनार चारेय महेश्वरसूरिओ अर्वाचीन देखाय छे तेथी ए नवेय महेश्वरसूरिओ 'ज्ञान पंचमी' कथाना लेखक महेश्वरसूरि करतां भिन्न छे ए निर्विवाद छे. हवे रह्या एक 'संयम मंजरी'ना लखनार महेश्वरसूरि जे प्रस्तुत 'ज्ञानपंचमी कथा'ना लेखक महेश्वरसूरि होय एवी संभावना रहे छे. अपभ्रंश भाषामां 'संयममंजरी' नामनो प्रकरण ग्रन्थ लखनार महेश्वरसूरिए ते ग्रंथमां पण पोताना समय वगेरे विषे कशो उल्लेख कर्यो नथी. पोताना 'हिस्टरी ओफ इन्डीअन लिटरेचर' भाग २ मां[५८]

---

५१ उपर्युक्त जै. सा. सं. इ. पृ. ६०६.
५२ जुओ उपर्युक्त लीं. भा. प्र. सू. पृ. १४०.
५३ जुओ उपर्युक्त जै. ग्र. पृ. १३६.
५४ जुओ उपर्युक्त जै. सा. सं. इ. पृ. २७६.
५५ जुओ उपर्युक्त जै. ग्र. पृ. ३१२.
५६ जुओ उपर्युक्त जै. ग्र. पृ. ३१३.
५७ जुओ उपर्युक्त लीं. भा. प्र. सू. पृ. १४०.
५८ जुओ पृ. ५८९ नी सातमी पादनोंध.

विन्टरनित्झ 'संयममंजरी'ना लखनार महेश्वरसूरिने हेमहंससूरिना शिष्य भूलथी मानीने हेमचंद्रसूरिना समसामयिक अथवा १३०९ पहेलां तो अवश्य थयेला माने छे. 'कालकाचार्य कथानक'ना कर्त्ता महेश्वरसूरि अने संयममंजरीना महेश्वरसूरि बन्ने एक छे एम कल्पी, 'कालकाचार्य कथानक'नी ताडपत्रीय प्रति इ. स. १३०९मां लखायेली मळी आवेल छे ते उपरथी 'संयममंजरी'ना रचनार महेश्वरसूरि १३०९ पहेलां मोडामां मोडा थया होवा जोइए एम गणी तेओ हेमहंससूरिना शिष्य छे एम आगळ कह्युं तेम भूलथी मानी तेमने हेमचंद्रसूरिना समसामयिक बनावे छे. आ आखी विचारसरणि भूल भरेली देखाय छे. पहेला तो ए के 'कालकाचार्य कथानक'ना रचनार महेश्वरसूरि तेज 'संयममंजरी'ना रचनार महेश्वरसूरि, में आगळ कह्युं तेम, मानवानुं खास कांई कारण नथी. ते उपरांत, महेश्वरसूरि हेमहंससूरिना शिष्य हता ए खोटुं छे कारण के उलटुं हेमहंससूरि (पूर्णचंद्रसूरि शिष्य)ना शिष्ये 'संयममंजरी' नामना प्रकरण ग्रन्थ उपर प्राकृत–संस्कृत कथाओथी अलंकृत विस्तीर्ण व्याख्या रची प्रकरणकार तरफनो पोतानो आदरभाव व्यक्त कर्यो छे. एटले पूर्णचंद्रसूरि शिष्य हेमहंससूरि शिष्य तो वृत्तिकार थया, नहि के प्रकरणकार; अलबत्त, पोतानी ए व्याख्यामां व्याख्याकार हेमहंससूरि शिष्य पण प्रकरणकार महेश्वरसूरि संबंधे कशुं ज लखता नथी. महेश्वरसूरि 'संयममंजरी'ना रचनार हता ए पण कदाच व्याख्याकार जाणता नो'ता कारण के महेश्वरसूरि शब्द प्रयोगने बदले तेओ प्रकरणकार कहीने ज ओळखावे छे. आ हेमहंससूरि शिष्य ते कदाच हेमसमुद्र होय.[५९] पूर्णचंद्रसूरि–हेमहंससूरि–हेमसमुद्रसूरि नागोरी तपागच्छनां हता के चंद्रगच्छना हता ते विषे मतभेद छे.[६०]

आ 'संयममंजरी'नी त्रण ताडपत्रीय प्रतिओ पाटण भंडारमां छे.[६१] जेसलमेरना बृहद्भंडारमां पण एक ताडपत्रीय प्रति छे.[६२] अने लींबडी भंडारमां पण एक हस्तलिखित प्रति छे.[६३] भाषा अपभ्रंश छे अने कुल गाथा ३५ छे. तेना उपर विस्तीर्ण व्याख्या पूर्णचंद्रसूरि शिष्य हेमहंससूरिना शिष्ये लखेली छे. आ ग्रंथ मुद्रित थयेल छे.[६४] 'संयममंजरी'ना रचनार महेश्वरसूरि अगीआरमी सदी (विक्रमीय) मां थई गया[६५] तेथी 'ज्ञानपंचमी कथा'ना लेखक महेश्वरसूरि अने आ महेश्वरसूरि एक होय एम संभव छे.

*

'नाणपंचमी' अने 'भविस्सयत्त' कहा

अहिंआ महेश्वरसूरि रचित 'नाणपंचमी कहा' अने धनपाल रचित 'भविस्सयत्त कहा'नो–ए बे ज्ञाननुं माहात्म्य वर्णवनारी जैन कथाओ जेमांनी पहेली प्राकृत भाषामां अने बीजी अपभ्रंश भाषामां रचाएली छे–तुलनात्मक परिचय आपवानो मारो उद्देश छे. 'नाणपंचमी कहा'नुं प्रथम जयसेन आख्यान अने अंतिम भविष्यदत्त आख्यान दरेक पांचसो पांचसो गाथामां लखायेला छे. बाकीनां आठ आख्यानो सवासो सवासो गाथामां पूरां करी देवामां आव्यां छे. आ समग्र कथानुं मुख्य ध्येय ज्ञानपंचमी व्रतनुं माहात्म्य समजाववानुं छे. ए व्रत कोण अने क्यारे ग्रहण करी शके, तेम ज एने ग्रहण करवानो शो विधि छे तथा तेना उजमणानी रीत अने तेनुं शुं फळ छे ए वगेरे तमाम हकीकत महेश्वरसूरिए प्रवाहबद्ध अने हृदयंगम पद्यमां सम-

५९ जुओ उपर्युक्त जै. सा. सं. इ. पृ. ५८५.

६० जुओ उपर्युक्त पुस्तकनुं उपर्युक्त पृ. तथा उपर्युक्त प. भा. ग्र. सू. पृ. ११३.

६१ जुओ उपर्युक्त प. भा. ग्र. सू. पृ. ६८, १६२ तथा १९३.

६२ जुओ उपर्युक्त जे. भा. ग्र. सू. पृ. ३८.

६३ जुओ उपर्युक्त लीं. भा. ग्र. सू. पृ. १७६.

६४ जुओ गा. ओ. सी. नं. २०.

६५ जुओ उपर्युक्त जै. सा. सं. इ. पृ. ३३१.

जाणी छे. ज्ञानपंचमीव्रतनुं माहात्म्य आम तो सौ कोई समजे छे परंतु सौभाग्य, सुकुलजन्म, व्याधिविमोक्ष अने छेवटे मोक्ष जेवा फळ ज्ञानपंचमी व्रतने यथाविधि करवाथी प्राप्त थाय छे ए वात जुदा जुदा पात्रो द्वारा सचोट अने भाववाही शैलिथी समजावनार एवो आज पर्यंत उपलब्ध कोई प्राचीन ग्रन्थरत्न होय तो ते आ ज छे एम मारुं मानवुं छे. आपणे आगळ जोई गया तेम ज्ञानपंचमी व्रतना सर्वसाधारण अत्युत्तम फळने वर्णवती 'भविष्यदत्त कथा', 'सौभाग्यपंचमी कथा', 'पंचमी कथा' वगेरे घणी घणी कथाओ, संस्कृतमां, अपभ्रंशमां, अने जूनी गूजरातीमां रचायेली मळी आवे छे, परंतु ए बधाथी बधी बाबतोमां चडीआती अने ए बधाथी प्राचीन आ कथा छे ए वात निःसंशय छे एम आपणे आगळ जोई गया.

वळी आपणे आगळ जोई गया तेम धर्कटवंशीय वणिक् धनपाळ कविए 'भविष्यदत्त कथा' नामनी एक कथा बावीस संधिमां अपभ्रंश भाषामां श्रुतपंचमी (ज्ञानपंचमी) व्रतना प्रभावने वर्णववाना हेतुथी लखी छे.[६६] तेना पितानुं नाम 'माएसर' अने मातानुं नाम 'धणसिरि' हतुं. धनपाळ कवि दिगंबर देखाय छे. कथानुं अपरनाम 'सुयपंचमी कहा'[६७] ('सियपंचमी कहा' पद पण मळी आवे छे; छतां 'सुयपंचमी कहा' ए वधारे ठीक छे) ए श्वेतांबर आम्नाय प्रचलित ज्ञानपंचमी शब्द माटेनो दिगंबर आम्नाय योजित पारिभाषिक शब्द छे. ते तथा '**भञ्जिवि जेण दियंवरि लाइउ**'[६८] पद प्रयोग, दिगंबर संप्रदाय स्वायत्तीकृत क्षुल्लक शब्दनो उपयोग,[६९] अने अच्युत स्वर्गनो सोळमा स्वर्ग तरीकेनो निर्देश[७०]—आ बधी बाबतो धनपाळ कवि दिगंबरमतानुयायी हतो ए मान्यता तरफ आपणने लई जाय छे. धर्कट वंश दिगंबरोनो हतो एम डॉ. याकोबी आबुपर्वत उपर आवेला देलवाडा मंदिरस्थ, इ० स० १२३०ना तेजपालना शिलालेख संबंधी दलीलो आपी साबीत करे छे;[७१] ज्यारे धर्कट वंशमांथी उपकेश—ऊकेश—ओसवालोनी शाखा नीकळी हती ए वात आपणने ए वंश श्वेतांबरोनो हतो ए अभिप्राय तरफ घसडी जाय छे.[७२] कदाच एम पण होय के ए वंश धनपाळना समये दिगंबरोनो होय अने पाछळथी गमे ते कोई कारणे श्वेतांबरोनो थयो होय. गमे तेम होय पण आभ्यंतरिक प्रमाण द्वारा ए वात निर्विवाद छे के धनपाळ दिगंबरमतावलंबी हतो. आ धनपाळ पाइअलच्छीनाममालाकार धनपाल करतां जूदो छे ए वात तो पाइअलच्छीनाममालाकारनो पिता सर्वदेव हतो ए कारणे सुस्पष्ट छे एम आपणे जोई गया.

'समरादित्यकथा' अने 'भविष्यदत्तकथा' वच्चे निदानसाम्य छे (जुओ, वीसमी संधि) ए दलीलनो आश्रय लई धनपाळ हरिभद्रसूरिनो तरतनो अनुगामी होय एम डॉ. याकोबी सिद्ध करे छे.[७३] हरिभद्रसूरि इ० स०नी नवमी शताब्दिना उत्तरार्धमां (मुनि जिनविजयजीना मते इ० स० ७०५थी इ० स० ७७५)[७४] थया होवा जोइए एम डॉ. याकोबी माने छे. ए हिसाबे धनपाळ कवि वहेलामां वहेलो

---

६६ आ कथा याकोबीए जर्मनीमां इ. स. १९१८ मां संपादित करी बहार पाडी अने त्यार बाद गा. ओ. सी.मां नं.२०, स्व. दलाले अने प्रो. गुणेए प्रस्तावना, टिप्पणी अने शब्दकोश सहित इ. स. १९२३ मां बहार पाडी.

६७ जुओ गा. ओ. सी. प्रकाशित 'भविष्यदत्त कथा'नी प्रस्तावनानुं पृ. १.

६८ जुओ उपर्युक्त पुस्तकनी पांचमी संधि, वीसमुं कडवक, त्रीजी पंक्ति.

६९ जुओ उपर्युक्त पुस्तक, १७; ७; तथा १८; १.

७० जुओ उपर्युक्त पुस्तक, २०; ९.

७१ जुओ याकोबी संपादित 'भविष्यदत्त कथा', प्रस्तावना, पृ. ६.

७२ जुओ उपर्युक्त प. भा. म. सू. भाग. १, पृ. २३९ तथा ४२७.

७३ जुओ उपर्युक्त याकोबी संपादित 'भविष्यदत्त कथा' नी प्रस्तावना पृष्ठ ६.

७४ जुओ मुनि जिनविजयजी संपादित 'जैन साहित्य संशोधक'—पु. १. अंक. १ मां "हरिभद्रसूरिका समय निर्णय" शीर्षक लेख.

इ० स०नी दशमी शताब्दिमां थयो होवो जोइए एम डॉ. याकोबी धारे छे. दलाल–गुणे संपादित 'भविस्सयत्तकहा' नी प्रस्तावनामां डॉ. गुणे कहे छे के धनपाल प्रयुक्त अपभ्रंश हेमचंद्र उदाहृत अपभ्रंश करतां, रूपत्रैविध्य अने नियमशैथिल्यने कारणे प्राचीन देखाय छे. जे समये अपभ्रंश भाषा बोलाती बंध नहि थई होय ते वखते धनपाळे 'भविष्यदत्त कथा' लखी होवी जोइए. धनपाळना समयमां बोलाती अपभ्रंश भाषाने हेमचंद्र उदाहृत अपभ्रंशनुं स्वरूप पामतां ओछामां ओछी बे सदी लागी हशे एम कल्पी डॉ. गुणे धनपाळने हेमचंद्र करतां बे सदी वहेलो एटले के इ० स० नी दशमी सदीमां मुके छे.[७५] डॉ. याकोबीए धनपाळ कविनो वहेलामां वहेलो समय इ० स०नी दसमी सदीनो स्थिर कर्यो छे तेमां, अने डॉ. गुणेए–जो के बीजी दलील द्वारा – नियत करेला धनपाळ कविना तेना ते ज समयमां, मारे लगभग एकथी सवा सदीनो उमेरो करवानो छे अर्थात् स्वतंत्र दलील योजी धनपाळ कविने अगीआरमी सदीना लगभग अन्तभागमां मुकवानो आ लेखमां मारो आशय छे.

ते स्वतंत्र दलील आ छे. महेश्वरसूरि रचित 'नाणपंचमी कहा' वांच्या पछी अने खास करीने ते कथानुं छेल्लुं अने दसमुं आख्यान के जेनुं नाम भविष्यदत्त आख्यान छे ते वांच्या पछी तेम ज तेने धनपाळ कवि रचित 'भविस्सयत्त कहा' साथे बराबर सरखाव्या बाद, मारो एवो दृढ अभिप्राय थयो छे के धनपाल कविए पोतानी कथानुं वस्तु महेश्वरसूरि रचित 'नाणपंचमी कहा'तर्गत दसमा अने छेल्ला भविष्यदत्त आख्यानमांथी लीधुं छे. कळानी दृष्टिए धनपाळे वर्णनविस्तार जरूर कर्यो छे पण वस्तुमौलिकतानो यश तो महेश्वरसूरिने फाळे ज जाय छे. भविष्यदत्त आख्यान नो अने धनपाळ रचित 'भविस्सयत्त कहा'नो सारांश में नीचे प्रमाणे आप्यो छे. अने त्यार बाद ए बन्ने वच्चेना समान अने असमान तत्त्वोने तपासी धनपाळ कविने में महेश्वरसूरिना उत्तरकालीन तरीके एटले के इ० स०नी अगीयारमी सदीना प्रान्त भागमां मुकेल छे. कारण के महेश्वरसूरि रचित 'नाणपंचमी कहा'नी प्राचीनमां प्राचीन उपलब्ध ताडपत्रीय प्रतिनो लेखन संवत् इ० स० १०५२ (वि० सं० ११०९) होवानुं मालुम पड्युं छे. ते आपणे जोइ गया. आ उपरथी महेश्वरसूरिनो कार्यकाळ दसमी सदीनी छेल्ली पचीसी अने अगीआरमी सदीनी प्रथम पचीसीनो ठरे. अने एटले एमनी अने धनपाळनी वच्चे पचास वर्षनुं अंतर कल्पीए तो आपणे आगळ जोई गया तेम, धनपाळनो कार्यकाळ अगीआरमी सदीनो प्रान्तभाग अथवा बारमी सदीनो आरंभकाळ सिद्ध थाय.

भविष्यदत्त आख्याननो सारांश.

दक्षिण भरतखंडने विषे कुरु नामनो देश हतो. तेमां गजपुर नामनुं एक सुंदर शहेर हतुं. ए नगरमां कौरववंशीय भूपाळ नामनो राजा राज्य करतो हतो. त्यां धनपति नामनो एक वैभवशाळी वणिक् रहेतो हतो. तेने कमलश्री नामनी श्री जेवी एक पत्नी हती. समय जतां तेने भविष्यदत्त नामना एक पुत्ररत्ननी प्राप्ति थई (गाथा १–२५).

समाधिगुप्त नामना मुनिवरेन्द्र तरफ गतजन्ममां वतावेली दुगंछाथी धनपतिने कमलश्री तरफ अभाव उत्पन्न थयो अने तेने तेना पीयेर काढी मूकी. भविष्यदत्त पण माता पासे गयो. तेने जोई माता कमलश्री बोली के 'पुत्र! तारे तारा पिताने छोडीने अहिं आववुं जोईतुं न हतुं.' भविष्यदत्ते प्रत्युत्तर आप्यो के 'माता! आवुं वचन बोलवुं तने योग्य नथी' कारण के '**जणणी विरहे जम्हा जणओ खलु पित्तिओ होइ**' (दसमुं आख्यान, गाथा ३८). ए शहेरमां वरदत्त नामे एक माणस रहेतो हतो

७५ जुओ उपर्युक्त दलाल–गुणे संपादित 'भविष्यदत्त कथा' नी प्रस्तावना, पृ०४.

जेने मनोरमा नामनी स्त्रीथी रूपलावण्यमयी सरूपा नामनी पुत्री हती जेनो हाथ धनपतिए माग्यो एटले तेने धनपति साथे परणाववामां आवी. आ वीजी वारनी पत्निथी धनपतिने वंधुदत्त नामे पुत्र थयो. आ वंधुदत्तने तेना मित्रो एकदा कहे छे :—

"पुव्वज्जियदव्वाइं जो भुंजइ महिलिय व्व घरमज्झे ।
सो पुरिसनामधारी कह नवि लज्जेइ लोयंमि" ॥ १०।४५ ॥

ए उपरथी तेना तमाम मित्रोनी इच्छानुसार वंधुदत्ते धनोपार्जन माटे सुवर्णभूमि जवा विचार कर्यो (गाथा २६–५०).

भविष्यदत्ते पण वंधुदत्त साथे जवा निश्चय कर्यो. पांचसो माणसोना सार्थ साथे तेओ तो जवा उपड्यां. वेपारीओ जवा उपड्या ते पहेलां वंधुदत्तनी माता सरूपाए वंधुदत्तने कह्युं 'पुत्र तुं एवुं करजे के जेथी भविष्यदत्त पाछो न आवे' (**'तह पुत्त ! करेज्ज तुमं भविस्सदत्तो जह न एइ'– १०।५८**). सार्थ तो चाल्यो. रस्तामां 'मयणाय दीव' आव्यो त्यां आगळ सौ उतरी फळ फूलादिक ग्रहण करवा लाग्या. वंधुदत्ते ज्यारे जोयुं के भविष्यदत्त नथी त्यारे सार्थने उपडवानी आज्ञा आपी दीधी. विवराभिमुख पुराणी सोपानपंक्ति, ए द्वीपमां एकला रही गयेल भविष्यदत्ते देखी. ते उपरथी ते तो उपर च्हडीने जुए छे तो एक नगर (जे द्वीपतिलक होवा संभव छे) तेणे दिठ्युं (गाथा ५१–७५).

ते नगरमां चंद्रप्रभ जिननुं देवालय पण तेणे देख्युं. चंद्रप्रभ जिनेश्वरनी भविष्यदत्ते स्तुति–स्तवना करी. बरावर आ वखते, पूर्व विदेहनी अंदर यशोधर केवलिनो कैवल्यमहिमा करी, भविष्यदत्तनो भावि वृत्तांत पूछी, भविष्यदत्तना पूर्व स्नेहने लईने अच्युत कल्पना देवताए चंद्रप्रभ जिनालयमां दिव्याक्षर पंक्तिओ लखी :–

"एत्तो पंचमगेहे बहुविहरयणेहिं भूसियदुवारे ।
कन्ना भविस्सरूवा अच्छइ वररूवसंजुत्ता ॥ १०।९१ ॥
तीए होही भत्ता भविस्सदत्तो त्ति नत्थि संदेहो ।
धणवइणो घरिणीए कमलसिरीए सुओ सुहओ ॥ १०।९२ ॥"

ए उपर्युक्त पंक्तिओ वांची भविष्यदत्तने घणुं आश्चर्य थयुं. अने ते तो ते कन्यानी शोधमां चाल्यो. तेनुं नाम लई तेने बारणेथी बोलावी. कन्याए हर्ष अने भयथी द्वार उघाडी तेने आसन आप्युं. भविष्यदत्ते ते युवान कन्याने जोई ते दिवसने धन्य गण्यो (गाथा ७६ – १००).

क्षेत्रदेवताए ते बन्नेना पाणिग्रहणनी संमति आपी. बन्नेए खाधुं अने सुखदुःखनी वातो करता हता, तेवामां अशनिवेग नामनो असुर आवी पहोंच्यो. परंतु भविष्यदत्त अने ए असुर बन्ने पूर्वभवना मित्रो होवाने कारणे असुरे तो उग्रता धारण करवाने बदले मित्रकृत्य कर्युं अने विधिपूर्वक बन्नेने परणाव्या. बन्ने खाय – पीए छे अने विषयसुख भोगवे छे. एवामां एकदा भविष्यदत्तना पृच्छाथी भविष्यानुरूपा पोतानो पूर्ववृत्तांत कहेवा लागी. द्वीपतिलक नामनुं पूर्वे एक नगर हतुं. तेनो यशोधर नामे राजा हतो. भवदत्त मारो पिता अने नागसेना मारी माता हती. सहसा देवोए राजा अने प्रजा बन्नेने, मने एकलीने अहिं मुकी, समुद्रमां फेंकी दीधा. आ वृत्तांत तेणे कह्यो. बन्ने आनंदमां दिवसो पसार करवा लाग्या. आ बाजु कमलश्रीए पुत्रविरहथी शोकवाळी बनी सुव्रता नामनी आर्या पासे पोतानुं दुःख कही हैयुं हलकुं कर्युं: ए दुःखना प्रतिकार रूपे ते श्रमणीए कमलश्रीने ज्ञानपंचमीनुं व्रत करवा कह्युं **'गिण्हावइ पंचमियं वन्निता तीइ फलभावं' १०।११८** ॥ (गाथा १०१ – १२५).

भविष्यदत्तने हवे मातापिता सांभरे छे. अने तेथी ते गजपुर जवानो विचार सेवी रह्यो छे. तेवामां वंधुदत्त सार्थ समेत त्यां आवी पहोंच्यो. भाईने त्यां देखी आनंदो थई गयो. वंधुदत्तने पूर्ववृत्तांत सांभरी

खिन्न नहि थवानी सलाह भविष्यदत्त आपे छे. बन्नेए गजपुर जवा विचार कर्यो. आ वखते पण भवि-ष्यदत्तने छळकपटथी एकलो मूकी अने भविष्यानुरूपाने साथे लई ते चालतो थयो (गाथा १२६–१५०).

पहेली वखत करतां आ वखतनुं दुःख कान्ताना विरहने लई तेने विशेष असह्य लाग्युं. चंद्रप्रभ जिनालयमां भविष्यदत्त पाछो गयो अने दुःख भूलवा प्रयत्न कर्यो. आ तरफ भविष्यानुरूपाए पोतानी चारित्र्यरक्षा करवानो पाक्को विचार कर्यो. अने आ जन्ममां कान्त साथे मारो मेळाप नहि थाय तो हुं जीवनपर्यंत आहार नहि लउं एवो संकल्प कर्यो.

"जइ सह कंतेण समं मेलावो नत्थि एत्थ जम्मम्मि ।
ता भुंजामि न सययं आहारं जावजीवं पि" ॥ १०।१५७ ॥

बंधुदत्त घरे पहोंच्यो. राजाने योग्य भेट वगेरे मोकलावी अने लोको अंदरोअंदर कहेवा लाग्या के धनपति भाग्यशाळी छे के तेनो पुत्र आटलुं बधुं धन कमाईने लाव्यो. सार्थ आव्यो एवा समाचार सांभळी कमळश्री पण पोताना पुत्रनो वृत्तांत मेळववा गई; पण कशा समाचार नहि मळवाथी, रोती कक्कळती, सुव्रता पासे आश्वासन मेळववाना हेतुथी गई (गाथा १५१–१७५).

सुव्रता कमलश्रीने कहे छे के जे अवधि तने कही छे ते हजु क्यां पूरी थई छे? माटे तुं शोक न कर. बंधुदत्ते कह्युं के ते तो लोभनो मार्यो रत्नदीप गयो छे पण उचाट फीकर करवा जेवुं कशुं नथी कारण के ते पाछो तो आवशे ज. मणिभद्र नामनो यक्ष पोताना मालिकनी आज्ञा संभारी द्वीपतिलकमां चंद्रप्रभ जिनालयमां आव्यो. मणिभद्र यक्षना पूछवाथी पोतानो तमाम वृत्तांत भविष्यदत्ते कही संभळाव्यो. माता साथे तेनो संयोग पोते करावी देशे एम मणिभद्र यक्षे तेने कह्युं. भविष्यदत्त ते उपरथी कहे छे "उपकार करवा समर्थ होय तेने अथवा सांभळीने जे दुःखी थाय तेने दुःख कहेवुं जोईए. बीजाने कहेवाथी शुं?"

"जो उवयारसमत्थो दुक्खं तस्सेव होइ कहणीयं ।
जो वा सोउं दुहिओ अन्नस्स न किंपि कहिएण" ॥ १०।१८८ ॥

मणिभद्र पाछो प्रत्युत्तर आपे छे के विशेष बोलवाथी शुं लाभ? कार्य विनानुं वचन, धर्मविनानो मनुष्यजन्म, निरपत्य कलत्र—ए त्रणेय लोकमां लायक वस्तु नथी.

"वयणं कज्जविहूणं धम्मविहूणं च माणुसं जम्मं ।
निरवच्चं च कलत्तं तिन्नि वि लोए ण अग्घंति" ॥ १०।१९१ ॥

भविष्यदत्तने यक्ष घरे पहोचाडे छे. माता कमलश्रीए बंधुदत्त जे कन्या लाव्यो हतो तेनो वृत्तांत भविष्यदत्तने कह्यो अने आजथी पांचमे दिवसे बंधुदत्त अने तेनो लग्नसमारंभ थवानो छे ते पण कह्युं. कन्याना चारित्र्यवर्णनथी भविष्यदत्तने संतोष थयो (गाथा १७६–२००).

भूपाल राजा पासे जई भविष्यदत्ते भेट—नजराणा वगेरे धर्यां. राजा बहु संतुष्ट थयो. बंधुदत्तना लग्नमां जवानी माता कमलश्रीए भविष्य पासे संमति मागी. कन्या पोतानो देह तजी देशे एम धारी भविष्ये पोतानी **नाममुद्रा** लई जईने तेने आपवी एम माताने कह्युं. त्यांसुधी पोते अप्रकट रह्यो. बराबर लग्नने दिवसे भविष्यदत्ते भूपाल राजा पासे जई कह्युं के धनपति वगेरेने बोलावो कारण के बंधुदत्त साथे तेने मोटो विवाद करवो छे. आ कारण बहु प्रतीतिजनक नथी लागतुं. विवाद शामाटे? अने एमां बंधुदत्तनुं शुं काम? ज्यारे 'भविस्सयत्त कहा'मां बंधुदत्ते परणवा धारेल कन्याना संबंधमां पोताने वांधो छे एम भविष्य जणावे छे. अने ए कारण कांइक वधारे पुष्ट लागे छे. आ रीते पण 'भविस्सयत्त कहा'एना शैथिल्यामात्रने कारणे ढीलीयी लखाणी होय. राजाए बधाने बोलाव्या अने त्यां भविष्यदत्त के जे अत्यारसुधी अज्ञात हतो तेने

जोई बंधुदत्त खसीयाणो पडी गयो. राजाए धनपति वगेरेने केद कर्या. भविष्यानुरूपा भविष्यने सोंपी. तेनुं रूप जोई सौ आश्चर्यचकित थई गया. राजाए पण अर्धुं राज्य अने पोतानी सुतारा नामनी पुत्री भविष्यने आपी. मातानी इच्छाथी पिता, अपर माता अने बंधुने केदमांथी भविष्ये छोडाव्या अने हाथी उपर बेसाडी घेर मोकल्या (गाथा २०१ – २२५).

बन्ने पत्नी साथे आनंद करतां भविष्यना दिवसो एकदम वहेवा लाग्या. भविष्यानुरूपाए गर्भ धारण कर्यो अने तेने चंद्रप्रभ जिनालयमां जई चंद्रप्रभ स्वामीनी पूजा करवानो दोहद थयो. आ सांभळी विमनस्क थयेलो भविष्य विचार करी रह्यो हतो तेवामां एक दिव्य विमान (जेने मनोवेग विद्याधरे मोकल्युं हतुं) आव्युं. तेमां बन्ने भार्या साथे भविष्य उपड्यो. पद्मसरोवरमां न्हाई, चंद्रप्रभ स्वामीनी पंचवर्णी फूलोथी पूजा करी नगर जोवा गया. जोईने पाछा आव्या ते वारे तेमणे बे साधुओने जिनभवनमां बेठेला जोया. तेमांथी एक के जेमनुं नाम जयानंद हतुं अने जे कैवल्यसंपन्न हता तेमने मनोवेग विद्याधरना आगमननुं कारण वगेरे भविष्यदत्ते पूछ्युं. ते उपरथी जयानंद केवलिए निम्नोक्त सर्व वृत्तांत कहेवानुं शरू कर्युं (गाथा २२६ – २५०).

पूर्वे कांपिल्यपुर नामे नगर हतुं. त्यां नंद नामे एक राजा राज्य करतो हतो. तेने वासव नामे एक पुरोहित हतो जेने सुकेशी नामनी एक मनोहर स्त्री हती. ते बन्नेने सुवक्र अने दुर्वक्र नामना बे दीकरा तथा त्रिवेदी नामनी एक पुत्री हती जेना पतिनुं नाम अग्निमित्र हतुं. भेट, नजराणा, नवीन वस्तुओ इत्यादि मोकलवामां नंदराजा आ अग्निमित्रनो उपयोग करतो हतो. एकदा भेट, नजराणा वगेरे आपी तेने सिंहलद्वीपना राजा कने नंदराजाए मोकल्यो. सिंहलद्वीपना राजाए तेनुं बहुमान करी सामी भेट, नजराणा वगेरे आपी तेने विदाय कर्यो. रस्तामां तेणे बधुं उडावी मार्युं. तेने पाछा आवतां वार लागी जोई राजाने विचार थाय छे. पण वाट लांबी छे एम मानी मन मनावे छे. नंद राजाने एक सुगुप्तमंत्र नामनो मंत्री हतो. ज्योतिषमां ते पारंगत हतो. तेने अने सुवक्रने एक वखत विवाद थयो हतो जेमां बीजाए पहेलाने हराव्यो हतो तेथी पहेलो बीजाना छिद्रो जोया करतो हतो. परिचारकवर्गे राजाने उश्केर्यो तेथी ते वधारे कोपाविष्ट थयो. ते दरम्यान अग्निमित्र आवी पहोंच्यो अने पाछा वळतां रस्तामां तेने चोर लोकोए लूंट्यो एम तेणे कह्युं तेथी तो वळी राजा घणो ज रोषाविष्ट थयो. कारण के चारवर्गे तेने बधी हकीकतथी माहितगार करी दीधो हतो.

राजा कहे छे "बे आंखवाळो माणस जरुर कुशळ माणसथी छेतराय पण राजा तो हजार आंखवाळो छे एटले एने कोण छेतरे?"

"दोनयणो वंचिज्जइ जणेण कुसलेण नत्थि संदेहो।
नरवइ पुण सहसक्खो कह तीरइ वंचिउं भणह" ॥ १०।२६८ ॥

वासवप्रमुख सर्व लोको आ वृत्तांत जाणी भागी छूट्या. सुकेशीए देशविरति ग्रहण कर्युं अने मरीने रविप्रभ नामनो देवता थयो. त्यांथी च्यवीने तारी स्त्री भविष्यानुरूपाना गर्भमां ते आव्यो छे. सुवक्र पण मरीने देव थयो. त्यांथी च्यवीने मनोवेग नामनो विद्याधर थयो. जातिस्मरणज्ञानथी बधी हकीकत जाणी माताना प्रकृष्ट प्रेमने वश थई ते तने मदद करवा आव्यो हतो. कारण के तारी स्त्रीना गर्भमां तेनी माता सुकेशीनो जीव छे. दुर्वक्र मरीने अमरगिरि उपर महा भयंकर अजगर थयो. अग्निमित्र अनुक्रमे मरीने मणिभद्र यक्ष थयो अने त्रिवेदी अग्रमहिषी थई (गाथा २५१ – २७५).

पछी भविष्यदत्त बन्ने भार्या सहित हस्तिनापुर (गजपुर) पाछो आव्यो. काळे करी भविष्यानुरूपाए एक पुत्रने प्रसव आप्यो जेनुं नाम सुप्रभ राखवामां आव्युं. लोको आ पुत्रोत्सवने ... प्रकारे उजवे छे. कवि महेश्वरसूरि कहे छे:—

"वज्जं नट्टं गेयं अइरम्मं जह य गंधमाइयं ।
हरइ मणं च मुणीणं किं पुण हुइइ सरागाणं ॥ १०।२९६ ॥
वरजुवइविलसिएणं गंधव्वेणं च पुत्थ लोयंमि ।
जस्स न हीरइ हिययं सो पसुओ अहव पुण देवो" ॥ १०।२९९ ॥

आ कहते वे मुनिवृषभो आवी पहोंच्या, जेनी जाण उपवन संरक्षकोए राजा भविष्यदत्तने करी. राजा वांदवा गयो (गाथा २७६–३००).

ते बेमांथी ज्ञानातिशये युक्त एवा विमलबुद्धि नामना साधुने राजाए सद्‌वाद अने असद्‌वाद समजाववा विनति करी. राजा शंका करे छे "परलोकवर्तीनो अभाव छे तो परलोक पण न ज होवो जोईए, अने तो पछी दानादि करवानो अर्थ शुं ?"

"परलोइणो अभावा एवं नियमेण नत्थि परलोओ ।
तम्हा दाणाईयं सव्वं पि निरत्थयं चेव" ॥ १०।३०८ ॥

विमलबुद्धिए राजानी कुशंका दूर करी (गाथा ३०१–३२५).

राजा भविष्यदत्त पोतानुं पूर्व तथा भावी वृत्तांत कहेवानुं मुनिने कहे छे जे उपरथी मुनि निम्नोक्त प्रकारे कहे छे :–

जंबुद्वीपमां अरिपुर नामे एक नगर हतुं. त्यां प्रभंजन नामनो राजा राज्य करतो हतो. वज्रसेन नामनो तेने मंत्री हतो अने तेने श्रीकांता नामनी भार्या हती. तेमने कीर्तिसेना नामनी एक पुत्री थई. तेज गाममां एक विख्यात अने धनाढ्य शेठीओ रहेतो हतो जेनुं नाम धनदत्त हतुं. तेने नंदिभद्रा नामनी स्त्रीथी धनमित्र नामनो पुत्र हतो. वळी त्यां एक बीजो श्रेष्ठी पण रहेतो हतो जेनुं नाम नंदिदत्त हतुं. तेने भद्रा स्त्रीथी नंदिमित्र नामनो एक पुत्र थयो हतो. शहेरमां समाधिगुप्त नामना मुनिवर वर्षाऋतुमां आचरवा लायक गुरुवास सेवी रह्या हता. ते ज सन्निवेशमां कौशिक नामनो एक बाल तपस्वी पण रहेतो हतो जे समाधिगुप्तनी ईर्ष्या कर्या करतो हतो. तेथी मरीने ते अशनिवेग नामनो राक्षस बन्यो. वज्रसेन मंत्री मरीने पूजादिना प्रभावथी द्वीपतिलकमां (भवदत्त नामधारी) राजारूपे अवतर्यो (गाथा ३२६–३५०).

धनदत्त, धनमित्र वगेरे साधुपूजादिथी शुभकर्मनुं उपार्जन करे छे ज्यारे मलिन साधुनी हीलना, दुगंछा वगेरे करवाथी धनदत्तनी नंदिभद्रा भार्या अशुभ कर्म उपार्जे छे. पिताए काढी मुकेल कीर्तिसेना नंदिभद्रा साथे मैत्री करे छे. नंदिभद्राए पंचमीव्रत ग्रहण करी तेनुं उजमणुं वगेरे कर्युं. कीर्तिसेना मरीने द्वीपतिलकमां भवदत्तने त्यां तेनी स्त्री नागसेनाथी भविष्यानुरूपारूपे अवतरी. द्वीपतिलकना राजाने अशनिवेगे समुद्रमां नाखी दीधो. नंदिभद्र मरीने वैमानिक देवता थई. नंदिमित्र मरीने अच्युत कल्पनो इंद्र थयो. धनदत्त मरीने धनपति तारो पिता थयो. धनदत्तनी भार्या (नंदिभद्रा) कमलश्रीरूपे अवतरी. पंचमी व्रत करी मरण पामेल धनमित्र मरीने तुं भविष्यदत्त थयो. आथी भविष्यदत्तने वैराग्य आव्यो अने ज्येष्ठ पुत्रने राज्यपाट सोंपी तेणे दीक्षा लीधी (गाथा ३५१–३७५).

कमलश्री अने बीजाए पण दीक्षा लीधी. दीक्षा यथाविधि नियमपूर्वक पाळी भविष्यदत्त मरीने सातमा देवलोकमां हेमांगद नामधारी सुरवर थयो. कमलश्री मरीने प्रभाचूड देवता तरीके अने भविष्यानुरूपा मरीने रत्नचूड तरीके अवतर्या. त्रणेय देवताओ सातमा कल्पमां खूब आनंद करे छे (गाथा ३७६–४००).

नील निषधना मध्यभागमां, मेरुनी पूर्वे अने लवण समुद्रनी पश्चिमे, सोळ विजययुक्त पूर्व विदेह आवेल छे. तेमां गंधावती नामनुं सुंदर अने विख्यात एक विजय छे. तेमां गंधर्वपुर नामनुं एक नगर हतुं. गंधर्वसेन नामनो तेनो राजा हतो. गांधारी नामनी तेने एक स्त्री हती. ए स्त्रीने पेटे प्रभाचूड नामनो दे

च्यवीने पुत्ररूपे अवतर्यो जेनुं नाम वसुंधर राखवामां आव्युं. तेने सुमति साथे परणाववामां आव्यो. हेमांगद तथा रत्नचूड बन्ने यथासमय मरीने आ बन्नेना पुत्ररूपे जन्म्या. तेमनां नाम अनुक्रमे श्रीवर्धन अने नंदिवर्धन राखवामां आव्यां. वसुंधरने राज्य गादी उपर बेसाडी गंधर्वसेने दीक्षा ग्रहण करी (गाथा ४०१ – ४२५).

आकाशमां शरदभ्रने एकदम वातथी विखराई जतुं जोई सर्व वस्तुना क्षणभंगुर स्वभावथी खिन्न थई वसुंधर वैराग्य पाम्यो अने पुत्र श्रीवर्धनने अभिषिक्त करी सिंहासनारूढ बनावी पोते प्रव्रज्या धारण करी. अने अनुक्रमे एवा स्थानने प्राप्त कर्युं के ज्यां दुःखनो आत्यंतिक अभाव छे (गाथा ४२६ – ४५०).

लघुभ्राता नंदिवर्धननी अभ्यर्थनाथी, श्रीवर्धन तेनी साथे विश्वपरिभ्रमण माटे नीकळ्यो. अने तेमने रत्नशेखर नामना मुनिवृषभ वृक्ष नीचे बेठेला मळ्या. श्रीवर्धने तेमने लोकमान, लोकभेद अने लोकस्थिति विषे प्रश्नो पूछ्या जेनो शास्त्रोक्त जवाब रत्नशेखर मुनिए आप्यो. ते उपरांत बन्नेए पोताना पूर्वभववृत्तांतो कहेवानी विनंति पण करी; जे उपरथी मुनिश्रीए तमाम हकीकत तेमने कही संभळावी. जातिस्मरणथी वैराग्य पामी बन्नेए पोताने दीक्षा आपवानो आग्रह कर्यो पण हजु दीक्षाने छ मासनी वार छे माटे त्यांसुधी भोग भोगवो अने त्यारबाद दीक्षा आपवामां आवशे एम मुनिए तेमने कह्युं (गाथा ४५१ – ४७५).

त्यार बाद तेओ पोताना नगरमां त्यांथी पाछा गया. अने छ मास बाद ते ज मुनि पासे दीक्षा लई, दीक्षा यथार्थ पाळी, तप करी, मोक्षे गया. अने आ रीते आ भविष्यदत्त आख्यान नामनुं दसमुं आख्यान समाप्त थयुं (गाथा ४७६ – ५००).

'भविस्सयत्त कहा'नो सारांश

जिनने नमस्कार करी 'श्रुतपंचमी'ना फळने वर्णववानी कवि प्रतिज्ञा करे छे. गौतम गणधरे श्रेणिक राजाने आ कथा जेवी रीते कही छे तेवी रीते कवि धनपाळ आपणने कहे छे.

प्रसिद्ध भरतखंडने विषे कुरुजंगल नामना देशमां गजपुर अथवा हस्तिनापुर नामे नगर छे. भूपाल नामे राजा त्यां राज्य करतो हतो. ए नगरमां धनपति नामनो एक वणिक् पण रहेतो हतो. हरिबल नामनो एक बीजो वेपारी पण त्यां रहेतो हतो अने तेने कमलश्री नामनी एक सुंदर पुत्री हती जेना हाथनी मागणी धनपतिए पोताने माटे करी अने ते हरिबले मंजुर पण राखी. एकदा पोतानी सखीओने पुत्रवाळी जोईने अने पोताने पुत्र न हतो तेथी कमलश्री खिन्न थाय छे अने एक मुनिने ए बाबत पूछे छे जेना जवाबमां तेने एक सुंदर अने सर्वांगसंपूर्ण पुत्र थशे एम मुनि स्वप्न द्वारा कहे छे. वखत जतां कमलश्रीने एक पुत्र प्राप्त थाय छे जेनुं नाम भविष्यदत्त राखवामां आवे छे (संधि १).

कमलश्री अने धनपति वच्चे प्रेम कमी थतो जाय छे. धनपति कमलश्रीने पोताने पीयर जवानुं कहे छे. पीयरमां रहेती पुत्री उपर समाज शंकानी दृष्टिए जुए छे. माता अने पिता (हरिबलने हरिदत्त पण क्यांक क्यांक कहेवामां आवेल छे) बन्ने उद्विग्न थाय छे. बाळक भविष्यदत्त पण 'जेवा थाय तेवा थईए' नी देशकालानुसारिणी हितशिक्षा माताने आपी आश्वासन पुरूं पाडे छे (संधि २).

धनपति पछी धनदत्त नामना बीजा वेपारीनी पुत्री सरूपाने परण्यो. तेने पण समय जतां पुत्र थयो जेनुं नाम बंधुदत्त राखवामां आव्युं. ए बहु तोफानी थयो पण सद्भाग्ये ए कांचन नामना देशमां अन्य वेपारीओ साथे वेपार माटे गयो. एमां भविष्यदत्त पण हतो. एने मध्यदरीए डूबाडी मारवानी सलाह पोताना पुत्र बंधुदत्तने सरूपा आपे छे. प्रतिकूळ पवनने लीधे तेओ मैनाक द्वीपमां (मैनाक पर्वतांतर्गत) आवी पहोचे छे. अहिंआ वेपारीओ उतरी गया अने जळ, फळ अने पुष्पो वीणवा मंडी गया. भविष्यदत्त जंगलमां ऊंडो उतरी गयो. ए बाबतनी परवा कर्या विना बंधुदत्ते वहाण हंकारवानो हुकम करी दीधो (संधि ३).

भविष्यदत्त तिलकद्वीप उपर रही गयो. जिनमंदिरवाळा एक उजड गाममां ते आवी पहोंच्यो (संधि ४).

भविष्यदत्त ते मंदिरमां सूतो छे. अच्युत स्वर्गना धणीना कहेवाथी जे धनमित्रे जैनधर्मनो अंगीकार कर्यो हतो तेनी शुं स्थिति छे ते बाबत मुनि यशोधरने अच्युत नामे स्वर्गना धणिए पूछी. यशोधरे धनपतिनी वधी हकीकत कही संभळावी. जाग्या पछी भविष्यदत्ते दिवाल उपर कांईक लखेलुं वांच्युं अने कांईक सांभल्युं. तेने अनुसरी ते पूर्वमां पांचमा घर भणी चाली नीकल्यो. त्यां एक छोकरी बेठेली दीठी. तेने ते परण्यो (संधि ५).

सुव्रता नामनी एक साध्वी कमलश्रीने श्रुतपंचमीनुं व्रत ग्रहण करवा कहे छे. ते साध्वी कमलश्रीने पोताना गुरु पासे लई जाय छे अने कमलश्री दुःख परंपरानुं कारण पुछे छे. भविष्यदत्त अने तेनी पत्नी स्वदेश पाछा फरवा निश्चय करे छे ज्यारे फरीने बंधुदत्तनो तेमने मेटो थाय छे. बंधुदत्त पोते करेल विश्वासघात माटे भविष्यदत्तनी माफी मागे छे अने बधा स्वदेश जवानो विचार करे छे (संधि ६).

भविष्यदत्त धार्मिक प्रवृत्तिमां रोकायो छे ते वखते बंधुदत्त वहाणो हंकारवानी आज्ञा आपे छे. भविष्यदत्तने एकलो मुकी बधा चाली निकळ्या. रस्तामां बंधुदत्त भविष्यदत्तनी स्त्री पासे प्रेमयाचना करे छे अने ज्यारे ते तेनी पासे बलात्कार करवा जाय छे त्यारे बराबर प्रतिकूळ पवनना झपाटाथी वहाण विरुद्ध दिशामां चाल्या जाय छे. वेपारीओ तो भविष्यदत्तनी स्त्रीनी छेडतीनुं आ परिणाम छे एम समजे छे अने तेनुं मन मनाववा कहे छे अने तेम करवाथी बधुं अनुकूळ थई जाय छे. बधा हस्तिनापुर नजीक पहोंची जाय छे (संधि ७).

हस्तिनापुरमां बंधुदत्तना आववाथी सौ खुशखुशाल थई जाय छे. आ वातनी खबर हरिदत्त (हरिबळ) कमलश्री (कमला) ने पण आपे छे. कमलश्री भविष्यदत्तना खबर मेळववा घरे घरे भटके छे, पण कोई कशा समाचार नथी आपतुं. सरूपाने काने गामगपाटा पहोंचे छे अने तेथी भविष्यदत्त केम न आव्यो ए बाबत बंधुदत्तने पूछे छे. बंधुदत्त जवाब आपे छे के एनुं मन कदाच दोलत विना अहिं आववानुं नहि होय जेथी ए ते द्वीपमां रोकायो हशे. सुव्रता पोताना गुरुदेवने भविष्यना पुनरागमन माटे पूछे छे, त्यारे तेओ कहे छे के आजथी त्रीसमे दिवसे एटले के वैशाख मासनी पंचमीए ए अहीं पहोंचशे, राजा थशे अने कमलश्री राजमाता तरीके ओळखाशे. धनपति पोताना पुत्र बंधुदत्तना लग्न परदेशमांथी लावेली कन्या (भविष्यदत्तनी पत्नी) साथे विधिपूर्वक करवा विचारे छे. भविष्यानुरूपा (भविष्यनी पत्नीनुं नाम) मुश्केली अनुभवे छे (संधि ८).

आ बाजु मणिभद्र यक्ष भविष्य पासे आवे छे अने पत्नी वगेरेना क्षेमकुशळ पूछें छे. ते वधी हकीकत तेने जणावे छे. विमान मगावी ते यक्ष बरावर वैशाखी पंचमीए तेने गजपुर लई जाय छे. कमला (कमलश्री) ने खूब खूब आनंद थाय छे. बंधुदत्तना लग्न प्रसंग उपर जवा माटे कमला भविष्यने पूछे छे. बंधुदत्ते लावेल कन्यानी तमाम हकीकत भविष्य पोतानी माताने कहे छे. अने घरेणां पहेरी लग्नप्रसंग उपर जवानी पोतानी संमति पण आप छे. साथे साथे ते कन्याने आपवा वास्ते भविष्य पोतानी माताने **नाममुद्रा** पण आपे छे जे कमला कोईपण रीते भविष्यानुरूपाने पहोंचाडे छे (संधि ९).

भविष्य त्यारवाद राजा पासे जाय छे; अने घणी घणी भेटो आपे छे. धनपति पोताना पुत्र बंधुदत्तना जे कन्या साथे लग्न करी रहेल छे ते वांधाभर्या छे एवुं जाहेर करतां राजा शेठने बोलावे छे. बंधुदत्त अने तेना पचास व्यापारी साथीओ तेम ज धनपति वगेरे राजसभामां आव्या अने बंधुदत्ते दुष्क

सामो आवे एवी चेलेन्ज राजा समक्ष आपी, जेथी भविष्य प्रकाशमां आवे छे. अत्यार सुधी भविष्यने कोई भविष्य तरीके ओळखतुं नहोतुं. ए हवे स्पष्ट थाय छे. बंधुदत्तना साथीओ अथ थी इति सुधी तमाम हकीकत राजाने कहे छे. राजा धनपतिने तथा बंधुदत्तने केद करे छे (संधि १०).

जयलक्ष्मी अने चंद्रलेखा भविष्यानुरूपाना पातिव्रत्यनी परीक्षा करे छे भविष्य अने भविष्यानुरूपा परणे छे. बधाने मुक्ति आपवामां आवे छे. धनपति नवदंपतीने तथा कमलाने पोताना घेर लई जाय छे (संधि ११).

राजा-राणी आ नवदंपतीने एटला वधा चाहे छे के राजा भविष्यने युवराज जेटलो ज प्रेमपात्र गणे छे अने पोतानी राजकुंवरी सुमित्राने भविष्य जोडे परणावे छे. धनपति पोताना पूर्वकृत्य माटे पश्चात्तापनी जरा पण लागणी वतावतो नथी तेथी कमला खिन्न थई तेनुं घर छोडी पोताने पीयर जाय छे अने भविष्यानुरूपा पण तेनी जोडे ज जाय छे. कांचनमालाना उपालंभथी धनपतिनी सान ठेकाणे आवे छे अने कमला पासे जई तेनी माफी मागी तेने पोताने घेर लई आवे छे (संधि १२).

सिंधु देशमां आवेल पोतनपुरनो राजा, चित्रांगने मोकली, खंडणी आपवानुं तेमज भविष्य जे कन्याने लावेल छे ते तथा राजानी पोतानी पुत्री सुमित्राने सोंपवानुं हस्तिनापुरना राजाने कहेवडावे छे. भविष्य, प्रियसुंदरी, पृथुमती अने अन्य सचिवोनी एक सभा राजा बोलावे छे लोहजंघ नामनो एक मंत्री चित्रांगने गधेडा उपर बेसाडी फेरववानुं सूचन करे छे. धनपति, अनंतपाळ वगेरे पोतपोतानी सलाह आपे छे. भविष्य पण पोतानी सलाह आपे छे अनंतपाळ के जे लढाईनी तरफेणमां न हतो अने भविष्य के जेणे लडाई करवानो विचार दर्शाव्यो हतो ते बे वच्चे चकमक झरे छे. अनंतपाळ चित्रांगने मळे छे अने हल्लो करवानुं कहे छे. पण चित्रांग भूपाल पासे छेल्लो जवाब लेवा जाय छे अने पोतानी राजकुंवरी सुमित्राने सिन्धुपति मृगेन्द्रकंधरने आपवानी सलाह आपे छे. आ सांभळी भविष्यने खूब क्रोध चडे छे अने चित्रांगना जीभ तथा आंख फोडी नाखवानुं कहे छे. धनपति वच्चे पडे छे (संधि १३).

पहेलां तो कच्छना विश्वासघाती राजा उपर हुमलो करवानुं भविष्य भूपाल राजाने सूचवे छे. आवी वात हवामां आवतां कच्छनो राजा शरणे आवे छे. भूपाल राजानी मददमां हरिपति, लोहजंघ, कच्छाधिप, पांचाल, अने पर्वतपति आवे छे. पोतनपुरनो राजा संधिनुं कहेण मोकले छे. पण लश्कर घणुं आगळ वधी गयुं हतुं तेथी संधि करवानुं अशक्य हतुं. लडाईमां कच्छाधिपति पराजय पामे छे अने युद्धनी वाजी पोतनपुरना स्वामीनी तरफेणमां आवती जाय छे. युद्धने मोखरे भविष्यदत्तने मोकलवामां आवे छे. पराजयना घणा चिन्हो देखाय छे छतां छेवटे तो पोतनपुरना राजपुत्र अने भविष्य वच्चेना द्वंद्वयुद्धमां भविष्य जीते छे अने पोतनपुरना राजपुत्रने जीवतो पकडी ले छे (संधि १४).

भविष्यने युवराज बनाववामां आवे छे, अने राजपुत्री सुमित्राने तेनी साथे परणाववामां आवे छे. भविष्यानुरूपाने तिलकद्वीप जवानी इच्छा थाय छे. बराबर आ वखते देवता राजमहेलमां हाजर थाय छे. तेनुं नाम मणवेय (मनोवेग) छे. ते कहे छे के तेना मालिके तेने भविष्यानुरूपानी इच्छा पार पाडवा मोकल्यो छे (संधि १५).

तिलकद्वीपमां जई ने भविष्य तथा भविष्यानुरूपा जिनालयमां पूजा करे छे. त्यां तेमने बन्नेने जयनंदन अने अभिनंदन नामना बे साधुओ मळे छे. जीवदया, सत्यवचन, अदत्तादान, ब्रह्मचर्य अने अपरिग्रह ए पांच अणुव्रत वगेरे बावतो साधुओ समजावे छे. जिनवंदन, पोसहोववास, दाणविक्खणु, अने सल्लेहणा ए चार शिक्षापदो पण बतावे छे (संधि १६).

मणवेय नामना विद्याधरे तेने शा माटे मदद करी ए बाबत भविष्ये ज्यारे ए चारण साधुओने पूछ्युं त्यारे तेओए निम्नोक्त वृत्तांत कही संभळाव्यो :—

कांपिल्यपुरमां एक राजा राज्य करतो हतो. त्यां वासवदत्त नामे एक ब्राह्मण रहेतो हतो. तेने सुवंक अने दुर्वंक नामना बे पुत्रो हता. विमलमंत्रीने ए बन्नेनी ईर्ष्या थाय छे. एकदा सिंहलद्वीपना राजा पासे, ते राजाने भेट मोकलवा माणस मोकलवानी जरूर पडी. वासवदत्त ब्राह्मणे पोताना जमाईनुं नाम सूचव्युं जे उपरथी विमलमंत्रीने क्रोध चड्यो अने बन्ने वच्चे कजीओ थयो. दरम्यान तेने मोकली देवामां आव्यो पण पाछा फरतां तेने घणो विलंब थयो तेथी दुर्वंक नवनाडी निरोध करी जवाब आपे छे के ते अग्निमित्र (पोताना बनेवी) चार रोजमां पाछा आवशे. विमलमंत्रीए आवी खोटी आशाओ न आपवानी सलाह दुर्वंकने आपी, जे उपरथी दुर्वंके बमणा जोरथी प्रथम कह्युं हतुं ते कह्युं. तेथी बन्ने वच्चे कजीओ थयो अने दुर्वंके कह्युं के जे कोई हारे तेने लोकोए शिक्षा आपवी. राजाए बन्नेने वार्या अने कोई त्रीजी प्रामाणिक व्यक्तिने ए बाबत पूछवा कह्युं. तेथी तेओ क्षुल्लक ज्योतिषी (आ बनाव पण भ० आ० मां मात्र बहुज संक्षिप्तरीते, खरो ख्याल न आवे तेवी रीते, वर्णव्यो छे) पासे गया अने क्षुल्लके जवाब दीधो के ते माणसे भेट तरीके आपेल बधा पैसा वापरी नाख्या छे अने आजथी त्रीसमे दिवसे एक भिखारी तरीके ते अहिं पाछो आवशे. बन्नेए जइने बधी वात राजाने कही. बराबर त्रीसमे दिवसे अग्निमित्र आवी पहोंच्यो. राजाए तेने केद कर्यो. समस्त कुटुंब उपर राजानी नापसंदगी उतरी हती (संधि १७).

आ अढारमी संधीमां दुर्वंक क्षुल्लक (खुल्लय) पासे गयानुं वर्णन आवे छे. दुर्वंक जैन बने छे अने मरीने सुधर्म स्वर्गमां जाय छे. तेनी माता सुकेशा पण जैनत्वनो अंगीकार करे छे अने मरीने इन्द्र बने छे. पछी त्यांथी मरी दुर्वंक मणवेय तरीके अवतरे छे. अने सुकेशा पहेलां रविप्रभा तरीके अने पछी भविष्यानुरूपाना गर्भमां अवतार ले छे. सुवंक सर्प बने छे.[७६] राजाने प्रार्थना करी तिवेइया पोताना धणीने छोडावे छे. बन्ने साथे मरे छे. धणी (अग्निमित्र) मणिभद्र तरीके अवतरे छे. तिवेइया रोहिणीरूपे अने पछी भविष्यनी पुत्री तरीके अवतरशे. पछी तेओ बधा—भविष्य अने भविष्यानुरूपा—गजपुर जाय छे. मणवेय पोताने स्थळे पाछो फरे छे. अने पोताना भाईने (सुवंकने)—सर्पने खरे रस्ते वाळे छे. भविष्यने सुप्रभ, कनकप्रभ, सूर्यप्रभ अने चंद्रराशि नामना चार पुत्रो अने तारा, सुतारा नामनी बे पुत्रीओ थाय छे. विमलबुद्धि नामना एक मुनि त्यां आवे छे. बधा वांदवा जाय छे. मुनि जीवन क्षणभंगुर छे एवो उपदेश आपे छे. भविष्यने जीवननो कंटाळो आववा लागे छे (संधि १८).

विमलबुद्धि नामना मुनिने पोतानो पूर्वजन्मवृत्तांत तथा भविष्यमां पोते कोण थशे ते कहेवानी भविष्य विनति करे छे ते उपरथी मुनि निम्नोक्त अहेवाल कहे छे :—

अरिपुरनो मदन नामनो राजा हतो जेने धरा नामनी राणी अने वज्रोदर नामनो अमात्य हतो. ते अमात्यने कीर्तिसेना नामे पुत्री हती. तेनो वर जुगारी, लंपट अने चोर हतो. अमात्यपुत्री एकदा एक धनमित्र नामना वणिक्पुत्रने देखतां वेंत ज प्रेममां पडे छे. धनमित्रनी पत्नी अने अमात्यपुत्रीनी सखी गुणमाळा धनमित्रने परणवानी अमात्यपुत्रीने संमति आपे छे. पण अमात्यपुत्री ना पाडे छे अने कहे छे के ते पोते परणेली छे ए हिसाबे पण तेणीए धनमित्रने बंधु समान ज गणवो जोईए. आ निवेदनथी गुणमाळा खूब हर्षित थाय छे. अमात्य वज्रोदर धनमित्रने श्रेष्ठी बनावे छे. धनमित्र अने अमात्यपुत्री बन्ने कौशिकला भट

७६ भविष्यदत्त आख्यान अने भविष्यदत्त कथा वाळो सुवंक अने दुर्वंकवाळी घटना सरखाववाथी, भविष्यदत्त कथा ज्यां ज्यां दुर्वंक शब्द आरा मागत तरीकेना अर्थमां वपरायो छे त्यां त्यां सुवंक जोईए, एम लागे छे.

बने छे. अने ए व्हाने प्रेम चालु राखे छे. धनमित्रने नंदीमित्र नामनो एक मित्र हतो. शहेरमां एक बीजा समाधिगुप्त नामना साधु आवे छे जे जैनधर्मना सिद्धांतोनुं प्रतिपादन करे छे. माणसोनो कौशिक तरफ अभाव थतो जाय छे (संधि १९).

नंदीमित्र धनमित्रने रात्रिभोजननो त्याग करवानुं कहे छे. धनमित्र अने अमात्यपुत्री कौशिक पासे जवानुं हजु चालु ज राखे छे वज्रोयरे कौशिक पासे न जवानुं लोकोने समजाव्युं हतुं तेथी कौशिक तेना तरफ तिरस्कारनी लागणीथी जुए छे अने ए ज रीते मरण पामे छे. तेथी तिलकद्वीपमां अशनिवेग नामनो राक्षस बने छे. समय जतां राजा खातर वज्रोयरे पण लडाइमां मरीने तिलकद्वीपमां यशोधन तरीके जन्म ले छे. नंदीमित्र पण अनशन करी पंडित मरणे मरे छे अने विद्युत्प्रभ नामे देवीना राजा – स्वामी – तरीके सोळमा स्वर्गमां उपजे छे. धनमित्र, तेना मा–बाप, कीर्त्तिसेना वगेरे जैन धर्म पाळी शुद्धि मेळवे छे. माता ६७ दिवस सुधी श्रुतपंचमी व्रत पाळे छे. धनदत्त अने तेनी पत्नी हस्तिनापुरमां अवतरे छे. तेमनो पुत्र के जे गौड तरफ गयो हतो ते विजळीथी मरण पामी गजपुरमां भविसयत्तरूपे अवतरे छे. गुणमाला अने कीर्त्तिसेना बन्ने धनमित्रना मरणथी दुःखी थाय छे. गुणमाला मरीने भूपाल राजानी पुत्री तरीके अने कीर्त्तिसेना त्रिलोकद्वीपमां भविष्यानुरूपारूपे अवतरे छे. वज्रोयर के जे यशोधन तरीके अवतर्यो हतो तेने असुररूपे अवतरेल कौशिक खाई जाय छे. जे पंक्तिओ दिवाल उपर लखवामां आवी हती ते धनमित्रना मित्र अच्युतस्वर्गना स्वामी नंदीमित्रे लखी हती (संधि २०).

भविष्य हवे राज्यकारभार सुप्रभने सोंपी दीक्षा लेवा इच्छा धरावे छे. पोतानी माता कमलश्रीने, भूपालने, धनपतिने, अने प्रियसुंदरीने ते बोलावे छे. सुप्रभ पिताने तेम करवा ना पाडे छे अने छेवटे राज्यपाट पोताना नानाभाई धरणिंदने आपवा अने बीजा बधा भाइओ सलाहकार तरीके वर्त्तशे एम कही नाना भाईने राज्य सोंपे छे. भविष्य, कमलश्री अने भविष्यानुरूपा प्रव्रज्या ग्रहण करे छे (संधि २१).

सुमित्रा, धनपति अने हरिदत्त विलाप करे छे. कमला अने भविष्यानुरूपा घोर तप करीने अने अनशन करी मरण पामी दसमा देवलोकमां प्रभाचूड अने रत्नचूड तरीके जन्म ले छे. भविष्य पण तेम करी ते ज देवलोकमां अवतरे छे. तेओ बधा एक वखत पोताना संतानो शुं करे छे ते जोवा पृथ्वी उपर आवे छे. मरीने प्रभाचूड गंधर्वोना स्वामीना पुत्ररूपे अवतरे छे. तेनुं नाम सुवसुंधर छे. रत्नचूड अने हेमंजय मरीने सुवसुंधरना पुत्रो तरीके जन्मे छे. हेमंजय श्रीधर पासे दीक्षा ले छे अने मोक्षे जाय छे. श्रुतपंचमी व्रतना प्रतिपालनथी भविष्य चोथे भवे केवी रीते मोक्षे जाय छे ते कवि धनपाळ अंतमां जणावे छे (संधि २२).

विशेष नामोनुं साम्य

गजपुरनो राजा भूपाल, धनपति, धनपतिनी पत्नी कमलश्री, ए बन्नेनो पुत्र भविष्यदत्त, धनपतिनी बीजी पत्नी नामे सरूपा, सरूपाथी धनपतिनो बीजो पुत्र नामे बंधुदत्त, साध्वी सुव्रता, भविष्यनी पत्नी भविष्यानुरूपा, मणिभद्र, मनोवेग विद्याधर, वासव ब्राह्मण – पुरोहित अने तेनी पत्नी सुकेशी तथा सुवक्र अने दुर्वक्र नामनां बे पुत्रो तथा त्रिवेदी नामनी पुत्री अने तेनो पति अग्निमित्र, रविप्रभ (सुकेशी मरीने रविप्रभ थाय छे); भविष्यानुरूपाथी भविष्यनो पुत्र सुप्रभ, विमलबुद्धि नामना मुनि, अमात्यपुत्री कीर्त्तिसेना, अरिपुरनो राजा प्रभंजन, अरिपुरनो धनदत्त शेठ, तेनो पुत्र धनमित्र, धनमित्रनो मित्र, बाल तपस्वी कौशिक, मुनि समाधिगुप्त, अशनिवेग (कौशिकनो भावि जीव), प्रभाचूड (कमलश्रीनो भावि जीव), रत्नचूड (भविष्यानुरूपानो भावि जीव) इत्यादि इत्यादि विशेष नामो पुरतुं भविष्यदत्त आख्यान अने भविष्यदत्त [illegible] ए बन्ने [illegible] समान प्रसंगो सहित साम्य छे.

विशेष नामो वच्चे भेद

भविष्यदत्त आख्यानमां, वरदत्त (सरूपानो पिता), सुतारा (भूपाळ राजनी पुत्री), जयानंद मुनि, सुगुप्तमंत्र मंत्री, सुकेशी, रत्नशेखर, हेमंगळ, वसुंधर अने वज्रसेन इत्यादि विशेष नामोनो उल्लेख छे; त्यारे भविष्यदत्त कथामां ए नामो माटे अनुक्रमे धनदत्त, सुमित्रा, जयनंदन, विमलमंत्री, सुकेशा, शेखर, हेमंजय, सुवसुंधर अने वज्रोदरनो प्रयोग करायेलो छे. अर्थनी दृष्टिए खास फेर लागतो नथी. तेमां सुकेशी—सुकेशा, हेमंगळ—हेमंजय, वसुंधर—सुवसुंधर तो लहिआओनी भूलो पण होवी संभवे छे. कोई कोई ठेकाणे एक ज विशेष नामने बदले बीजो मळतो शब्द पण गोठवी देवामां आव्यो छे. दा. त. हरिबल (प्रथम संधि) ने माटे हरिदत्त आगळ कथामां वपरायो छे त्यारे भविष्यदत्त आख्यानमां तिवेई (त्रिवेदी) माटे संतिवई शब्द योजवामां आव्यो छे. ते माटे जुओ अनुक्रमे, गाथा नं. २७४ तथा २५२ (दसमुं आख्यान). कोई वखत पर्यायवाची शब्द पण लेवामां आवेल छे. दा. त. अरिपुरनो राजा प्रभंजन हतो एम भविष्यदत्त आख्यानमां छे त्यारे भविष्यदत्त कथामां मरुत् शब्दनो प्रयोग करायेलो छे. आ संबंधमां पाठांतरोनी पसंदगीमां विवेकबुद्धि वापरवानी केटली जरूर पडे छे तेनो एक दाखलो अहीं नोंधुं तो ते अस्थाने नहि गणाय. प्रभंजन नामनो प्रयोग भविष्यदत्त आख्यानमां जे गाथामां करेलो छे ते गाथा नीचे प्रमाणे छे :—

"तत्थ पभंजणनामो राया लोयाण जणियपरिओसो ।
मंती वि वज्जसेणो तस्स य भज्जा य सिरिकंता" ॥ १० । ३२७ ॥

याकोबी संपादित भविष्यदत्त कथामां नीचे प्रमाणे पाठ छे :—

तहिं नरवइवरु नामु महोयरु वर महएवि मंति वज्जोयरु ।

अहींया वरु शब्द माटे याकोबीए मरु शब्दने पाठांतर तरीके पादनोंधमां लीधो छे. आ गाथा ओगणीसमी संधिना बीजा कडवकमां आवे छे. दलाल—गुणे संपादित भविष्यदत्त कथामां **नरवइ मरुनामु** ए प्रमाणे शब्दो लीधेल छे. पण डॉ. गुणे राजाना नाम तरीके तो **'महोयरु'** शब्दने ज ले छे अने **'मरुनामु'** ए शब्दनो कशो अर्थ पोतानी नोटसमां आपता नथी. एटले के ए शब्द एमने समजायो नथी ए चोक्खुं छे. डॉ. याकोबीए स्थिर करेल पाठ भविष्यदत्त आख्यानवाळी गाथा जाणमां आवी न होय तो जरा पण खोटो नथी; ऊलटो सुयोग्य लागे छे. पण भविष्यदत्त आख्यानवाळी उपर्युक्त गाथा वांच्या पछी आपणे राजाना नाम तरीके **'मरुत्'** शब्द लेवो जोइए. अने 'महोदर' ने मोटा उदरवाळो ए अर्थमां एना विशेषण तरीके लेवुं जोइए.

वधारानां विशेष नामो

भविष्यदत्त आख्यानमां निम्नोक्त नामो वधारानां छे एटले के भविष्यदत्त कथामां ए वपरायां नथी. वरदत्तनी स्त्री अने सरूपानी माता मनोरमा, भवदत्त अने नागसेना (भविष्यानुरूपाना पिता, माता), कांपिल्यपुरनो राजा नंद, गंधर्वनो राजा गंधर्वसेन अने तेनी स्त्री गांधारी, वसुंधरनी स्त्री सुमती तेम ज तेना पुत्रो श्रीवर्धन तथा नंदिवर्धन इत्यादि. त्यारे भविष्यदत्त कथामां नीचे लखेला विशेष नामो एवां छे के जे भविष्यदत्त आख्यानमां वपरायां नथी. कमलश्रीनो पिता हरिबल के हरिदत्त, जयलक्ष्मी अने चंद्रलेखा, कांचनमाल, चित्रांग, प्रियसुंदरी, पृथुमति, लोहजंघ, अनन्तपाळ, हरिपति, पर्वतपति, अभिनंदन, सुरुक, रोहिणी, कनकप्रभ, सूर्यप्रभ, चंद्रराशि, तारा, सुतारा, गुणमाळा इत्यादि इत्यादि.

स्थळनां नामो

भविष्यदत्त आख्यान अने भविष्यदत्त कथा ए बन्नेमां स्थळनां नामो लगभग एक सरखां छे. कुरुदेश, गजपुर, सुवर्णभूमि, मैनाकद्वीप, चंद्रप्रभ जिनालय, द्वीपतिलकनगर, कांपिल्यपुर, सिंहलद्वीप अने अरिपुर वगेरे वगेरे. तिलकने बदले द्वीपतिलक, कांचनभूमिने बदले सुवर्णभूमि, कुरुजंगळने बदले कुरुदेश एवा नहि जेवा शाब्दिक फेरफारो सिवाय स्थळनां नामो बन्नेमां लगभग सरखां ज छे.

प्रसंगो

बन्ने कृतिओमां प्रसंगो लगभग सरखा ज छे. परंतु आगळ कह्युं तेम भविष्यदत्त कथा प्रमाणमां घणी मोटी होई स्वाभाविक रीते एमां वर्णन विस्तार जरूर वधारे छे. एमां आवता चार प्रसंगो (नाना, मोटा मळी छ प्रसंगो; बंधुदत्त साथेनो विवाद तथा क्षुल्लक ज्योतिपिवाळो बनाव ए बे बनावो मळी छ बनाव) विषे अहिंआ खास नोंध लेवी आवश्यक छे. नाममुद्रा, जयलक्ष्मी अने चंद्रलेखाए करेली भविष्यानुरूपाना पातिव्रत्यनी कसोटी, कांचनमालानो धनपति तरफनो उपालंभ अने पोतनपुरना राजाए भूपाळ राजा पासे चित्रांगने मोकलीने करेली मागणीओ अने तेमांथी उद्भवेलुं युद्ध. आमांनो प्रथम तो बन्ने कृतिओमां छे. भविष्यदत्त आख्यानमां **"नाममुद्रा"** शब्दनो प्रयोग थयो छे ज्यारे भविष्यदत्त कथामां **"नागमुद्रा"** शब्द प्रयोग थयेलो छे. भविष्य पोतानी एंधाणीरूपे पोतानी माता कमलश्री साथे भविष्यानुरूपा उपर **"नागमुद्रा"** मोकलावे छे. मारी दृष्टिए भविष्यदत्त कथागत **"नागमुद्रा"** शब्द करतां **"नाममुद्रा"** शब्दनुं सार्थक्य विशेष छे.

छेल्ला त्रण प्रसंगो कवि धनपाळे मूळ वस्तुने एमने एम राखी मात्र कळानी दृष्टिए उमेर्या होय एम लागे छे अने ए एकमात्र घटना उपरथी कवि धनपाळने हुं महेश्वर सूरिना अनुवर्त्ती तरीके कहेवा प्रेरायो छुं. महेश्वर सूरि कहे छे के **"लेसेण मए एयं पंचमिफलसंजुयं दसमं"** ॥ १० । ४८६ ॥. एटले एमणे संक्षेपमां बधुं कह्युं छे. तेम ज धनपाळ पण कहे छे के **"पारंपरकवहं लहिवि भेउ मइ झंखिउ सरसइवसिण एउ"** (चौदमी संधिने अंते). महेश्वरसूरिए कथावस्तु गमे त्यांथी लीधी होय अगर तो नवीन ज कल्पी होय अगर सुधारा वधारा करी रची होय – गमे ते हो – पण धनपाळे तो भविष्यदत्त आख्यान उपरथी ज पोतानी कथा रची होय एम देखाय छे. कारण के बन्नेमां तद्दन साम्य छे. उपर्युक्त त्रण प्रसंगो नवा छे; अने ए नवा छे एटले ज भविष्यदत्त कथामां वधारे विशेष नामो आवे छे. बाकी बधां नामो – विशेष नामो अने स्थळनां नामो – आपणे उपर जोई गया तेम – लगभग सरखां छे; कोई ठेकाणे पर्यायो मुक्या छे तो कोई ठेकाणे पूर्व पदने बदले उत्तर पद अने उत्तर पदने बदले पूर्व पद एम आडा अवळा गोठववामां आव्या छे. ए सिवाय खास कशो फेरफार नथी. धनपाळनी भविष्यदत्त कथा उपरथी महेश्वर सूरिए भविष्यदत्त आख्यान रच्युं होत तो बीजा प्रसंगोनी जेम त्रणेय प्रसंगोने पोते खुशीथी एकाद बे गाथामां टुंकावी मुकी शकत, पण तेम नथी. एटले महेश्वर सूरि रचित "नाणपंचमी" करतां प्राचीन, पंचमीविषयक कोई कथाग्रन्थ आपणने उपलब्ध न थाय त्यांसुधी आपणे एम ज मानवुं रह्युं के धनपाल कवि पासे महेश्वर सूरि रचित "नाणपंचमी" आदर्श रूपे होवुं जोईए; अने एमां दसमा आख्यानने मूळ तरीके नजर समक्ष राखतां कळानी दृष्टिए ज्यां ज्यां एने योग्य लाग्युं त्यां त्यां मूळने अन्याय कर्या विना प्रसंगो योजी वर्णन विस्तार कर्यो. एकला पोतनपुरना राजानी लडाईना प्रसंग माटे तेरमी अने चौदमी संधि रोकवामां आवी छे. भूपाळ राजाने अर्धुं राज्य अने पोतानी पुत्री भविष्यने आपवा हता; तेना औचित्य माटे अने पोतानी कवित्वशक्ति बतावबा

सारू युद्धनो प्रसंग योजी भविष्यने पराक्रमी सिद्ध करे छे. आ सिवाय आ प्रसंगनो बीजो कशो उपयोग नथी. ए संधिओ काढी लेवामां आवे, तो पण वस्तुना प्रवाहमां जराय खलल पडती नथी. एटले मारूं एम दृढपणे मानवुं छे के धनपाळ कविए पोतानी "भविष्यदत्त कथा" महेश्वर सूरिए रचेल "नाणपंचमी" अथवा "ज्ञानपंचमी कथा" नी अंतर्गत दसमा अने छेल्ला भविष्यदत्त आख्यान उपरथी रची छे अने तेथी ते महेश्वर सूरिनो अनुवर्त्ती एटले ई. स. नी अगीआरमी सदीनी छेल्ली पचीसीमां अथवा बारमी सदीना आरंभमां थयो होवो जोईए. मारा आ अभिप्रायना समर्थनमां पं. लालचंद भगवानदास गांधीनुं आ वाक्य **"साम्प्रतं प्रसिद्धा धर्कटवणिग्वंशोद्भवधनपालनिर्मिता........अपभ्रंशा भविस्सयत्तकहा (पञ्चमीकहा) अस्या एव प्रान्तकथायाः प्रपञ्चरूपा"**[७७] खास नोंधुं छुं. अहिंआ वापरेलो **"अस्या"** शब्द महेश्वर सूरि रचित "पंचमी कथा" (अर्थात् प्रस्तुत "नाणपंचमी") अने **"प्रान्तकथा"** एटले भविष्यदत्त आख्यान समजवानुं छे.

पछी तो एम बन्युं के ज्ञानपंचमी कथा के सौभाग्यपंचमी कथा पुरता श्वेतांबर आम्नायना आद्यरक्षक महेश्वर सूरि गणाया अने कनककुशळ तथा क्षमाकल्याण वगेरे तेमने चीले चाल्या. अने श्रुतपंचमी कथा पुरता दिगंबर संप्रदायना अग्रिम प्रस्थापक धनपाळ गणाया (कारण के आपणे आगळ जोयुं तेम मूळ श्वेतांबरोनी आ कथामां दिगंबर अंश उमेरी एने दिगंबरी ओप आपनार प्रथम कवि धनपाळ छे) अने तेमने सिद्धसेन अपरनाम रईधु, श्रीधर वगेरे पोताना "भविष्यदत्त चरिय" मां अनुसर्या.

"नाणपंचमी कहा" अने तद्गत सुभाषितो

जैन तेम ज जैनेतर साहित्यमां, धर्मकथा, राजकथा, समाजकथा, नीतिकथा वगेरे वगेरे जेम कथाभेदो छे तेम पर्वकथाओनो पण एक खास भेद छे. पर्वोना इतिहास जेटलो ज पर्वकथाओनो इतिहास पण प्राचीन छे. ए पर्वकथाओना मूळगत विचारमां, विकासमां अने अंतिम लक्ष्यमां पोतपोताना लाक्षणिक रंगो पूरी प्रत्येक धर्मे, संप्रदाये अने आम्नाये ए कथाओने पोतानी कथा तरीके अपनावी लीधी. एटले बन्युं एम के कथानुं मूळ खोखुं घणी वखत एमनुं एम रह्या छतां कोई संप्रदायनी अमुक पर्वकथा आपणने परिपुष्ट अने मांसल लागी त्यारे ए ज पर्वकथा बीजा संप्रदायमां बेदरकारी के एवा अन्य कोई कारणने लई तद्दन फिक्की अने निर्माल्य बनी गई. समयनी अनुकूळता—प्रतिकूळताए, सामाजिक परिवर्तनोए अने राजकीय प्रत्याघातोए पर्वकथाना साहित्यमां पण भरती अने ओट आण्यां.

केवळ तत्त्वज्ञाननी वातो अने विवादो साक्षरोने पचे; एटले जेओ ओछां विद्वान् होय तेम ज निरक्षर होय अर्थात् सामान्य लोकसमूह माटे ज्ञान साथे बोध आपी शकाय तेवी योजनामां आपणे कथासाहित्यनां मूळ जोई शकशुं. आ हेतुथी धर्मना तहेवारो एटले के पर्वोने पसंद करवामां आव्या. अक्षय तृतीया, बोळी चोथ, गणेश चतुर्थी, नाग पांचम, रांधण छठ, शीळी सप्तमी अने जन्माष्टमी वगेरे पर्व दिवसोने अनुलक्षी जेम ब्राह्मणोए पर्वकथाओ रची तेम जैनोए पण अष्टाह्निका, पर्युषण पर्व, ज्ञानपंचमी वगेरे पर्वोने लई पर्वकथाओ रची. तेमां कया मासमां कयुं व्रत कोणें केवी रीते ग्रहण करवुं, यथाविधि पाळवुं अने केवी रीते ऊजववुं अने एथी फळ शुं वगेरे बाबतो, पोतपोतानी लाक्षणिक शैलीथी, प्रसंगवैविध्य अने कळाकौशल्यपूर्वक, काव्यचमत्कृति अने अलंकारोनी जमावट साथे, पोतपोताना धार्मिक वर्तुळमां रही, कथा लेखकोए चर्ची. आमां फळनी बाबतमां कथालेखकोए पोतपोताना धर्मनी सर्वोत्कृष्टतानी विशिष्ट प्ररूपणा करी; अने एथी करी, घणी खरी बाबतोनुं बहुं खरूं साम्य होवा छतां, दरेक पर्वकथा, धार्मिक सिद्धांत पुरती, निराळी बनी गई.

---

[७७] जुओ पादनोंध १७.

उपर जणावी तेवी पर्वकथाना साहित्यनी उत्पत्ति अने विकासमां जैन लेखकोए विशाळ अने सर्वदेशीय फाळो आप्यो छे. मौन एकादशी, मेरु त्रयोदशी, होलिका पर्वकथा, रजःपर्वकथा, अष्टाह्निका पर्वकथा, पर्युषण पर्वकथा, दीपावलि पर्वकथा अने सौभाग्यपंचमी के ज्ञानपंचमी कथा—वगेरे वगेरे पर्वकथाओ जैन पर्वकथा साहित्यना आधारस्तंभो छे. एमांनी छेल्ली अने अनेक दृष्टिए अपूर्व एवी श्रीमहेश्वर सूरि रचित आ "नाणपंचमी कहा"मां आवता सुभाषितो उपर हुं खास करीने अहिं कहेवा मागुं छुं.

अत्यारसुधी अप्रकट अने अनेक दृष्टिए अलौकिक एवी अर्थगंभीर आ पर्वकथाना प्रकांड विद्वान लेखक श्रीमहेश्वरसूरि विक्रमीय संवत् ११०९ पहेलां थया होवा जोईए ए वात आगळ चर्चाई गई छे; तेओ पोताने सज्जन उपाध्यायना शिष्य तरीके ओळखावे छे. आथी विशेष कांई माहिती पोताने विषे तेओ आपता नथी, तेथी तेमना जीवन अने कवन विषे कशी चर्चा थई शके तेम नथी.

आ कथाग्रन्थनुं बीजुं नाम **'पंचमी माहात्म्य'** पण छे, कारण के एमां पंचमीमाहात्म्यनुं वर्णन प्रधानपणे करवामां आवेल छे.

मोक्षमंदिरनुं मुख्य प्रवेशद्वार ज्ञान छे. ज्ञाननी आराधनाथी तीर्थंकरादि महान् पुरुषो भवसमुद्र तरी गया छे अने ज्ञाननी विराधनाथी अनेक दुर्गतिमां पण पड्या छे. एटले मोक्षसिद्धि माटे ज्ञान एक सर्वोत्तम उपाय छे. ज्ञानना आवा अपूर्व माहात्म्यने जाणी—विचारी पूर्वाचार्योए ज्ञाननी उपासना माटे ज खास करीने एक दिवस नियत कर्यो; अने ते कार्त्तिक शुक्ल पंचमीनो. आ शुक्ल पंचमी खास करीने ज्ञानपंचमीना विशिष्ट नामथी वधारे प्रचलित छे. आ पवित्रतम दिवसे पुण्यशाली जीव मुनिनी माफक पौषधादि व्रत अंगीकार करी ज्ञानोपासना करवामां गाळे छे. तेओ भंडारमां राखेली ज्ञाननी एकमात्र उपकरण प्रतिओने बहार काढे छे. जे जे प्रतिओने शरदी, भेज, जीव, जंतु आदिनो उपद्रव थयो जाणवामां आवे ते ते प्रतिओने ते उपद्रवमांथी विमुक्त करवानुं विचारता अथवा तो ते ते प्रतिओना पुनरुद्धारनुं पण नक्की करता. ते दिवसे प्रतिओनुं बहू ज यत्नपूर्वक पूजन, अर्चन, मार्जन वगेरे थतुं. चोमासमां ज्ञानभंडारो बंध होय छे. ते चोमासुं पुरूं थये वहेलामां वहेली तके खोलवाना होय छे. आ रीते बीजी पंचमीओ करतां कार्त्तिक शुक्ल पंचमीनुं ज माहात्म्य विशेष छे. आ व्रत करवाथी सौभाग्य इच्छनारने सौभाग्य मळे, आरोग्य इच्छनारने आरोग्य मळे, कुलीन कुटुंबमां जन्म इच्छनारने तेवा कुलीन कुटुंबमां जन्म थाय, आंख गई होय तो आंख, पग गया होय तो पग अने हाथ गया होय तो हाथ पण पाछा मळे अने छेवट मोक्ष पण मळे एवो आ व्रतनो प्रभाव छे. ब्राह्मणोमां सरस्वतीशयन अने देवऊठी एकादशीनो पण कंईक आवो ज प्रभाव छे. दिगंबरोमां ज्ञानपंचमीने बदले श्रुतपंचमी शब्द वधारे प्रचलित छे.

व्रतो तो घणा छे पण आ रीते ज्ञानपंचमी व्रतनुं महत्त्व निराळुं छे. सौ संप्रदायो पोतपोतानी अनोखी रीते व्रतो उजवे छे, पण जैन प्रथामां खासीयत ए छे के ऐहिक करतां पारलौकिक भावना तरफ विशेष ध्यान आपवामां आव्युं होय छे. पर्व पर्व परत्वे ए धर्मभावनामां न्यूनाधिक्य जरूर संभवे. तीर्थंकरोनां च्यवन, जन्म, दीक्षा, केवलज्ञान अने निर्वाण ए पांच दिवसो कल्याणकना कहेवाय छे. पर्व पाळवामां निमित्त तीर्थंकरना कोईपण कल्याणकनुं होय पण ए कारणे चालता पर्वनो केवळ एक ज उद्देश होय छे अने ते ज्ञान—चारित्र्यनी शुद्धि अने पुष्टि द्वारा आत्मसिद्धि.

एटले ज्ञाननी सर्वातिशायिता संबंधे आपणे उपर जोयुं तेम बे मत छे नहि. ज्ञान एटले प्रति[illegible] पुस्तको; अने पुस्तको एटले ज्ञानभंडारो. आम सूक्ष्म अने स्थूळ वस्तुना महत्त्व[illegible] शकीए

ज्ञानभंडारोमां साचववामां आवता पुस्तकोनी शाहीमां गुंदर पडतो होवाथी अने चोमासानी ऋतु भेजवाळी होवाने कारणे चोमासामां जो प्रतिओने उघाडवामां आवे तो प्रतिना पानाओ एकबीजा साथे चोंटी जवा पूरो संभव छे. आ माटे प्रायः चोमासामां ज्ञानभंडारो बंध राखवामां आवे छे; अने प्रतिने बराबर बांधी मुकी देवामां आवे छे. आ बंधनक्रियाने लगती एक कहेवत पण जैन मुनिवर्गमां प्रचलित छे "पुस्तकने शत्रुनी जेम मजबूत बांधवुं." पुस्तकरक्षाने माटे घणी घणी प्रतिओना प्रान्तभागमां निम्नोक्त श्लोक जेवा प्रकारना अनेक श्लोको लखवामां आव्या होय छे. जेमके :—

'अग्ने रक्षेज्जलाद्रक्षेन्मूषकेभ्यो विशेषतः । कष्टेन लिखितं शास्त्रं यत्नेन परिपालयेत् ॥
उदकानलचौरेभ्यो मूषकेभ्यो हुताशनात् । कष्टेन लिखितं शास्त्रं यत्नेन परिपालयेत् ॥

वर्षाऋतुमां ज्ञानभंडारोमां पेसी गयेल भेजवाळी हवा पुस्तकोने बगाडे नहि अने पुस्तको सदा पोतानी स्थितिमां रहे ते माटे तेने ताप खवाडवो आवश्यक छे. ज्ञानभंडारो चोमासामां बंध होई तेनी आसपास धूळ, कचरो एकठो थाय ते पण स्वाभाविक छे. आ कचरो साफ न थाय तो उधईनो डर रहे छे. चोमासुं पुरूं थई रह्या पछी आ बधुं करवा माटे वहेलामां वहेलो समय पसंद करवो जोईए. अने एटला माटे कार्त्तिकशुक्ल पंचमी वधारे उपयुक्त छे. कारण के प्रखर ताप अने भेजवाळी हवा ए बन्नेनो अतिरेक आ समये होतो नथी. एक शहेरमां एक करतां वधारे भंडार पण होवा संभव छे. भंडार खूब ज विशाळ होवानी पण शक्यता छे. एटले प्रतिओनुं संमार्जन काम एक बे भाडुती माणसोथी थाय एम पण जणायुं नहि तेथी धर्माचार्योए कार्त्तिकशुक्लपंचमीने एक धार्मिक तहेवार तरीके अने ते पण ज्ञानपंचमी तरीके नियत करी ते दिवसे प्रतिओना पूजन, अर्चन, मार्जन अने लेखन, लिखापन करवा, कराववानुं अने तेम करे तो महत् पुण्य उपार्जन करवानुं प्ररूप्युं. ज्ञानपंचमी माटे अनेकविध तपो योजायां. तेना उत्सव अने उजमणाओ योजाया. तेनी अनेक जातनी पूजाओ रचाई, गवाई अने तेने लीधे एवुं वातावरण बनी गयुं के करोडो भवना पाप एक ज पदना के एक ज अक्षरना ज्ञानथी बळी शके छे एवुं मनावा लाग्युं.

आवा जैन ज्ञानभंडारो पाटण, जेसलमीर, खंभात, लींबडी अने कोडाय वगेरे स्थळे छे. आ भंडारोमां एकला जैन पुस्तकोनो ज संग्रह नथी. एना स्थापकोए अने रक्षकोए दरेक विषय तेम ज दरेक संप्रदायना पुस्तको एकठा करवानो प्रशंसनीय प्रयत्न कर्यो छे. घणी वखत एवुं बन्याना दाखलाओ मोजूद छे के ज्यारे अत्यंत उपयोगी जैनेतर ग्रन्थो जैन ज्ञानभंडारमांथी मळी आव्या होय. पुस्तको केवळ कागळ उपर ज नहि परंतु ताडपत्र अने कापड उपर पण लखायेला मळी आव्या छे.

अग्नि, भेज, शरदी, उधई, वांदा, ऊंदर, कुदरती विघ्न अने धर्मांध यवनोना नाशकारक पंजामांथी ज्ञान प्रत्येनी जीवती जैनभक्तिने परिणामे बची गयेला आजे पण एटला बधा भंडारो छे के जेमणे सेंकडो पाश्चात्य अने पौर्वात्य विद्वानोने अने छापखानाओने पुष्कळ खोराक पूरो पाड्यो छे अने हजी पण पाडशे.

ज्ञान आपवामां मुख्य साधन प्रति के पुस्तक अने ए प्रतिओने संग्रहवामां मुख्य स्थळ एटले के ज्ञानभंडारनी अगत्य समजी, स्वीकारी ज्ञानप्रिय आचार्योना सदुपदेशथी के पोतानी स्वाभाविक इच्छाथी अनेक राजाओए, मंत्रिओए तेमज धनाढ्य श्रेष्ठीओए तपश्चर्याना उद्यापन निमित्ते, आगमश्रवणना कारणे, पोताना कल्याण माटे के पछी पोताना स्वर्गवासी आप्तजननी स्मृतिमां नवा पुस्तको लखावीने के जूनानी प्रतिकृति करावडावीने अथवा कोई जूना ज्ञानभंडारो वेचातुं होय तो तेने वेचाता लईने पण ज्ञानभंडारोनी स्थापना करी छे.

आवा ज्ञानभंडारोनी स्थापनामां भाग लेनार अथवा आवा ज्ञानभंडारो स्वयं स्थापनार राजाओ पैकी बे राजाओना—सिद्धराज अने कुमारपालना—नाम मुख्य छे. मंत्रीओमां प्राग्वाटज्ञातीय महामात्य वस्तुपाळ—तेजपाळ अने ओसवाळ ज्ञातीय मंत्री पेथडशाह अग्रस्थाने छे. धनिक गृहस्थो के जेमणे ज्ञानभंडारोनी स्थापनामां के संवर्धनमां भाग लीधो छे ते अथवा जेमणे पुस्तकोनी प्रतिओ लखावी आडकतरी रीते ज्ञानवृद्धिमां फाळो नोंधाव्यो छे ते धनाढ्य सज्जनो पैकी धरणाशाह, कोळुशाह अने मंडलिक मुख्य छे. केटलाक श्रेष्ठीओ एवा पण हता के जेमणे एक ज ग्रन्थनी अनेक नकलो लखावी हती ज्यारे अमुक एवा पण हता के जेमणे कल्पसूत्रनी घणी घणी प्रतिओ लखावी गामोगाम मोकली हती. आ रीते आ ज्ञानसंस्थानी उत्पत्ति अने विकासमां राजा-महाराजाओ, मंत्री—महामंत्रीओ अने धनिक श्रेष्ठीओनो न भूलाय तेवो सुंदर फाळो छे.

महेश्वरसूरि, नाणपंचमी कहा, ज्ञान, ज्ञानभंडार अने ज्ञानपंचमी व्रत वगेरे आनुषंगिक बाबतोनो विचार करी हवे आ "नाणपंचमी कहा"मां शुं आवे छे तेनुं तद्दन संक्षिप्त वर्णन नीचे प्रमाणे आपुं छुं.

कथालेखक श्रीमहेश्वरसूरिए पोते ज कथाना प्रान्तभागमां कह्युं छे तेम आ समग्र कथा ग्रन्थ बे हजार गाथामां लखायेलो छे. ग्रन्थ पद्यमां छे. एमां वापरेली भाषा जैन माहाराष्ट्री प्राकृत छे. एमां दस आख्यानो छे जेमांनुं प्रथम तथा छेल्लुं पांचसो गाथाओ रोकी तथा बीजाथी नवमा सुधीना प्रत्येक आख्यान सवासो सवासो गाथाओमां समाविष्ट करी आ ग्रन्थरत्नने बराबर बे हजार गाथामां समाप्त करवामां आव्यो छे. ज्ञानपंचमीव्रतमाहात्म्यनां सूत्र वडे सर्व आख्यानमणिओने सळंग रीते परोववामां आव्या छे. दरेक आख्याननो हेतु पंचमीव्रतमाहात्म्यनो छे. डगले अने पगले ए व्रतनी सर्वोत्कृष्टतानी वात कहेवामां आवी छे. व्रत, नियमधारण, तपश्चर्या, वगेरे सर्व बाह्य क्रियामां पंचमीव्रतने उच्चस्थान आपवामां आव्युं छे. आगन्तुक आपत्तिने आवती रोकवा अने चालु विपत्तिमांथी सफळतापूर्वक पारगमन करवा, ज्ञानपंचमीव्रत समजण अने विधिपूर्वक करवानो एक ज राजमार्ग जे छे ते बतावबामां आव्यो छे. आ संसारमां कोईने भाग्यवान् थवानां अने गणावाना कोड होय, कोईने खानदान कुटुंबना नबीरा बनवानी एकमात्र इच्छा होय, कोई मरण पर्यंत अनारोग्य न आवे एवी ज अभिलाषा सेवतो होय, कोई बंदीखानामां पडेलो जीव बंदीखानामांथी मात्र मुक्त थवानो ज एक मनोरथ पार पडेलो जोवानी प्रतीक्षा करी रह्यो होय, कोई परदेशमां गयेल जनना संयोगमां ज समस्त जीवनना साफल्यनो साक्षात्कार देखी रह्युं होय, तो कोई पोतानां आंख, नाक, कान, हाथ अने पगनी खोड खांपण दूर थयेली जोवा माटे ज जाणे के जीवी रह्युं होय—इत्यादि इत्यादि ऐहिक कामनाओनी तृप्ति अने छेवट मोक्ष जेवी आमुष्मिक वांछनानी सिद्धि माटे ज्ञानपंचमीव्रतनुं यथाविधि ग्रहण, पालन अने उद्यापन ए ज एक अमोघ अने सद्यःप्रत्ययकारी मार्ग छे ए वातनुं प्रतिपादन समग्र ग्रन्थमां जरा पण अभिनिवेश विना बहु भारपूर्वक करवामां आव्युं छे. कोईने द्वीपांतरमां जवुं होय अने तरत ज विमान हाजर थाय, करोडो माईल दूर स्वजन गया होय अने आववा सुद्धांनी पण आशा न होय ए तरत ज आवी मळे, मरण ज जेनो एकमात्र उपाय छे एवुं कलंक घडीना छट्ठा भागमां शत्रुना कचवाट साथे क्यांय अदृश्य थई जाय, आवी आवी अनेकानेक अशक्य लागती वस्तुओ, शुभभावथी ज्ञानपंचमी व्रत करनारने माटे तद्दन शक्य छे ए श्रद्धेय सत्य तरफ लेखके ज्यां अने त्यां सफळतापूर्वक अंगुलिनिर्देश कर्यो छे. टूंकामां ज्ञानपंचमी व्रतनुं शास्त्रोक्त रीते ग्रहण, पालन अने उद्यापन सर्वसिद्धिप्रदायक छे एम लेखके निश्चित भावे जणाव्युं छे.

जयसेन, नंद, भद्रा, वीर, कमला, गुणानुराग, विमल, धरण, देवी अने भविष्यदत्त एवां आ कथाना दस आख्यानोनां अनुक्रमे नाम छे.

परंपराथी आ वातो चाली आवे छे तेने संक्षेपमां में कही छे एम विद्वान कथालेखक दरेक आख्यानना प्रान्त भागमां निरभिमानपणे कहे छे. परंतु आ "नाणपंचमी कहा"थी प्राचीन कोई ज्ञानपंचमीकथाविषयक ग्रन्थ आपणने उपलब्ध नथी तेथी आ दसेय आख्यानोनां मूळ क्यां हशे ते शोधी काढवुं मुश्केल छे. कनककुशळे, क्षमाकल्याणें, मेघविजय उपाध्याये जे ज्ञानपंचमीव्रतमाहात्म्यविषयक कथाओ अने बालावबोधो लख्यां छे ते बधा वरदत्त–गुणमंजरी कथाना नामे ओळखाय छे अने "नाणपंचमी कहा" तथा "वरदत्त गुणमंजरी कथा" वच्चे फळसाम्य होवा छतां पात्रभेद, स्थळभेद अने प्रसंगभेद जरूर छे. एटले के ए त्रणेय उत्तरकालीन लेखकोए महेश्वरसूरि रचित प्रस्तुत "नाणपंचमी कहा"मांथी कशुंय लीधुं नथी ए वात सुस्पष्ट छे. छतां "वरदत्त–गुणमंजरी" कथाना पण मूळ शोधवां हाल मुश्केल छे. अलबत्त ज्ञानपंचमी के श्रुतपंचमी उपर जेटला दिगंबर आचार्योए जे जे कांई लख्युं छे ते बधानुं मूळ प्रस्तुत कथानां भविष्यदत्त नामना दसमा आख्यानमां छे ए वात आपणे उपर जोई गया. आ दिगंबर आचार्यो पैकी धर्कटवंशीय वणिग् धनपाळ, सिंहसेन अपरनाम रईधु, विबुध श्रीधर अने ब्रह्मचारी रायमल्ल खास नोंधने पात्र छे.

प्रस्तुत "नाणपंचमी कहा"ना प्रत्येक आख्यानमां राजाओ, द्वीप–द्वीपांतरो, नगरीओ वगेरेनुं घणी ज आलंकारिक अने घणी वखत श्लेषात्मक भाषामां वर्णन करायेलुं छे. धार्मिक, नैतिक, सामाजिक, अने व्यावहारिक प्रसंगो सर्जी तमाम उपयोगी विषयो उपर अमूल्य सुभाषितो गोठव्यां छे. ते वखते समाजमां प्रचलित कहेवतोनो पण छूटथी उपयोग कर्यो छे. ग्रन्थ वांचता वेंत ज लेखकनी सर्वतोमुखी प्रतिभानो परिचय आपणने थया विना रहेतो नथी. काव्य, अलंकार, नीति, व्यवहार अने धर्म ए तमाम बाबतनो लेखकने तलस्पर्शी अभ्यास हतो. प्राकृत भाषा तरफनो एमनो सकारण स्नेह अने चतुर्विध संघनी महानुभावता विषेना तेमना विचारो रोचक अने सूचक छे.

अने तेमना अनेकविध, अमूल्य, आह्लादजनक, क्वचित् हास्यजनक, अने अभ्यासपूर्ण, वेधक सुभाषितो विषे तो कहेवुं ज शुं? जरा पण सांप्रदायिक व्यामोह विना मने नम्रपणे कहेवानुं मन थाय छे के आ "नाणपंचमी कहा"ना कोई पण अंश तरफ ध्यान नहि आपतां केवळ सुभाषित–अंश उपरथी ज एनुं निरपेक्षपणे मूल्यांकन करवानुं कोई आपणने कहे तो पण आपणे असंदिग्धताथी कही शकीए के आ कथा–ग्रन्थ–रत्न अजोड अने अमर थवा सर्जायो छे. कणाद, कपिल अने कालिदासे, वाल्मीकि, व्यासे अने वात्स्यायने, सिद्धसेने अने समन्तभद्रे, हरिभद्रे अने हेमचंद्राचार्ये सुभाषितोनो छूटे हाथे उपयोग कर्यो छे. ए बधाना सुभाषितोनो यत्किंचित् अभ्यास करवानुं मने सद्भाग्य पण मळ्युं छे. छतां मारे एटलुं अहिंआ कहेवुं जोईए के महेश्वरसूरिए "नाणपंचमी कहा"मां वापरेल सूक्तिओ सर्वदेशीय छे एना करतां ते विशेष मौलिक छे. लेखकनी नवनवोन्मेषशालिनी प्रतिभानो जे दृढ अने अविस्मरणीय परिचय ए सुभाषितो द्वारा मने थयो अने ए परिचयथी मने जे अलौकिक आनंद थयो ते लगभग अवर्णनीय छे. "रसात्मकं काव्यं वाक्यम्" अने "रसो वै ब्रह्म" के श्री मुनशीजीनो वर्तमानयुगने बंधबेसतो "रसोल्लास" या "रसास्वाद" शब्द जराय खोटां नथी. आम तो नीति, शौर्य, स्त्रीजाति, प्रेम–स्नेह, कन्या, मरण, मित्रता, बाळ-वैधव्य, दांपत्य, याचना, विश्वधर्म, प्रव्रज्या, प्रतिबोध, धर्म, समभाव, व्यवहार, आय, व्यय, धन, नियम, चित्तशुद्धि, अमात्य, सती स्त्री, रतिविद्या, दारिद्र, आशा, निराशा अने राजनीति इत्यादि इत्यादि विषयोनां अनेकानेक, मौलिक, तलस्पर्शी, अभ्याससूचक अने वेधक सुभाषितो वापर्यां छे जे दरेकने अहीं चर्चवानो जराय अवकाश नथी तेथी मात्र अमुकना अहीं नमूनाओ आपी संतोष पकडीश.

सुभाषितो

धार्मिक, नैतिक, सामाजिक अने व्यावहारिक प्रसंगो सर्जी आवश्यक विषयो उपर महेश्वरसूरिए एवां घणां सुभाषितो वापर्यां छे जे वांचवाथी तेमना सामाजिक, धार्मिक, नैतिक अने व्यावहारिक अद्भुत ज्ञानना अने तेमनी अपूर्व वेधक दृष्टि तथा अठंग अभ्यासनो आपणने संपूर्ण परिचय मळे छे. प्रचलित कहेवतो, शिक्षासूत्रो अने समयानुकूल सुभाषितो डगले अने पगले वापरी तेमणे तेमना ते ते विषयना तलस्पर्शी अभ्यासथी आपणने ज्ञात कर्या छे. सुभाषितोना वारंवारना उपयोगथी आपणी सुरुचिने जराय प्रत्याघात थतो नथी ए बतावे छे के तेमने कळानी दृष्टि पण सिद्ध हती. स्त्री मानसनो तेमने घणो ज बारीक अभ्यास हतो. नग्न सत्यो अने नक्कर घटनाओथी व्याप्त शिक्षासूत्रोनो उपयोग पण तेमणे आख्याने आख्याने छूटे हाथे कर्यो छे. घणुं घणुं लखीने ज कही शकाय तेवी बाबतो समयानुकूळ, प्रचलित, अने काव्यमय शिक्षासूत्र द्वारा लेखक कौशल्यपूर्वक बतावी शके तो ज अने त्यारे ज लेखक प्रतिभासंपन्न छे एम कही शकाय.

उपर्युक्त तमाम कथनोने बराबर समजवा आपणे थोडा सुभाषितोने समजवा प्रयत्न करीए:—

क्रिया गमे तेवी लघु होय पण जो ते शुभभावपूर्वक करवामां आवी होय तो सुखने आपनारी थाय छे ए बताववा लेखक अमृतांशनो दृष्टांत आपी कहे छे:—

"विसमविसेण मरंतं किन्नवि रक्खेइ अमयंसो ?" ॥ १।११ ॥

स्त्रीओ माटे शोक्यनुं होवुं जेटलुं आ संसारमां दुःखदायक छे तेटलुं बीजुं कशुं दुःखदायक नथी ए सूचववा स्त्री मानसना अजोड अभ्यासी श्रीमहेश्वरसूरि प्रथम आख्याननी ३९ मी गाथामां कहे छे:—

"वरि हलिओ वि हु भत्ता अनन्नभज्जो गुणेहिं रहिओ वि ।
मा सगुणो बहुभज्जो जइ राया चक्कवट्टी वि" ॥ १।३९ ॥

भर्त्ता गुणवान अने चक्रवर्ती राजा होय पण बहु स्त्रीओ वाळो होय तो तेना करतां निर्गुण अने हळ हांकनार खेडुत जो तेने एक ज स्त्री होय तो ते सारो. शोक्यनुं होवुं स्त्रीओ माटे दुःखनी परंपरानुं एक मोटुं कारण अनादि काळथी मनातुं आव्युं छे—खास करीने हिंदु संसारमां. शोक्यनी प्रथा तरफनो महेश्वर-सूरिनो सचोट अणगमो आपणने एवा अनुमान करवा तरफ लई जाय छे के ई. स. नी अगीआरमी सदीमां शोक्य करवानी रीत कांतो विशेष प्रचलित हती अथवा तेना तरफ घणो ज सबळ अने स्पष्ट अणगमो हतो. आटलुं कहेवा छतां पण वाचकना मनमां रखेने शंका रही जाय एम मानी लेखक ते ज आख्याननी ४२ मी गाथामां बुलंद स्वरे पोकारीने कहे छे:—

"संकरहरिबंभाणं गउरी लच्छी जहेव बंभाणी ।
तह जइ पइणो इट्ठा तो महिला इयरहा छेली" ॥ १।४२ ॥

शंकरने जेम गौरी, विष्णुने जेम लक्ष्मी अने ब्रह्माने जेम सावित्री इष्ट छे तेम पतिने महिला इष्ट होय तो ते महिला; नहि तो बकरी. अगीआरमी सदीनो, स्त्रीस्वातंत्र्यनो जब्बर हिमायती लेखक एथी पण आगळ वधे छे अने ए ज आख्याननी ४६ मी गाथामां अंतिम वाक्य उच्चारे छे:—

"निद्दंदो घरवासो सग्गो पोढाण होइ महिलाण ।
इयरो नरगो भणिओ सत्थेसु य कप्पिया दो वि" ॥ १।४६ ॥

प्रौढ महिलाओ माटे तो घरवास जो शोक्य विनानो होय तो ज ते स्वर्गतुल्य छे; अन्यथा शास्त्रमां तो तेने नरकतुल्य ज कहेल छे. स्नेह, वियोग, पुरुषस्वभाव, रंडापणुं, कन्याओनुं बाहुल्य, अने दारिद्र्य वगेरे उपरना श्रीमहेश्वरसूरिना मंतव्यो सुंदरी नामना स्त्री पात्रना मुखमां मुकेला वाक्यो द्वारा आपणने जाणवा मळे छे:—

"किंचूणो वि हु पणओ दुक्खं अइदारुणं मणे देइ ।
जो पुण मूलच्छिन्नो मरणं चिय कुणइ जुवईणं ॥ ११६७ ॥
वरि मा जाओ नेहो होऊणं मा पुणो दढं नट्ठो ।
अदंसणं पि सेयं लोयणरिडणो निहाणस्स ॥ ११६८ ॥
अवराहेण विरत्तो दुक्खं न वि देइ वल्लहो जइ वि ।
अवराहेण विणा पुण जीयं सो निच्चलं लेइ ॥ ११६९ ॥
मणवल्लहो विरत्तो विणावराहेण कम्मदोसाओ ।
सरिओ सरिओ दुम्मइ अंगाइं नट्ठसल्लो व्व ॥ ११७० ॥
धन्ना वा महिलाओ जाणं पुरिसेहिं कित्तिमो नेहो ।
पाएण जओ पुरिसा महुयरसरिसा सहावेणं" ॥ ११७१ ॥

अर्थः—स्नेह ओछो थयो होय तो पण युवतीओना मनने अतिदारुण दुःख आपे छे तो ते स्नेह समूळगो नष्ट थाय तो तो मरण ज निपजावे. प्रथमथी ज प्रेम न बंधाय ते सारुं; परंतु एक वखत दृढ थयेलो स्नेह नाश पामे ते तो ठीक नहि ज. पाछळथी नष्ट थनार निधिना दर्शन पहेलेथी ज न थाय ते श्रेष्ठ. प्रियजन अपराधे करीने जो विरक्त थाय तो ते दुःखकारक नथी थतो; पण अपराध विना रागरहित बनेलो वल्लभ मरणनुं निमित्त अवश्य बने छे. पूर्वकर्मना विपाके अपराध विना विरक्त बनेल प्रियजन जेम जेम याद आवे तेम तेम शरीरमां पेठेल शल्यनी जेम दुःख आपे छे. आटलुं कह्या पछी सुंदरी पासे लेखक बोलावडावे छे "ते महिलाओ धन्य छे जेओने पुरुषो साथे कृत्रिम स्नेह छे" इत्यादि इत्यादि. कृत्रिम स्नेह होय अने ते नष्ट थाय तो मनने आघात न लागे परंतु प्रेमीजन साथे ओतप्रोत थई गया पछी प्रेमनो वेग कमी थतो देखाय तो अवश्य लागी आवे. तो पछी भ्रमर जेवा चंचळ अने लोलुपी स्वभाववाळा पुरुषो साथे पहेलेथी ज कृत्रिम स्नेह राख्यो होय तो पाछळथी दुःख सहन करवानो वखत न आवे. आ छेल्ली कहेवतमां गोठवेल अथवा सूचवेल नक्कर सत्य पूरता, सुंदरी साथे, लेखक संमत छे के नहि ते तो न कही शकाय परंतु विना कारणे रागरहित बननार प्रियजन महान् आपत्तिनुं कारण छे एटलुं तो लेखक सुंदरीनी जेम जरूर सहृदयताथी मानता जणाय छे. आगळ चालतां आ बधा दुःखनुं कारण स्नेह छे एम कल्पी असंग भावने पोषनाराओने लेखक अंजली आपे छे. जुओ :—

"नेहो बंधणमूलं नेहो लज्जाइनासओ पावो ।
नेहो दुग्गइमूलं पइदियहं दुक्खओ नेहो ॥ ११७५ ॥
धन्ना ते वरमुणिणो मूलं नेहस्स जेहिं परिच्छिन्नं ।
धन्नाण वि ते धण्णा बाल च्चिय जे तवं पत्ता" ॥ ११७६ ॥

अर्थः—स्नेह ए बंधननुं मूळ छे; स्नेह तो लज्जा वगेरेनो नाश करनार पाप छे. दुर्गतिनुं मूळ पण स्नेह ज छे अने हंमेशनी दुःखदायक वस्तु पण ए अनुराग ज छे. माटे ते श्रेष्ठ मुनिओ धन्यवादने पात्र छे के जेमणे स्नेहनुं मूळ कापी नाख्युं छे अने ए धन्य मुनिओमां तेओ तो खास धन्यवादने पात्र छे जेमणे बाळपणमांथी ज तप आदर्युं छे. अहिंआ लेखकनी सहृदयता स्पष्ट तरी आवे छे. व्यावहारिक ज्ञानमां लेखक केटला प्रवीण हता तेनी तो सुंदरीना मुखमां मुकेल निम्नोक्त श्लोको आपणे वांचीए छीए त्यारे आपणने पूरेपूरी जाण थाय छे :—

"नवजुवईण वड्ढंणं बालाण य पुगयाण नियमेण ।
निद्दोसाण वि दोसा संभाविज्जंति लोएहिं" ॥ ११८६ ॥

अर्थ :—नवयुवतिओ, यतिओ अने बाळको भले निर्दोष होय पण जो एकला होय तो तेमां लोको दोषनी संभावना करे छे. आगळ वधी लेखक एक शाश्वत सत्य सुंदरीना मुखे उच्चारे छे. तेओ कहे छे

कन्या जन्मे त्यारे शोक करावे छे; उंमरे मोटी थाय त्यारे चिंता करावे छे अने परणे त्यारे खर्च करावे छे. आ रीते कन्यानो बाप हंमेशनो दुःखीयो ज होय छे. जुओ :—

"उप्पण्णाए सोगो वड्ढंतीए य वड्ढए चिंता ।
परिणीयाए उदन्तो जुवइपिया दुक्खिओ निच्चं" ॥ १।८८ ॥

केटलुं वास्तविक चित्र!

महेश्वरसूरिनां शिक्षासूत्रो जेटलां सचोट छे तेटलां मौलिक छे. एमां भरेल विशाल ज्ञानराशि अने अनुभवयुक्त ठावकापणुं लगभग अद्वितीय छे. "पंचतंत्र"मां के "हितोपदेश"मां जे हितशिक्षाओ प्रत्येक वार्त्तामां गोठवेल छे तेवी ज अहिंआ पण आख्याने आख्याने आपणने जडी आवे छे. आ शिक्षासूत्रो तेमना पूर्ववर्ती साहित्यमांथी महेश्वरसूरिए शब्दफेर साथे तफडावी काढ्या होय एम पण देखातुं नथी. कारण के दरेक शिक्षासूत्र एटलुं मौलिक देखाय छे के आपणने जराय एम लाग्या विना रहेतुं नथी के लेखकनां अनुभवमांथी अने सूक्ष्म निरीक्षणमांथी ए हितशिक्षा सीधे सीधी टपकी शब्दनुं स्वरूप पकडे छे. मारी आ मान्यता मने एम कहेवा प्रेरे छे के लेखक समाजना अने संसारना ऊंडा अभ्यासी हता. ते उपरांत आ अनुभव तेमणे कोई बीजा पासेथी मेळव्यो हतो एम पण नहि परंतु तेओए पोते गृहस्थ जीवन सारी रीते भोगव्युं होवुं जोईए. अन्यथा एमनी उक्तिओमां जे सामर्थ्य अने वेग छे ते संभवी शके नहि. मानी पुरुषोना मनने दुःख आपनार वस्तुनी गणना करती वखते लेखक कहे छे :—

"अब्भक्खाणमकज्जं कज्जविणासो रिणं च गुणनिंदा ।
पच्चुवयाराकरणं दूमंति हु माणविहवाण" ॥ १।९२ ॥

अर्थः—कलंक, अकार्य, कार्यनुं वगडवुं, देवुं, गुणनिंदा अने प्रत्युपकार न करवो आटलां वानां मानी पुरुषोने दुःख दे छे. सर्व भयमां मरणनो भय सौथी मोटो छे. माणस मरवानी तैयारीमां होय छतां मरण गमतुं नथी ए बतावबा सूरिश्री कहे छे :—

"अंगीकए वि मरणे मरणभयं तह वि होइ जीवस्स ।
कडुओसहस्स पाणं कडुयं चिय नियमओ जेण" ॥ १।१०१ ॥

अर्थः—मरण अंगीकृत कर्युं होय छतां पण जीवने मृत्युनो भय होय ज छे कारण के कडवा औषधनुं पान नियमपूर्वक कडवुं ज होय छे. स्त्री कदि पण निराधार होती ज नथी. स्त्री स्वभाव ज एवो छे के गमे ते अवस्थामां एने स्वामी तो जोईए ज. आ अनुभवजन्य घटना सूरिवर्य निम्नोक्त सुभाषितमां गोठवे छे :—

"जणओ कुमारभावे तारुन्ने तह य होइ भत्तारो ।
विद्धत्तणंमि पुत्तो न कया वि णिरासिआ नारी" ॥ १।१७९ ॥

अर्थः—कौमार्य वखते बाप, जुवानीमां धणी अने वृद्धावस्थामां पुत्र रक्षण करे छे. नारी कदि निराश्रित होती ज नथी. "Suspicion in friendship is poison" ए त्रिकालाबाधित सत्य लेखक निम्नोक्त सुभाषितमां गोठवे छे :—

"जुत्ताजुत्तवियारो जह कीरइ इयरलोयवयणेसु ।
तह जइ वल्लहभणिए ता णेहो कित्तिमो नूणं" ॥ १।२३२ ॥

अर्थः—योग्य वचन छे के अयोग्य ए विचार बीजा लोकोना वचन परत्वे करवामां आवे ए तो जाणे के ठीक; परंतु ए जो प्रियजनना संबंधमां करवामां आवे तो तो पछी ए स्नेह कृत्रिम ज छे एम ज समजवुं जोईए. पाके घडे कांठा न चडे ए वर्तमान लोकोक्ति ते वखते केटली प्रचलित हती तेनुं प्रमाण निम्नोक्त सुभाषित पूरूं पाडे छे :—

"बालाणं तरुणाणं लग्गइ चेट्ठा सुहेण लोयाणं ।
कीरंति नेय जेणं इह कया पक्कमंडाणं" ॥ १।२४४ ॥

प्रियमेलिकानो स्पर्श ज्यारे द्रमकने थाळे छे त्यारे द्रमक विचार करे छे के आवी रूपवती कन्या अत्यारसुधी अविवाहित रहे नहिं कारण के पाकेली अने स्वादु रसामां आवती बोरडी कोई पण छोडे नहि :—

न हु पहि पक्का बोरी छुट्टइ लोयाण जा खज्जा ॥ १।२८६ ॥

प्रियमेलिकाने मुकीने—छोडीने द्रमक पण चाल्यो गयो ते वखते प्रियमेलिका पोताना जीवनने धिक्कारे छे. एनी उपर फीटकार वरसावे छे ते वखते लेखक तेनी पासे बोलावे छे के स्त्रीनो भव ए ज दुःखनुं कारण छे; तेमां पण बाळविधवापणुं अने भाग्यहीनता ए तो विशेष दुःखदायक छे. सूरिश्री दृष्टांत आपी समजावे छे के ते तो गुमडा उपर फोल्लो थाय तेना जेवुं छे. जुओ :—

"इत्थियत्तं चेव दुहं तस्सेव य अइदुहं च दोहग्गं ।
रंडत्तं बालाए जह पिडओ गंडउवरम्मि" ॥ ३।२३९ ॥

एके बीजा पासेथी सांभळ्युं; बीजाए त्रीजाने कह्युं अने त्रीजाए पोताना वरतुं उमेरी मीठुं, मरचुं, मरी किंवदन्तीने वहेती मुकी. ए किंवदन्तीमां तथ्य जराय होतुं नथी, छतां निर्दोष माटे तो ए खरेखर प्राणघातक निवडे छे. एटले एवी किंवदन्ती अथवा लोकापवाद तरफ कथालेखक पोतानी घृणा दाखवतां कहे छे के माणसो एक बीजा उपर विश्वास मुकी निर्दोषने व्यर्थ दंडे छे. जेवी रीते आकाश रंग विनानुं होवा छतां लोको तेने नीलवर्णुं कल्पे छे. जुओ :—

"निद्दोसं पि हु लोओ निंदइ लल्लोलवयणपच्चइओ ।
वन्नरहियं पि जेणं भणइ जणो नीलमायासं" ॥ १।३५५ ॥

लाकडे मांकडुं वळगाड्युं होय त्यारे अथवा एक बीजानी पसंदगीने जराय लक्ष्यमां राखवामां आवी न होय ते वखते, दंपती-जीवन दुःखदायक तो बने ज छे; पण ए उपरांत हास्यपात्र पण बने छे ए तरफ अंगुलिनिर्देश करतां कथालेखक जयसेन अने शीलवतीना योग्य संयोगने अनुलक्षी कहे छे के रूप-लावण्य वगेरेमां एक बीजाथी जुदा पडतां युगलोनो संयोग कष्टदायक ज नहि पण हळमां जोडेल ऊंट अने बळदना संयोगनी माफक दुःख अने अशोभाकारक पण बने छे. जुओ :—

"मिहुणाणं संजोगो रूवाइविलक्खणाण अइदूरं ।
दुक्खाऽसोहा-जणओ उट्टबलिद्दाण व हलंमि" ॥ १।३०६ ॥

आगळ चाली विद्वान लेखक याचनानुं माहात्म्य समजावतां दृष्टांत आपे छे के जेवी रीते कर्णराजाए विष्णु भगवानने शरीरनुं बख्तर पण आप्युं हतुं तेवी रीते याचना कोई करे त्यारे तेनी योग्यतायोग्यतानो विचार सरखो पण नहि करवो जोइए. जुओ :—

"अहवा जुत्तमजुत्तं पुण्णं न गणंति पत्थणे गरुया ।
दिन्नं कण्णेण जओ विण्हु(ण्हु)स्स सरीरकवयं पि" ॥ १।४३३ ॥

अहिंआ एटलुं जणाववुं जरूरनुं छे के कर्णे पोतानुं शरीर विष्णुने नहि पण इन्द्रने बख्तररूपे उप-योग करवा आप्युं हतुं एटले "विण्हु" शब्दने बदले "जिण्हु" नामनो इन्द्रवाची शब्द पाठांतररूपे कल्पवो जोइए. बीजी प्रतिओ न मळे अने आ कल्पनाने समर्थन न मळे त्यांसुधी निश्चितरूपे न कही शकाय. पत्नी, लक्ष्मी, मित्र अने शास्त्रनुं फळ शुं छे ए संबंधे लेखके आपेलु एक सुभाषित खूब ज अनुभवपूर्ण छे. तेओ कहे छे के पत्नीनुं फळ रति अने पुत्र; लक्ष्मीनुं फळ दान अने भोग, मित्रनुं फळ निवृत्ति अने शास्त्रोनुं फळ धर्म छे. जुओ :—

"रइपुत्तफला भज्जा लच्छी वि हु दाणभोगफलसारा ।
निव्वुइफलो य मित्तो धम्मफलाइं च सत्थाइं" ॥ १।४४० ॥

विश्वधर्म जेवी कोई वस्तु होई शके नहि. एक ज धर्म स्थापवो ए तो एक घेलछा मात्र छे. उपदेश सौ कोईने एक रूपे परिणमतो ज नथी. माटे पोताना मत तरफ सौ कोई वळे एवुं इच्छवुं ए तद्दन व्यर्थ छे ए दर्शाववा कविश्री महेश्वर सूरि कहे छे के सघळा जीवोने पोते जे ग्रहण कर्युं ते ज ग्रहण कराववा कोण समर्थ थई शके ? ब्रह्मा, मनु अने मांधाता वगेरे घणा होवा छतां एक जगतने एक मतवाळुं के एक धर्म-वाळुं करी शक्या नहि तो अन्यथी शुं थई शके ? जुओ :—

"बंभाइएहिं मणुमाइएहिं मंधत्तमाइराईहिं ।
जयमेगमयं काउं न सक्किउं बहुहि किमणेण?" ॥ १।४८४ ॥

लांवा वखतनी दीक्षा के विविध विषयनुं विपुल ज्ञान मोक्षप्राप्ति माटे जरूरनुं नथी. शुभ भाव विना बधुं नकामुं छे. क्रिया करवाथी भावशुद्धि न थती होय तो ए क्रियानो कांई अर्थ नथी. क्रिया ए तो आत्मानो व्यायाम छे. ए व्यायाममांथी शुद्धभावनुं नवुं लोही सर्जवानुं छे. आम न बने तो क्रियाकांडनो कांई अर्थ नथी. जयसेने थोडा ज वखतमां कैवल्य प्राप्त कर्युं ज्यारे घणी लांवी प्रव्रज्याना पर्यायवाळा हजु ज्यां ने त्यां ज पड्या हता. ए दर्शाववा महेश्वरसूरि कहे छे:—

"चिरपव्वज्जा नाणं एयं न हु कारणं हवइ मोक्खे ।
जस्सेव सुहो भावो सो चेव य साहए कज्जं" ॥ १।५०२ ॥

झाझी स्त्रीओ एक ठेकाणे भेगी थई होय एमां सारावाट नहि तेमज झाझा कागडाओ देखाय तो ते पण अशुभसूचक छे; झाझा डरपोक माणसो भेगा थया होय त्यां पण कांई भलीवार न होय. आ लोकमान्यता कविश्री निम्नोक्त गाथा द्वारा जणावे छे:—

"कागा कापुरिसा वि य इत्थीओ तह य गामकुक्कडया ।
एगट्ठाणे वि ठिया मरणं पावेंति अइबहुहा" ॥ १०।४५२ ॥

आवा तो सेंकडो सुभाषितो आख्याने आख्याने वेरायेला मळी आवे छे परंतु ए वधाने चर्चवानो अहिं अवकाश नथी. आ सुभाषितोनो बरावर अभ्यास कर्या पछी आपणने ए निश्चित रीते विदित थाय छे के श्रीमहेश्वर सूरि समाजना, संसारना अने स्त्री मानसना अजोड अभ्यासी हता. अन्य आख्यानोमां आवतां थोडां बीजां सुभाषितो जोईए.

वैभवथी जे फूलातो नथी अने यौवनकाळे विकारने वश थतो नथी ते देवोने पण पूज्य छे तो मनुष्यमां पूजनीय बने एमां नवाई शी ? अनासक्त योगीनी सर्वधर्मसामान्य ए व्याख्या महेश्वर सूरिने पण मंजूर छे, ए आ सुभाषितथी आपणने जाणवा मळे छे:—

"विहवेण जो न भुल्लइ जो न वियारं करेइ तारुन्ने ।
सो देवाण वि पुज्जो किमंग पुण मणुयलोयस्स?" ॥ २।९५ ॥

"जन्मना जायते शूद्रः संस्कारी द्विज उच्यते" आ चतुर्वर्णनियामक तटस्थ अने उदार व्याख्यानुं सुरेख प्रतिबिंब, स्त्री—पुरुषना लक्षणकथन संबंधे वापरेल निम्नोक्त सूक्तिमां आपणी नजरे चडे छे:—

"मायाइविलसिएणं पुरिसो वि हु इत्थिया इहं होइ ।
इत्थी वि सरलहियया पुरिसो इह होइ संसारे" ॥ ३।१७ ॥

खरूं ज छे के मायादिदुर्गुणवाळो पुरुष स्त्री करतां जराय न्हडीयातो नथी ज्यारे सरलहृदयी स्त्री पुरुष करतां से'ज पण उतरती नथी.

महेश्वर सूरिनो संसारनो तथा समाजनो अभ्यास केटलो वेधक अने विशाळ हतो ते तेमणे वापरेल सातमा आख्याननना एक व्यावहारिक सुभाषित उपरथी आपणने जाणवा मळे छे. तेओ माने छे के संसार उपर ज स्वर्ग अने नरकनो अनुभव थई रहे छे, तो पछी शास्त्रमां वापरेल स्वर्ग अने नरकना अस्तित्वसूचक परोक्ष कथनो विषे शा माटे अविश्वास धरावत्रो जोईए? Instead of going to heaven we can bring down heaven on earth. संसारमां स्वर्गनां सुख अनुभववां होय, देवलोकना दिव्यानंद अने मजा–मस्ती लूंटवां होय तो एक तो खराब स्त्री न होवी जोईए, बीजुं दारिद्र्य न होवुं जोईए, त्रीजुं व्याधिओ न होवा जोईए अने चोथुं संतानमां कन्यानुं बाहुल्य न होवुं जोईए. आटलां वानां होय तो संसार ए स्वर्ग-तुल्य ज छे; अन्यथा ते नरक समान छे. आ चार वस्तु जेनी पासे होय ते जीवननो रसास्वाद माणी शके. सातमा आख्यानमां पद्माभ नामना द्विजने तेनी स्त्री धन्या पासे निम्नोक्त गाथा तेओ कहेवडावे छे:—

"दुकलत्तं दालिद्दं वाही तह कन्नयाण बाहुल्लं।
पच्चक्खं नरयमिणं सत्थुवइट्ठं च चि परोक्खं" ॥ ७।६ ॥

जैन साधु माटे लगभग अस्पृश्य गणाता राजनीति जेवा गहन विषय उपर पण पोतानो द्रढ अने अनुभवसूचक अभिप्राय सूरिवर्ये जणाव्यो छे. तेओ कहे छे के कर्णधार विनाना वहाण जेवी स्थिति अमात्य अने शिष्टजन विनाना राज्यनी छे:—

"कण्णद्धारविहीणं बोहित्थं जह जलंमि डोलेइ।
सिट्ठमहंतयरहियं रज्जं पि हु तारिसं होइ" ॥ ८।२१ ॥

शकुन शास्त्र जेवा व्यावहारिक विषयना संबंधमां परापूर्वथी चाली आवेली एक रूढिने सूरिवर्ये सूक्तिमां सुंदर रीते गुंथी काढी छे. आंधळो, कुष्ठना रोगवाळो, लंगडो, होठ कपलो, नाक–कान विनानो—आटलाने प्रस्थान करती वखते शुभ फळनी आशा सेवनारे प्रयत्न पूर्वक वर्जवा:—

"अंधो कुट्ठी पंगू छिन्नोट्ठो छिन्नकन्ननासो य।
पढमं चिय चलिएणं वज्जेयव्वा पयत्तेणं" ॥ ९।१० ॥

कामदेवना सर्वविजयीपणा विषे अने संगीतशास्त्रनी प्रासादिकता विषे सूरिश्री दसमा आख्यानमां कहे छे के संगेमरमरनी पूतळी सदृश कोई नाजुकनयनीना हावभावथी अने संगीतना मधुर आलापथी जेनुं हृदय मुग्ध थतुं नथी ते कां तो पशु छे अथवा देव छे:—

"वरजुवइविलसिएणं गंधव्वेणं च एत्थ लोयंमि।
जस्स न हीरइ हिययं सो पसुओ अहव पुण देवो" ॥ १०।२९४ ॥

आटली चर्चा पछी आपणे एम कहेवानी स्थितिमां जरूर छीए के **"नाणपंचमी"** एक एनी ज जातिनो अलौकिक पर्वकथा ग्रन्थ छे. तेना विद्वान लेखक श्री महेश्वर सूरि एक प्रकांड पंडित, कुशाळ कवि, अठंग अभ्यासी अने निपुण निरीक्षक हता.

प्राकृत भाषा अने संघ विषेना महेश्वर सूरिनां "नाणपंचमी" कथान्तर्गत मन्तव्यो

*

प्राकृत भाषा

"नाणपंचमी" कथाना लेखक श्री महेश्वर सूरिनो प्राकृतभाषा तरफ पक्षपात हतो. "मंदबुद्धिवाळा मनुष्यो संस्कृत काव्यना अर्थने जाणी शकता नथी तेथी सौ कोईथी सुखेथी समजी शकाय तेवुं आ प्राकृत रच्युं छे. गूढार्थवाळा देशी—प्राकृत शब्दोथी रहित, अत्यंत सुंदर वर्णोथी रचेलुं, आनंददायक प्राकृत काव्य

कोना हृदयने सुख आपतुं नथी? परोपकाररत पुरुषे तो आ लोकने विषे ए ज भाषा बोलवी जोईए के जेनाथी बालादिक सर्वने विशेष बोध थई शके."[७८]

उपर्युक्त शब्दोमां प्राकृतभाषा तरफनी पोतानी अभिरुचि श्री महेश्वर सूरिए असंदिग्धपणे अने खूब ज आग्रहपूर्वक बतावी छे. एटले प्राकृतभाषानी उपयोगिता, तेनो संस्कृत साथेनो संबंध, तेनी हृदयंगमता, सुखबोधकता अने तेना तरफना सर्वव्यापी आदरभाव वगेरे विषे—खूद भगवान् महावीरथी मांडी प्राचीन, अर्वाचीन जैन—जैनेतर विद्वान वगेरेए जे कांई कह्युं छे तेनी टूंक नोंध, लेखकना प्राकृत तरफना प्रेमने पूरो न्याय आपवा, लेवी अत्रे आवश्यक छे.

अर्हंतो धर्मनी प्ररूपणा अर्धमागधी (प्राकृतनो ज शौरसेन्यादिनी माफक एक भेद) भाषामां करे छे.[७९] औपपातिकसूत्र जणावे छे के भगवान् महावीर कूणिकने अर्धमागधी भाषामां धर्मोपदेश आपता हता.[८०] अर्धमागधी भाषा जे बोले—वापरे तेने "भाषार्य" (भाषा + आर्य) कहेवा एम प्रज्ञापनाकार श्यामाचार्य कहे छे.[८१] भगवतीसूत्रमां कह्युं छे के देवो पण अर्धमागधी भाषाने प्रिय गणे छे अने बोलाती (कथ्य) भाषाओमां ते ज भाषाने विशिष्ट स्थान छे.[८२]

आगमो माटे अर्धमागधी भाषा पसंद करवामां भगवान् महावीरनी सफळ दीर्घदृष्टिनुं आपणने अमोघ दर्शन थाय छे. दृष्टिवाद नामना बारमा अंग सिवायना बधा कालिक, उत्कालिक अंगसूत्रोने प्राकृतमां बोधवामां अने रचवामां स्त्री—बाल वगेरे जीवोने ते वांचवामां सरळता रहे ए ज एक शुभाशय हतो.[८३] दशवैकालिक टीकामां याकिनीसूनु हरिभद्रसूरि पण एक श्लोक उद्धृत करी ए ज तात्पर्यनुं कहे छे.[८४] सर्व सिद्धान्त ग्रंथोने संस्कृतमां रूपांतरित करवानी इच्छामात्र ज सेवनार सिद्धसेन दिवाकरजीने श्री महानुभाव संघे पारांचिक नामनुं प्रायश्चित फरमाव्युं हतुं. आ घटना श्री संघना सर्वोपरिपणानी जेटली द्योतक छे तेटली ज सौ कोईए अर्धमागधी भाषा ज वापरवी ए बाबतना आग्रहनी व्यंजक छे—समर्थक छे.[८५] अहिं तो, गणधरो, पूर्वधरो के विद्वान मुनिवरोने संस्कृत भाषा आवडती नो'ती एम नो'तुं. तेओए संस्कृतमां पण प्रकांड विद्वत्ताथी भरपूर भाष्यो, टीकाओ वगेरे तेम ज अनेकानेक संग्रहग्रन्थो लख्याना दाखलाओ प्रकट थया छे अने कोण जाणे केटलाय हजु अप्रकट पण हशे!

---

७८ सक्कयकव्वस्सत्थं जेण न जाणंति मंदबुद्धिया।
सव्वाण वि सुहबोहं तेण इमं पाइयं रइयं ॥
गूढत्थदेसिरहियं सुललियवन्नेहिं गंथियं रम्मं।
पाइयकव्वं लोए कस्स न हिययं सुहावेइ? ॥
परउवयाररएणं सा भासा होइ एत्थ भणियव्वा,
जायइ जीए विबोहो सव्वाण वि बालमाईणं ॥
—नाणपंचमीकहा, १; ३–५.

७९ समवायांगसूत्र, ३४. (आगमोदय समिति प्रकाशित) पृ. ६०.

८० औपपातिकसूत्र (आ. स. प्र.) पृ. ७७.

८१ प्रज्ञापनासूत्र (आ. स. प्र.) पृ. ५६.

८२ भगवतीसूत्र (आ. स. प्र.) पृ. २३१.

८३ वर्धमानसूरिकृत आचारदिनकरमां उद्धृत, उ. १५.

८४ हरिभद्रसूरिकृत दशवैकालिक टीका, पत्र १०१.

८५ प्रो. गोपाणी अने आठवले अनुवादित सन्मतितर्क (पं. सुखलालजी अने बेचरदासजी संपादित) नी अंग्रेजी प्रस्तावना, पृ. २७.

ते जमानो ब्राह्मणोनी आपखुद सत्तानो हतो. तेमनो अहं जीवनना नाना मोटा दरेक प्रसंगमां जेम सुस्पष्टरीते तरी आवतो हतो तेम भाषाप्रयोग संबंधे पण थयुं. संस्कृत भाषा विद्वानोनी भाषा छे. एनो अर्थ प्राकृतभाषाभाषी वर्ग विद्वान नथी एम न करवो जोईए. एनो सीधो अने एक ज अर्थ ए छे के संस्कृत भाषा वापरवामां अने समजवामां स्त्री–बाल–मूर्ख अने मंदबुद्धि, माणसोने एक खास विशिष्ट प्रयत्ननी जरूर छे जे विशिष्ट प्रयत्न आर्थिक, सामाजिक के स्वाभाविक कारणे तेओ न करी शके. तो पछी समाजना आ मोटा भागने संस्कृतिथी विमुख राखवो? साक्षरतानो ईजारो संस्कृतभाषाभाषी लोकोए ज राखवो? आ प्रश्नो से'जे उपस्थित थाय. ब्राह्मण विद्वान वर्ग पोताना अहंने एकदम त्यजी दे ए पण लगभग अशक्य जेवुं हतुं. तेथी भगवान् महावीरे अर्धमागधीमां अने भगवान् गौतमबुद्धे पालीमां, ब्राह्मणोनी आपखुद सत्ता सामेना विरोध तरीके अने पोताना धर्मोपदेशना मोजाओ आबाल–गोपाल सुधी पहोंची शके ए ज एक परोपकारमय शुद्ध हेतुथी पोतपोताना सिद्धांतोनी प्ररूपणा करी. आ प्रथा स्थापवामां ए बन्ने धर्मप्रवर्तकोनी निरहंता अने व्यवहारदक्षता जणाई आवे छे. टूंकामां, संस्कृतभाषाभाषी पुरुष साक्षर अने प्राकृतभाषाभाषी निरक्षर ए जूना वखतथी घर घाली गयेली मान्यता कोई पण जातना आधार विनानी छे ए, आ उपरथी, स्पष्ट थई जवुं जोईए.

संस्कृत पहेली अने पछी प्राकृत अर्थात् संस्कृतमांथी प्राकृत उद्भवी ए रूढ मान्यता पण एटली ज भ्रामक अने पूर्वग्रहथी भरेली छे. आ संबंधमां प्रथम ज मारे निर्विवादपणे कही देवुं जोईए के संस्कृत प्राकृतनी योनि के प्राकृत संस्कृतनी योनी ए वस्तु आपणे इतिहासथी सिद्ध करी शकीए तेम नथी. बन्ने पक्षे विचारणीय दलीलो छे.[८६] आ बाबत तो आपणे मनुष्यमानसथी ज निश्चित करी शकशुं. मानस–शास्त्रना अमुक मूळभूत सिद्धांतो त्रिकालाबाधित सनातन सत्य जेवा छे. एटले वर्तमान समाजमां प्रवर्तती सामान्य मनोवृत्ति तरफ जो आपणे दृष्टि करशुं तो पण आ बाबतनो खरो ख्याल आपणने मळशे. कोई पण समाज कोई पण एक काळे एकभाषाभाषी हतो ए कल्पवुं तद्दन अशक्य छे. संस्कारवाळी भाषा अने संस्कारविहोणी भाषा ए वस्तु तो सदा सर्वदा रहेवानी ज. ज्ञानना तरतमभावे आ भेद शाश्वत छे. साक्षरता–निरक्षरताना सर्जनजूना भेद–प्रभेदो सर्व काळे विद्यमान हता अने रहेशे. एटले आटलुं तो हवे स्पष्ट ज छे के संस्कृत प्रथम नहि, तेम ज संस्कृतभाषाभाषी ज विद्वान् एम नहि. संस्कृत भाषा अल्पसंख्यकनी भाषा अने प्राकृत भाषा बहुसंख्यकनी भाषा–आ एक ज सत्य निरपेक्ष सत्य छे.

संस्कृतने दुर्जनोना हृदय जेवुं दुःखे ग्रहण करी शकाय तेवुं दाक्षिण्यचिह्न उद्योतन सूरि पोतानी वि. सं. ८३५मां रचेली मनाती प्राकृतभाषाबद्ध कुवलयमाळा कथामां कहे छे.[८७] वि. सं. ९६२मां थयेल मनाता प्रकांड पंडित सिद्धर्षि पोताना उपमितिभवप्रपंचा नामना अति विस्तीर्ण कथाग्रंथमां संस्कृत अने प्राकृत ए बंने भाषाओ प्राधान्यने योग्य छे एम कहे छे अने उमेरे छे के संस्कृत ते दुर्विदग्धोना हृदयमां वास करी रही छे ज्यारे प्राकृत के जे बालकोने अने बालाओने पण सद्बोध करनारी अने कानने गमे तेवी होवा छतां पण ए पंडितप्रवरोने गमती नथी.[८८] मंदबुद्धिवाळा माणसो संस्कृत काव्यनो अर्थ जाणी

---

८६ पं. हरगोविंददास कृत "पाइय–सद्द–महण्णवो", उपोद्घात पृ. १ थी १२ तथा ४८ थी ५१.

८७ कुवलयमाला कथा (जे. भा. ता. प्र.), पत्र ५७, ५८. (आ कथारत्ननुं संपादन आचार्य जिनविजयजी करी रह्या छे).

८८ उपमितिभवप्रपंचाकथापीठ, श्लो० ५१–५३.

शकता नथी एम श्री महेश्वर सूरिए कह्युं छे ते तो आपणे आगळ जोयुं. हरिभद्रसूरि, दाक्षिण्यचिह्न उद्योतन सूरि, सिद्धर्षि, तथा महेश्वर सूरिए करेली प्रशंसा उपर, जैन विद्वानोए ए करेली छे एवो आक्षेप कदाच करवामां आवे. ए माटे जैनेतर विद्वानोना अभिप्रायो तपासवा जरूरी छे.

“वैद्यरहस्य” जेवा प्रसिद्ध जैनेतर ग्रंथमां प्राकृतने अर्धभाग गणावी संस्कृतनी समकक्ष स्थापी छे.[८९] कवि दंडी पोताना “काव्यादर्श” नामना अलंकार ग्रन्थमां प्राकृतना वखाण करे छे;[९०] त्रिविक्रमदेव पोताना “प्राकृतशब्दानुशासन”मां प्राकृतने अनल्प अर्थवाळुं अने सरळताथी उच्चारी शकाय तेवुं गणे छे—गणावे छे; विक्रमीय दसमी शताब्दिमां थयेल मनाता यायावरीय कवि राजशेखर पोताना “कर्पूरमंजरी”मां संस्कृत अने प्राकृतने, कठोरता अने सुकुमारतानी दृष्टिए, अनुक्रमे पुरुष अने स्त्री साथे सरखावे छे; प्राकृत काव्यना लालित्यादि गुणो माटे जयवल्लभे “वज्जालग्ग”मां तो मुक्त कंठे वखाण कर्युं छे; वाक्पतिराजे पोताना “गउड वहो” काव्यमां प्राकृतमांथी संस्कृत नीकळ्युं छे एम स्पष्ट जणाव्युं छे;[९१] भूषणभट्टना पुत्र कुतूहले पोतानी प्राकृत “लीलावई कहा”मां एक स्त्री—पात्रना मुखे प्राकृतना भारोभार वखाण कराव्या छे.[९२] आ रीते “वैद्यरहस्य”ना रचनार, दंडी, त्रिविक्रमदेव, राजशेखर, जयवल्लभ, वाक्पतिराज अने कुतूहल जेवा विश्रुत जैनेतर विद्वानना मुखेथी पण प्राकृतभाषाना यशोगान गवाया छे.

नाट्यशास्त्रमां पण प्राकृतने विशिष्ट स्थान छे. “दशरूपक”ना रचनार कवि धनंजय स्त्रीओनी भाषा प्रायः प्राकृत होय छे एवुं सूत्र स्थिर करे छे.[९३] ए उपरांत अलंकारशास्त्र, व्याकरण, प्राकृत कोशो, छंदःशास्त्र, कथाओ, ऐतिहासिक ग्रन्थो, चरित्रो वगेरे वगेरे प्राकृत साहित्यमां पुष्कळ लखायुं छे. राजा-महाराजाओए पण प्राकृत वाङ्मय खेड्युं छे. कविवत्सल सातवाहननी “गाथासप्तशती”, प्रवरसेननो “सेतुबंध” तथा महाराजा यशोवर्मानां आश्रित सामंत वाक्पतिराजनो “गउडवहो” आना दृष्टांत छे. आ रीते प्राकृत वाङ्मय, संस्कृतनी माफक, सर्व दिशामां खेडायेलुं छे ए आपणे जोयुं अने सर्वे सर्वे प्राकृतनी सुखबोधकता, हृदयंगमता, मधुरता, स्वादुता वगेरे विषेना जैन—जैनेतर विद्वानोना अमूल्य अभिप्रायो पण तपास्या. महेश्वर सूरिए प्राकृतनी सरळता विषे कहेला उद्गारोनुं रहस्य आपणने हवे बराबर समजायुं होवुं जोईए.

संघ

संघ तरफनो श्री महेश्वर सूरिनो अनुकरणीय आदरभाव खास नोंधवा जेवो छे. ज्ञान, दर्शन अने चारित्र्यनी त्रिपुटीनो आधार एकंदरे गणो तो महानुभाव संघज छे. संघनी पूजा करो, संघनुं बहुमान करो के संघनी आराधना करो एटले परंपराए ज्ञाननी आराधना न थई. संघ पण योग्य नायकनी, ज्ञानीनी, गुणीनी कदर क्यां नथी करतो? तो पछी संघना प्रोत्साहन विना एक डगलुं पण आगळ वधी शकाय तेम नथी. वात्सल्य, अनुशास्ति, उपबृंहणा वडे संघ भव्य जीवना उपकारमां हंमेशां तत्पर होय छे. देवो जेमनां चरणोने पूजे छे, चौद राजलोक जेनी पासे हस्तामलकवत् देखाय छे एवा निर्दोष तीर्थंकर भगवान् पण

८९ वैद्यरहस्य, प ३७, ३८.

९० काव्यादर्श, १, ३४.

९१ गउडवहो; ६५, ९२–९४.

९२ आ कथाग्रन्थनुं संपादन प्रो० डॉ. ए. एन. उपाध्ये ए कर्युं छे अने ते सिंघी जैन ग्रंथमाळामां हमणां ज प्रकाशित थयो छे.

९३ दशरूपक, परिच्छेद २, ६०.

संघने प्रथम वंदन करे छे तो पछी बीजा माणसोए तो तेम करवुं ज जोईए एमां नवाई शी?[१४] अर्धमागधीमां लखायेला आगमग्रन्थोने संस्कृतमां रूपांतरित करवानी इच्छा करनार सिद्धसेन दिवाकरने शिक्षा करनार पण संघ ज हतो.[१५] अर्थात् चतुर्विध संघनी कल्पना अने स्थापना धर्मना संरक्षण माटे ज छे; माटे चतुर्विध संघ तरफनो भक्तिभाव दरेक धर्मी पुरुषे बताववो ज जोईए.

विक्रमीय छट्ठी शताब्दिनी प्रथम पचीसीमां लखाएल देववाचक क्षमाश्रमणना नंदीसूत्रमां संघनुं काव्यमय वर्णन करवामां आवेलुं छे जेनो भावार्थ आ प्रमाणे छे:—"संघस्वरूप महामंदरगिरिने विनयपूर्वक वंदन करूं छुं. (ते संघ केवो छे?) सम्यग्दर्शन ए ज श्रेष्ठ वज्र छे जेनुं; द्रढ, रूढ, गाढ अने अवगाढ जेनुं पीठ छे; धर्म ए ज तेना उंचा शिलातलोथी शोभनारा अने चमकनारा चित्रविचित्र कूट छे; सद्भावयुक्त शील ए तेनुं सुगंधयुक्त नंदनवन छे; जीवदयारूपी तेनी सुंदर कंदराओ छे अने उत्साही मुनिवररूपी मृगेन्द्रोथी भरायेली छे; कुतर्कनो विध्वंस करनार सेंकडो हेतुओ ते मंदरगिरिना धातुओ छे; सम्यग्दर्शन तेनुं रत्न छे; औषधिथी परिपूर्ण गुफाओनी गरज लब्धिओ सारे छे; संवररूपी श्रेष्ठ जलनो वहेतो अखंड प्रवाह ए तेनो हार छे; श्रावकगणरूपी शब्द करनार मोरोथी तेनी खीणो गाजी रही छे; विनयविनम्र यतिओने तेना शिखर साथे सरखाव्यां छे; अनेकविध सद्गुणो तेना कल्पवृक्षोनां वन छे अने ज्ञान ए ज श्रेष्ठ मणिओथी सुशोभित अने स्पृहणीय तेनी विमल चूलिका छे."[१६]

उपर्युक्त वर्णन घणुं ज अलंकारमय छे छतां तद्दन साचुं छे. संघ ए सर्वस्व छे. संघ पाछळनी भगवान् महावीरनी मूळभूत कल्पनाने आपणे बराबर तपासीए तो संघनी किंमत अने महेश्वर सूरिए करेली संघप्रशस्तिनी यथार्थता आपणने बराबर समजाय.

भगवान् महावीरे वर्णने उडाडी त्यागना सिद्धांत उपर पोतानी संस्थाना बे मुख्य वर्ग पाड्या. एक घरबार विनानो, कुटुंबकबीला रहित, अपरिग्रही, पर्यटनशील, अनगार वर्ग अने बीजो परिवारमां राचनार, एक ठेकाणे स्थान जमावीने लगभग स्थिर जेवो अगारी वर्ग. प्रथम वर्ग संपूर्ण त्यागी. एमां पण स्त्री अने पुरुष बन्ने आवे. अने ते श्रमणी, श्रमण,—साध्वी, साधु कहेवाय. ज्यारे बीजो वर्ग संपूर्ण त्यागी नहि परंतु त्याग करवानी उत्कट अभिलाषावाळो. एमांय स्त्री—पुरुष बन्ने आवे. तेमना पारिभाषिक नाम छे श्राविका अने श्रावक. मूळ कल्पना तो ब्राह्मणोना चतुर्वर्णाश्रम उपरथी ज करवामां आवेली परंतु तेने एवो अनोखो ओप आपवामां आव्यो के जेथी जैनधर्मना संरक्षण माटे तेनो बराबर उपयोग थई शके. साधुसंघनी व्यवस्था

---

१४ अह पंचहिं हारेहिं पंचहिं रयणेहिं तह विभूसेउं।
संघस्स कुणइ पूयं जहसत्तीए महासत्तो॥
संघो महाणुभावो नाणाइतियस्स जेण आहारो।
पूइज्जंते तंमि उ नाणाई पूइयं होइ॥
तह उवयारपरो वि हु संघो जीवस्स होइ भव्वस्स।
वच्छल्लं अणुसट्ठिं उववूहणमाइ कुणमाणो॥
अन्नं च तियसनमिओ केवललच्छीइ संजुओ विमलो।
तित्थयरो वि हु भयवं आईए वंदए संघं॥
तम्हा सइ सामत्थे संघं पुएह सव्वकज्जेसु।
पाविह तओ उ मोक्खो भोत्तूणं विसयसोक्खाइं॥

—नाणपंचमीकहा, १; २३–२७.

१५ जुओ पादनोंध, ८५.

१६ नंदीसूत्र (आ. स. प्र.), पत्र ४.

साधुओ करे. एने माटे नियमो, विधि, विधानो, बंधनो वगेरे ते घडी काढे. श्रावकसंघना पण नियमो जुदा छे. छतां आ बन्ने वच्चे अंतर छे अथवा भिन्नता छे एवुं जराय नथी. कारण के अमुक साधारण बाबतो एवी छे के जेथी साधुसंघनो दाब श्रावकसंघ उपर अने श्रावकसंघनो अंकुश साधुसंघ उपर बराबर रीते जळवाइ रहे. बन्ने वच्चे सुंदर सहकारने संपूर्ण अवकाश छे.

आ व्यवस्थाना उत्पादक भगवान् महावीर छे एम पण नथी. भगवती जेवा अंगसूत्रोमां पार्श्वापत्यीओनी वातो आवे छे.[१७] केटलाक पार्श्वापत्यीओ भगवान् महावीर पासे जतां खचकाय छे; केटलाक प्रश्नो करे छे; केटलाक तर्क-वितर्को करे छे. भगवान् एवुं समाधान करे छे अने अंते ए पार्श्वापत्यीओ भगवान्नी साधुसंस्थामां प्रविष्ट थई जाय छे. अने साधुसंघ वळी पाछो जुदा रूपे दृश्यमान थाय छे. आ बधी व्यवस्था एक राजतंत्र जेवी आपणने लागे. आ उपरथी आपणे एम समजी शकीए के ए व्यवस्थाना बीज रोपनार केटला विचक्षण अने दीर्घदृष्टिवाळा हता! एकला भगवान् महावीरना ज वखतमां १४००० हजार श्रमणो अने ३६००० श्रमणीओ हती. साधुसंस्थामां स्त्रीओने पण समान कक्षामां मुकवानुं मान भगवान्ने ज फाळे नथी जतुं कारण के पार्श्वनाथना समयमां पण ए प्रथा प्रचलित हती. अलबत्त, भगवान् महावीरे घणी घणी बाबतोमां जुदो ओप, जुदां रूप, वगेरे वगेरे आप्यां छे ए निर्विवाद छे. भगवान् बुद्ध स्त्रीओने समान स्थान आपवानी बाबतमां महावीरथी कंईक अंशे जुदो मत धरावता हता; परंतु भगवान् महावीरे जोरशोरथी स्त्रीओने पण स्थान आप्युं, तेथी भगवान् बुद्धने पण स्त्रीओने समुचित स्थान आपवुं पड्युं. आ बधी रीते तपासतां जैनदर्शनमां चतुर्विध संघनुं मान अने स्थान अपूर्व छे. एटले प्रस्तुत ग्रंथमां श्री महेश्वर सूरिए करेली श्री संघनी स्तुति जराय अस्थाने नथी एटलुं ज नहि परंतु आवश्यक छे.

ग्रंथ संपादनमां उपयोगमां लीधेली प्रतिओनो परिचय

A:— जेसलमीर भांडारमांनी वि. सं. १००९नी सालमां लखायेल ताडपत्रीय प्रति उपरथी आ प्रति लखवामां आवी छे. प्रतिना प्रान्तभागमां जणाववामां आव्युं छे तेम तपागच्छना बुद्धिविमळ नामना कोई सूरिए वि. सं. १६५१नी सालमां आषाढ शुक्ल तृतीयाने दिने सोमवारे ज्यारे पुष्य नक्षत्रमां चंद्र हतो त्यारे आ प्रति लखीने पूरी करी हती. तेनी लंबाई, पहोळाई ८·८×४·२ इंच छे. अने बन्ने बाजु लखेला कुले बावन पृष्ठ छे. दरेक पृष्ठमां साधारण रीते सत्तर पंक्तिओ छे अने दरेक पंक्तिमां एकंदर बेंतालीस अक्षरो छे. दरेक पृष्ठनी बन्ने बाजुए. ८ इंचनो नानो हांसीओ राखवामां आवेल छे अने मध्यमां अनेकविध भूषा-चिह्नो छे. आठमा पृष्ठना हांसीआमां ६७थी ७१ गाथाओ टांकवामां आवी छे. मूळप्रतिनां गाथाओनो श्लोक तो जेमनो तेम सीधे सीधो चाल्यो जाय छे. एटले हांसीआ वाळी गाथाओ कोई बीजी प्रतिमां जोईने कोईए त्यां नोंधी होय एवो संभव छे. पारस्परिक संबंध तपासतां ग्रन्थवस्तु साथे तेनो मेळ होवाथी में ए गाथाओने मूळमां ज लई लीधी छे. आ पृष्ठना हांसीआमां एक पाठांतर पण नोंधवामां आवेल छे. जे शब्दो के अक्षरो मूळथी के प्रमादथी रही जवा पाम्या होय अगर काळदोषे भूंसाई जवा पाम्या होय तेने हांसीआमां कोईए नोंध्या छे. मूळ प्रतिना अक्षरो करतां आ अक्षरो जुदा पडता होई जेना हाथमां अगर मालिकीमां आ प्रति आवी होय एणे ए बधा नोंध्या होय एवी शक्यता छे. जे जे स्थळे अक्षरो भूंसाई जवानी संभावना जणातां ते ते स्थळे कोईए कागळनी चबरकी चोटाडी तेना उपर मूळ प्रतिना अक्षरो सरसरीते लखी प्रतिने शीर्णविशीर्ण थई जतां बचावी लीधी छे. आ चबरकी चोंटाडवानुं कार्य एटलुं दक्षतापूर्वक करवामां आव्युं

१७ भगवतीसूत्र, १, ९; २, ५; सूत्रकृतांग, २, ७, ५; राजप्रश्नीय, २१४.

छे के मूळ प्रतिना कागळनी अने चबरकीना कागळनी जूदी जूदी जातिनुं भान भाग्ये ज कोई वाचकने रहे के थवा पामे. बीजी प्रतिओमां होय छे तेम आ प्रतिमां पण हस्ताक्षरोनुं वैशिष्ट्य छे. प्रति सुंदर हालतमां छे अने हस्ताक्षरो पण मोतीना दाणा जेवा शुद्ध अने सरस छे. पाटण भंडारनी आ प्रति छे अने संपादनमां एनो मुख्य आधार लेवामां आव्यो छे कारण के ए घणी ज शुद्ध मालुम पडी छे.

A प्रतिनो प्रान्तभाग

इति श्री महेश्वरसूरिविरचितं पंचमीमाहात्म्यं समाप्तम् ॥ विक्रमादित्यसंवत्सरात् १००९ वर्षलिखिततांडपत्रीय-पुस्तकात् जेसलमेरुमहादुर्गे संवत् १६५१ वर्षे आषाढ शुक्ल ३ सोमवारे पुष्यनक्षत्रे तपागच्छाधिराजभट्टारक श्री श्री ५ श्री श्री आनंदविमलसूरीश्वर शिष्य पंडित श्री श्री ५ विजयविमलगणिशिष्यशिरोमणिपंडित श्री ६ आनंदविजयगणिशिष्यबुद्धिविमलेन लिखितमिदं पुस्तकम्। भद्रं भूयात्। श्रीसंघस्य कल्याणमस्तु। श्रीरस्तु ॥ छ ॥

B:— आ ताडपत्रीय प्रति पाटण संघवीना पाडाना भंडारनी छे. भंडारना नवा लिस्टमां प्रतिनो पुस्तक नंबर $\frac{१६२}{२}$ छे. वडोदराना मुद्रित लिस्टमां आ प्रतिनो नंबर ४० छे (जुओ पृष्ठ ३३). प्रतिनी हालत सुंदर छे. पत्र संख्या २१४ छे. वचमां १९४मुं पत्र नथी. दरेक पत्रना प्रत्येक पृष्ठमां वधारेमां वधारे ६ अने ओछामां ओछी ३ पंक्तिओ लखेली छे. लिपि सुंदर छे; शुद्धि पण उत्तम प्रकारनी छे. प्रतिनी लंबाई, पहोळाई १३॥ × २ ईंच प्रमाणे छे. तेनो प्रान्त भाग नीचे प्रमाणे छे:—

संवत् १३१३ वर्षे चैत्र शुदि ८ रवौ महाराजाधिराज श्री वीसलदेव कल्याणविजयराज्ये तन्नियुक्त श्रीनागड-महामात्ये समस्तव्यापारान् परिपंथयतीत्येवंकाले प्रवर्तमाने प्रह्लादनपुरे -- (तपा?) गच्छे ललितसुंदरगणिन्या-ज्ञानपंचमी पुस्तिका लिखापिता ॥ छ ॥ छ ॥

(नीचेनो भाग सी. डी. दलाले भूलथी नोंध्यो नथी लागतो)

शाखासहस्रमहिते वंशेऽस्मिनो (न्नो) सवालसाधूनाम् ।
आसीद् वीरकनामा वालिणिहृदयाधिदैवतं धीमान् ॥ १ ॥
श्रीमानाम्रकुमारो मारतनुः श्री कुमारनामा च ।
जसडूशालिगसंज्ञौ, तत्तनयाः पूर्णचन्द्र इति पञ्च ॥ २ ॥
भगिनी विनयाचारशालिनी गुणमालिनी । पुण्यश्रीरभवत् तेषामिन्द्रियाणां सुधीरिव ॥ ३ ॥
लाली शालीनविनया श्रीकुमारहृदीश्वरी । असूत सून (नु)मन्यूनवपुषं बहुदाभिधम् ॥ ४ ॥
आम्बो धनाम्बसावथजेसलगुणदावसूतविजयमतिः ।
तद्भार्या स्वथ केल्हीं राजीं च सरस्वतीं ससोमलताम् ॥ ५ ॥
पद्मश्रीरिति निश्छद्मचरिता दुरितोज्झिता । द्वितीया बहुदाकस्य प्रियाऽसूत सुतानिमान् ॥ ६ ॥
वाहडं चाहडं चाम्रदेवसा-(धु ?)लसंज्ञकौ । गांगदेवं तथा जाल्हू, तनयां विनयानताम् ॥ ७ ॥
पद्मश्री-लतां स्वकायवयसां विज्ञाय वाक्यैर्गुरोः, पुण्यश्रीमनिशं समृद्धिमधिकं नेतुं विसर्पन्मतिः ।
न ज्ञा[ना]मृतपानतोऽस्त्यधिकमित्याधाय चित्ते मुहुः, सद्वर्णावलिशालिका लेखितवती यत् पञ्चमीपुस्तकम् ॥ ८ ॥
इदं ललितसुन्दर्यै गणिन्यै गुणशालिनी । सच्चरित्रपवित्रायै, सा ददौ सम्मदोदयात् ॥ ९ ॥

C:— आ ताडपत्रीय प्रति पाटण संघवीना पाडाना भंडारनी छे. नवा लिस्टमां आ पोथीनो अनुक्रमांक $\frac{७०}{१}$ छे. वडोदराना मुद्रित लिस्टमां आ प्रतिनो नंबर २९ छे (जुओ पृष्ठ ३०). प्रतिनी हालत मध्यम छे. पत्रसंख्या २०७ छे. अंतना २०८ मा पत्रनी प्रथम पृष्ठिमां ग्रंथनुं पूर्ण थवुं अने बीजी पृष्ठिना अर्धभागमां नाना अक्षरोथी ग्रंथ लखनार—लखावनारनी प्रशस्ति लखायेली होवानुं ते ज पत्रना नाना अने जीर्ण बे टुकडा उपरथी जाणी शकाय छे. जो के प्रतिनी हालत जोतां अन्त्य पत्र पण अखंड रहेवुं जोइए पण अन्त्य पत्रनी द्वितीय पृष्ठिमां लखायेल प्रशस्तिने कोई उठाउगीरे द्वेषने लीधे घसी नाखवाथी पत्र अत्यंत

पातळुं अने जीर्ण थई गयुं अने परिणामे अत्यारे फक्त बे ज नाना टुकडा मळे छे. ए नाना टुकडानी बीजी बाजु प्रशस्तिना घसेला भागमां थोडाक अस्पष्ट अक्षरो जणाय छे. प्रतिनी लंबाई, पहोळाई १४×२½ इंच प्रमाण छे. प्रतिनी लिपि जोतां B प्रति करतां आ प्रति लगभग एक सो वरस वधु प्राचीन छे तेम अनुमान करी शकाय. आ प्रतिना पाठांतरोमां पाठांतर पछी प्रतिनी संज्ञा C पछी जे स्थळे स्वस्तिकनुं निशान कर्युं छे ते पाठांतर मूळ प्रतिमां लखायेलुं नहि पण प्रतिना पाठने भूंसीने पाछळथी करवामां आवेलुं छे तेम समजवुं.

D:— आ प्रति भावनगरथी मेळववामां आवी हती. तेनी लंबाई, पहोळाई ९·७×४·१ इंच छे अने बन्ने बाजु लखेला कुल्ले पंचावन पृष्ठ छे. बन्ने बाजुए ·९ इंचनो नानो हांसीओ राखवामां आवेल छे. बीजी प्रतिओनी माफक आ प्रतिमां पण हस्ताक्षरोनी क्वचित् क्वचित् विलक्षणता जोवामां आवे छे. प्रति घणी ज सुंदर हालतमां छे अने हस्ताक्षरो A प्रतिनी माफक मोतीना दाणा जेवा शुद्ध अने सुवाच्य छे. आ प्रति मने घणी ज मोडी मळेली तेथी तेनो उपयोग जेवो जोईए तेवो करी शकायो नथी. आ प्रति A प्रतिने घणे मोटे भागे अनुसरनारी छे एटले A प्रतिना पाठांतरोमां मने ज्यां संदिग्धता हती त्यां ज आ प्रतिनो उपयोग करी पाठांतरोनी पसंदगीमां संदिग्धता टाळवा में यथाशक्य यत्न करेलो छे.

पाठांतरो

पाठांतरोनी पसंदगीमां सर्व प्रथम ध्यान छंद उपर आपवामां आव्युं छे. पाठांतर अर्थनी दृष्टिए गमे-तेटलुं बंध बेसतुं होय परंतु तेथी छंदोभंग थतो होय तो तेने जतुं करवामां आव्युं छे अने पादनोंधमां तेने टांकी तेनी नोंध लेवामां आवी छे. पाठांतरो बधाज नोंधवामां आव्या छे. व्याकरण शुद्धिने पण लगभग एटलुं ज प्राधान्य आपवामां आव्युं छे. आ बे दृष्टिओ जे पाठांतर थी संचवाई तेने मूळमां स्वीकारवामां आव्युं छे अने बीजाने पादनोंधमां ते ते प्रतिनी संज्ञा पूर्वमां मूकी जणाववामां आव्या छे. अर्थदृष्टिने त्रीजा प्रकारनुं महत्त्व आपवामां आव्युं छे. जे प्रतिना पाठांतरथी आ त्रणे य दृष्टिओ अव्याहत रही ते पाठांतरने, कोई पण प्रति तरफ मोह राख्या विना, अपनावी लीधुं छे. बधी प्रतिओना पाठांतरो अमुक एक पाठ बाबत संमत होय परंतु मने पोताने अर्थमेळ न लाग्यो तेवा स्थळे में शंकाचिह्न मूकेल छे; अथवा पाठ सूचवी में त्यां आवा ( ) कौंसमां ते पाठ मूक्यो छे. बधी प्रतिओना पाठांतरोने ध्यानमां लीधा पछी पण छंदनी दृष्टिए अक्षर के अक्षरो ज्यां ज्यां मने खूटतां लाग्यां त्यां त्यां आवा [ ] कौंसमां ते ते अक्षरो में केवळ सूचना रूपे बताव्या छे. कोई नवी प्रति मळी आवतां मारा सूचित पाठो खोटां सिद्ध थाय एवी पूरती शक्यता छे. 'य'श्रुतिनी बाबतमां अने 'न' के 'ण'नी बाबतमां प्रतिओना पाठांतरोनी बहुमति उपर ध्यान आपवामां आव्युं छे. ए बे बाबतोमां कोई एक नियम आद्यंत अखत्यार करवामां आव्यो होय एम नथी.

प्राकृतभाषामां लखायेल जैन कथा साहित्यनो टूंक परिचय

प्राकृत भाषामां लखायेला जैन कथा साहित्य विषे एटलुं बधुं कहेवामां आव्युं छे के एना विषे अहिं पुनरुच्चारण करवुं उचित नथी. ए विषे विगतवार, अभ्यासपूर्ण माहिति मेळववा ते विषयना शोखीन जिज्ञासुओए आचार्य जिनविजयजीनो 'कुवलयमाला' नामनो लेख,[९८] सिंघी जैन ग्रंथमाळामां प्रसिद्ध थयेल, स्वसंपादित हरिषेणना 'बृहत् कथाकोश'मांनी प्रो. डॉ. ए. एन. उपाध्येए लखेल विस्तृत प्रस्तावना, प्रो. डॉ. घाटगेनो 'नॅरेटीव लिटरेचर ईन जैन माहाराष्ट्री' नामनो लेख,[९९] तेम ज स्वर्गस्थ मो. द. देसाई कृत 'जैन साहित्यनो संक्षिप्त इतिहास', अने छेल्ले आ बधी माहितिनी पूर्व भूमिकारूप थई पडेल जोहानीस हर्टलनो

९८ वसंत रजत महोत्सव स्मारक ग्रंथ—वि. सं. १९८४, पृ. २५९–२८४.
९९ भां. ओ. री. इ. पूना, एनाल्स, वॉ. १६; भाग १–२; १९३५.

'नॅरटीव लिटरेचर ऑफ धी जैनाझ' शीर्षक लेख तथा हरिभद्र सूरि रचित 'समराइच्च कहा'नो प्रो. डॉ. हर्मान याकोबीनो उपोद्घात जोई जवा खास भलामण छे. आ बधा लखाणोमां एटली सामग्री भरी पडेली छे के एनो अहिंआ पुनरवतार करवो अस्थाने छे अने अनुपयुक्त पण छे. तेथी अहिं ए साहित्य विषे केवळ अंगुलिनिर्देश करीने ज संतोष पकड्यो छे. में नीचे आपेल विगतोनो आधार पण उपर्युक्त साहित्य ज छे..

जैनोनुं कथा साहित्य प्रमाणमां महाकाय छे. प्राकृत, संस्कृत, अपभ्रंश अने गूजराती एम चारेय भाषामां लखाएला सेंकडो जैन कथा ग्रंथो आजे मळी आवेल छे. एमांना घणा खरा ग्रंथो विक्रमीय दसमी सदी पछी बनेला छे. विक्रमीय प्रथम सहस्राब्दिमां रचायेला ग्रंथोनी संख्या दसथी वधारे नथी पण ओछी हशे.

जैन कथा साहित्यना मूळ 'ज्ञाताधर्मकथा' नामना छट्ठा जैन अंगमां मळी आवे छे. जैन कथा-ग्रंथोमां बहु प्राचीन ग्रंथ होय तो ते 'वसुदेवहिंडी' छे. आथी पण जूनुं चंद्रगुप्त मौर्यना गुरु भद्रबाहुरचित 'वसुदेव चरित' छे. परंतु अत्यारे ए उपलब्ध नथी. 'वसुदेवहिंडी' पछी विमल सूरि रचित 'पउमचरिय' आवे छे. आ सूरिए 'हरिवंस चरिय' लख्युं होवानो पण उल्लेख छे जो के ए अत्यारे उपलब्ध नथी. ऐतिहासिक अने काल्पनिक वस्तुओना मिश्रणवाळा 'वासवदत्ता', 'सुमनोत्तरा,' 'उर्वशी', 'भैमरथी,' अने 'नरवाहन दत्त' जेवा अनेक शृंगाररसप्रधान लौकिक कथा ग्रंथो रचाया.

शृंगाररसथी छलबलती अने वर्णनोथी भरपूर कथाओमां पादलिप्त सूरिनी 'तरंगवती कथा' सर्व प्रथम छे. जो के अफसोसनी वात तो ए छे के ए कथारत्न हजु सुधी क्यांय कोईने मळ्युं नथी एटले आपणे तो अनिश्चितसमयी आचार्य वीरभद्र के वीरभद्र शिष्य गणि नेमिचंद्ररचित तेना 'संक्षिप्त सार'थी ज मूळकथानो रसास्वाद करवानो रह्यो. 'तरंगवती'ने कुवलयमालाकारे संकीर्णकथामां खपावी छे.

पादलिप्तसूरिए सर्जेली आ नवीन कथासृष्टिमां पाछळथी वीमी पण संगीन भरती थई. फलस्वरूपे 'मलयवती,' 'नरवाहन दत्त', 'मगधसेना', 'बंधुमती', अने 'सुलोचना' नामक सुंदर कथाओ रचाई. कमनसीबे ए बधी कथाओ कालदोषे के बीजा कोई कारणे लुप्त थई गई अने एमना नामो सिवाय आपणे एमना विषे कशुं जाणता नथी.

'वसुदेवचरिय', 'पउमचरिय', अने 'हरिवंस चरिया'दि पुराण पद्धतिना चरित्र ग्रंथोने कथा वर्गमां न गणीए तो, ते पछी 'धम्मिल्लहिंडी' अने तेनी साथे जोडाएल 'वसुदेवहिंडी' नामनो कथा ग्रंथ आवे छे. ए आठमा सैका पहेलानो छे. तेना पछी हरिभद्रसूरिनी 'समराइच्च कहा' आवे छे. आ कथा कविनी कवित्व-शक्तिनी साक्षात् प्रतिमा छे एटलुं कहेवुं बस थशे. आचार्य हेमचंद्र आ कथाने सकलकथानी कोटिमां मूके छे. अत्रे ए पण जणाववुं जोईए के एमनुं रचायेलुं 'धूर्ताख्यान' पण हवे तो प्रसिद्ध थई गयेल छे.[100] आ पछी उद्योतन सूरिनी 'कुवलयमाला' आवे छे. आ कथा चंपूना ढंगनी छे. रचनाशैलि 'कादंबरी' के 'दमयंती कथा' जेवी छे. काव्यचमत्कृति उत्तम अने भाषा मनोरम छे. विनोदमां कथा लेखके एमां पैशाची अने अपभ्रंश भाषामां पण वर्णनो आप्या छे. आ कथानी उपयोगिता ऐतिहासिक दृष्टिए पण खास महत्त्वनी छे. एनी पछी शीलांकनुं 'महापुरुष चरित', विजयसिंह सूरि रचित 'भुवनसुंदरी कथा', कोई अज्ञातनामा लेखकनुं 'कालकाचार्य कथानक' अने धनेश्वरनुं 'सुरसुंदरी चरिय' आवे छे. ए पछी महेश्वर सूरि रचित आपणो आ प्रस्तुत पर्वकथानो ग्रंथ आवे छे. त्यार बाद कथासाहित्य घणा मोटा प्रमाणमां जैन लेखकोए लख्युं छे; परंतु ए विषे अहिं लखवुं अनावश्यक छे अने अप्रस्तुत छे एटले छोडी दीधुं छे.

---

१०० आ ग्रंथ आचार्य जिनविजयजीए संपादित करी सिंघी जैन ग्रंथमालामां नं. १९ तरीके प्रकाशित

जैन कथा साहित्यना आ विहंगावलोकन पछी एटलुं कहेवुं जरूरी छे के जैन कथालेखकोनुं मूळ ध्येय एक ज हतुं अने ते आध्यात्मिक कल्याण. गमे ते जैन कथा ल्यो. आ ध्येय तेमां स्पष्टपणे प्रतिबिंबित थयेलुं देखाशे. कथा देह गमे ते होय अने गमे तेवो होय परंतु धर्माधर्मनुं, पुण्य-पापनुं फळ बताववानो आशय अने कर्मना अचळ सिद्धांतनी स्थापना माटेनी जैन कथा लेखकनी तालावेली—आ बे मुख्य सिद्धांतो कथानो आत्मा छे. सामान्य लोकवार्ताओने पण जैन कथाकारोए पोताना अवनवा रंगे रंगी छे अने एना उपर पोताना ध्येयनी महोर मारी छे. सामान्य लोकवार्ताना संबंधमां पण आ ध्येय उग्रपणे सिद्ध करवामां आव्यो छे तो पछी खास विशिष्ट वस्तुनो आधार लई, जैन धर्मना मूळ तत्त्वोने प्रतिबोधवाना एक मात्र हेतुने खातर रचवामां आवेली कथा विषे तो कहेवानुं ज शुं? टुंकामां, आ महोरनी विशिष्टता एवी कथाओमां उडीने आंखे चोंटे ए स्वाभाविक ज छे. महेश्वर सूरिनो प्रस्तुत ग्रंथ आ हरोळमां आवे छे. एनी मुख्य नेम ऐहिक अने पारलौकिक सुखनी प्राप्ति करावी आपवानी छे अने ते ज्ञान पंचमी जेवा पुण्य दिवसे जैन धर्मना आराधन द्वारा. कथानो प्रतिपाद्य विषय आ छे; बीजी बधी बाबतो आनुषंगिक छे.

छंद, भाषा अने कवित्व

समग्र ग्रंथमां एक ज छंद वापरवामां आवेल छे अने ते छे गाथा. भाषा माहाराष्ट्री प्राकृत छे. एना उपर क्वचित् अर्धमागधीनी तो क्वचित् अपभ्रंशनी असर पडेली छे. देशी शब्दोनो प्रयोग लेखके करेल छे. जेवां के:—कोड्ड, खुंखुव, फेक्कार, खत्य, खेड्ड, घग्घर, घल्ल, चुक्क, चुल्ली, छड्ड, छुट्ट, छोड्ड, छोल्ल, झाड, डोल्ल, तुट्ट, तोड, धाडी, निच्छोल, पुक्कार, पोट्टल, फेड, फिट्ट, अने मोक्कल वगेरे वगेरे. लेखकनी शैलि घणी ज हृदयंगम, सरल, अने प्रासादिक छे. एनुं मुख्य लक्षण अनायास छे. शब्द प्रवाह सीधे सीधो, अस्खलितपणे लेखकना हृदयमांथी जाणे के न वहेतो होय एम लागे छे. अर्थ पकडी पाडवामां मुसीबतनो अनुभव ज़राय करवो पडतो नथी. शब्दाडंबर क्यांय नथी जणातो. शैलि कोई पण स्थळे खडबचडी नथी जणाती. हृदयंगमता, प्रासादिकता, सरलता, सुबोधता, वगेरे वगेरे लेखकनी शैलिना गुणो छे. श्लेषनो उपयोग लेखके स्थळे स्थळे सफळताथी कर्यो छे. काव्यचमत्कृति लेखकने सिद्ध हती. तेना नमूना माटे जुओ खास करीने प्रथम कथानकनी ४१९मी, ४८८थी ४९२मी, आठमा कथानकनी १२०मी अने दसमा कथानकनी २९७–२९८मी गाथाओ.

आभार दर्शन

आ ग्रंथना संपादनमां मारा विद्यागुरु भारतीय विद्याभवनना ऑन. डिरेक्टर आचार्यश्री जिनविजयजीए मने प्रतियो मेळवी आपीने, जे गाथाओनो अर्थ मने बेसतो नो'तो ते समजावीने, संपादननी आंटी-घुंटीना उकेलमां यथोचित मदद आपीने, तेमज प्रस्तावनानी माहिति मेळववामां उपयोगी थाय एवुं साहित्य सूचवी अने मेळवी आपीने मने जे अमर्याद सहाय आपी छे ते माटे हुं तेमनो परम ऋणी छुं.

भारतीय विद्या भवन
मुंबई
माघ पूर्णिमा, सं. २००४

अमृतलाल सबचंद गोपाणी.

सिरीमहेसरसूरिविरइयाओ

नाणपंचमीकहाओ ।

卐

॥ ॐ नमो वीतरागाय[1] ॥

पंचेंदियं[2]निरवेक्खं पंचनमोक्कारहेउयं तह य । पंचमगइसाहणयं पंचमनाणं नमंसेउं ॥ १

दुविहाएँ[3] पंचमीए कालं पुरिसं विहाण-गहणं च । उज्जवणं फलभावं गाहाहिँ म हे स रो भणइ ॥ २

सक्कयकव्वस्सत्थं जेण न जाणंति[4] मंदबुद्धीया । सव्वाण वि सुहबोहं तेण इमं[5] पाइयं रइयं ॥ ३

गूढत्थदेसिरहियं सुललियवन्नेहिँ[6] गंथियं रम्मं । पाइयकव्वं लोए कस्स न हियियं सुहावेइ ? ॥ ४

परउवयाररएणं[7] भासा सा होइ एत्थ भणियव्वा । जायइ जीएँ[8] विबोहो सव्वाण वि बालमाईणं ॥ ५

पंचवरिसेहिँ जेट्ठा पंचहिँ मासेहिँ लहुइया होइ । एवइयकालमाणा होइ अखंडा य[9] कायव्वा ॥ ६

जइ कह वि असामत्थं होइ सरीरस्स दिव्वजोएणं[10] । ता उत्तरकालं पि हु पूरिज्जा असढभावो[11] उ ॥ ७

खलिओ वि जहा सुहडो पुणरवि वलिऊण पावइ जसोहं । तह नियमं पूरिंतो[12] जीवो सुहभायणं होइ ॥ ८

एगंतेणं जेणं चउत्थवयपालणं दढं भणियं । तेण जहासत्तीए सेसं खलु होइ कायव्वं ॥ ९

जइ होज्जा[13] असमत्थो काऊणं जेट्ठपंचमिं को वि[14] । सो इयरिं पि करेज्जा तीए वि फलं जओ[15] तुल्लं ॥ १०

लहुईयं[16] वि किरियाए सोक्खं खलु होइ असढभावस्स । विसमविसेणं[17] मरंतं किन्नवि रक्खेइ अमयंसो ? ॥ ११

कित्तीएँ[18] मच्छरेण यं[19] पूयनिमित्तं च चित्तपीडाए । उग्गं पि तवं चिन्नं दोग्गइगमणं पसाहेइ[20] ॥ १२

पुरिसो वा इत्थी वा नाऊणं नियदेहसामत्थं । संमत्त-नाणकलिओ माणाई[21]विवज्जिओ धीरो ॥ १३

गंतूण जिणिंदघरं काऊणं तस्स विविहपूयं च । ठविऊण पोत्थयवरं सुहतंदुलसत्थियं कुज्जा ॥ १४

घयपरिपुन्नं[22] काउं पंचहिँ वट्टीहिँ दीवयं तह य । फल-पुप्फ-वत्थ-गंधाइएहिँ परिपूयणं करिय ॥ १५

लहुईएँ[23] पंचमीए गहण-विहाणं इमं तुं[24] विन्नेयं । एयं चिय पंचगुणं इयरीए होइ कायव्वं ॥ १६

तत्तो गुरूण पुरओ गहिऊणं पंचमीएँ उववासं । सुद्धे पक्खम्मि सुहे सव्वाण वि कम्ममासाणं ॥ १७

मग्गसिरे तह माहे फग्गुण-वइसाह-जेट्ठ-आसाढा । एए कंमियमासा सेसा य अकम्मिया मासा ॥ १८

उववासो य अकम्मो अहव करेज्जा उ थोवमणवज्जं । ण्हाणं खरस्स इयरह छारेणं[25] य लो[illegible] जाण ॥ १९

अह पुन्नाएँ[26] ताए नियविहवं भाविऊण हियएणं । हीणो-त्तम-मज्झिमयं उज्जवणं[27] होइ कायव्वं ॥ २०

पंचण्हं पोत्थाणं[28] काऊण लिहावणं च सत्तीए । पच्छा जिणवरबिंबे[29] ण्हवणाई[illegible] [illegible] काउं ॥ २१

ठविऊण पोत्थयाइं काऊण विलेवणं च वन्नेहिं । कयपुप्फाइविहाणो देइ [illegible] पंचेहिं ॥ २२

अह पंचहिँ हारेहिँ[1] पंचहिँ रयणेहिँ तह विभूसेउं[2] । संघस्स कुणइ पूयं[3] जहसत्तीए महासत्तो ॥ २३
संघो महाणुभावो नाणाइतियस्स जेण आहारो । पूइज्जंते तम्मि उ नाणाई पूइयं होइ ॥ २४
तह उवयारपरो वि हु संघो जीवस्स होइ भव्वस्स । वच्छल्लं अणुसट्ठिं उववूहणमाइ कुणमाणो ॥ २५
